અથ શ્રી

પ્રેમાનંદ કૃત.

ઓખાહરણ.

(કડવાં ૯૨)

છાપી પ્રસિદ્ધ કરનાર.
હરિભાઇ દલપતરામ પટેલ.
ઠે. શાહાપુર—અમદાવાદ.

સોલ એજન્ટ:—
હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.
ઠે. પાનકોર નાકા—અમદાવાદ.

આવૃત્તિ ૭ મી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૬. સને ૧૯૨૦

અમદાવાદ—શાહાપુર વનમાળી વાંકાની પોળમાં પ્રસિદ્ધકર્તાએ
પોતાના " અભ્યુદય " પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

કીંમત રૂ. ૦-૮-૦

શ્રી ગણેશાયનમ:

ઓખાહરણ.

શ્રી ગણુપતિની પ્રાર્થના.

રાગ આશાવરી—એક નામ મુજને સાંભરચું, શ્રી ગૌરીપુત્ર ગણેશ; પાર્વતીના અંગથી ઉપન્યો, તાત તણો ઉપદેશ. ૧ માતા જેની પાર્વતી ને, પિતા શંકર દેવ; નવ ખંડમાં જેની સ્થાપના, કરે જુગ ભુતળ સેવ. ૨ સીંદુરે શણગાર સજ્યા ને, કંઠે પુષ્પના હાર; આયુદ્ધ ફરસી કર ધરીને, હણ્યા અસુર અપાર. ૩ પેહેલા કરમાં જળ કમંડળ, બીજે મોદિક અહાર; ત્રિજા કરમાં ફરશી સોહીએ, ચોથેરે જપમાળ. ૪ ચાલો સૈયરો દેરે જઈયે, પુજીયે ગણપતિરાય; મોટા લીજે મોદિક લાડુ, લાગીયે શંભુ-સુતને પાય. ૫ એવા દેવ સાચા મુની વાચા, પુરે મનની આશ; બેઉ કરજોડી કહે જન વૈશ્નવ, દાસ તણો જે દાસ. ૬

શ્રી અંબાજીની પ્રાર્થના.

કડવું ૧ લું.

આદ્ય શક્તિ મા અંબા પ્રગટયાં, જ્યાં પવન નહીં પાણી; સુરીનર મુનીજન સર્વે કળાણા, તું કોણે ન કળાણી. ૧ તારૂં વર્ણન કેઈ પેર કરીએ, જો મુખ રસના એક; સહસ્ત્ર ફેણા શેષનાગને, મા તોયે ન પામ્યો શેખ. ૨ જુજવાં રૂપ ધરે જુગદંબા, રહિ નવ ખંડે વાપી; મહા મોટા જડ મુઢ હતા મા, તેમની દુરમત કાપી. ૩ ભક્તિ ભાવ કરી ચરણે લાગે, મા આ-

ચુંરે; મહા તપિઓ કેમ નવ બોલેરે, એના તપથી ત્રીભુવન ડોલેરે. ૩ વળતી બોલીયા શંકર રાયરે, તમે સાંભળો ઉમીયાયરે; એક અસુર મહા તપ સાધેરે, મારૂં ધ્યાન ધરીને આરાધેરે. ૪ કોણ કહીયે જેનો બાપરે, તે તો માંડી બેઠો મહા જાપરે; તમે કહોતો એને વરદાન આપુરે, કહોતો પુત્ર કરીને થાપુરે. ૫ વળતાં બોલ્યાં રૂદ્રાણીરે, મારી વાત સુણો શુલપાણીરે; દુધ પાઈને ઉછેરીયે સાપરે, આગળ ઉપજાવે સંતાપરે. ૬ ભેદ ભસ્માંગદનો લહોરે, વરદાન પામીને પુંઠળ થયોરે; વરદાન રાવણને તમે આપ્યાંરે, તેણે જાનકીનાથ સંતાપ્યારે. ૭ માટે શી શીખામણ દીજેરે, ભોળા રૂડું ગમે તે કીજેરે; વળતા બોલ્યા શીવરાયરે, તમે સાંભળો ઉમીયાયરે. ૮ સેવા કરી ચઢાવે જળરે, તેની કાયા કરૂ નિરમળરે; સેવા કરી ચઢાવે સુગંધરે, તેની બુદ્ધિ કરૂ ધન ધનરે. ૯ જે કોઈ ચઢાવે બીલીપત્રરે, તેને ધરાવું સોનાનું છત્રરે; સેવા કરી વગાડે ગાલરે, તેને કરી નાંખું ન્યાલરે. ૧૦ નારી પાનિયે બુદ્ધિ તમારીરે, આપતાં નવ રાખીયે વારીરે; હુંતો ભોળોનાથ કહેવાઉં રે, હવે કપટીનાથ કેમ થાઉં રે. ૧૧ એવું કહીને ચાલ્યા ભોળાનાથરે, મુકયો બાણાસુર શીર હાથરે; તુંતો જાગ્ય બાણાસુર રાયરે, તને વરદાન આપે શીવરાયરે. ૧૨ હું તો જાગું છું મહારાજરે, આપો શોણીતપુરનું રાજરે; શીવ માગું છું વારંવારરે, મુને આપો કર હજારરે. ૧૩ કર એકેકો એવો કીજેરે, દશ સહસ્ર હસ્તી તણું બળ દીજેરે; અસ્તુ કહીને શિવે વર આપ્યોરે, બાણાસુરને પુત્ર કરીને સ્થાપ્યોરે. ૧૪

કડવું ૪ થું.

રાગ આશાવરી—વરદાન પામી વળીયો બાણાસુર, શોણીત-પુરમાં જાય; વનનાં વાસી પશુરે પંખી, તે લાગ્યાં બ્હીવાય. ૧ કાંઈ નવ દીઠું સાંભળ્યું, જેમ વૃક્ષ ચાલ્યું જાય; આવીને જોવા લાગ્યા સર્વે, દીઠો બાણાસુર રાય. ૨ નગર સમીપે ચાલી આવ્યો, બાણાસુર બળવાન; કૌભાંડ નામે રાય તણે ઘેર, પ્રગટ થયો પ્રધાન. ૩ કોઈક દેશની કન્યા લાવી, પરણાવ્યો રાજન; દેશ જીતવા સંચર્યો, રાય બાણાસુર બળવંત. ૪ પાતાળે નાગલોક જીતી, ચાલ્યો તેણીવાર; દેશ દેશના મહીપતી જીત્યો, કેહેતાં ન આવે પાર. ૫ સ્વર્ગે જઈને દેવજીત્યા, દેવ નાઠા જાય; સૂરજે વળતી સાંગ આપી, બાણ તણા કરમાંય. ૬ જીતી સુરને પાછો વળીયો, મળીયા નારદ મુન; પ્રણામ કરીને પાયે લાગ્યો, તેણે સમે રાજન. ૭ ઓ નારદજી ઓ નારદજી, ના થયું મારૂં કામ; એક જોધ્ધો ન મળ્યો સ્વામી, પહોંચે મનની હામ. ૮ નારદ વાણી બોલીયા, તું સુણ બણાસુર રાય; જેણે તુજને હાથ આપ્યા, તે શીવશું કર સંગ્રામ. ૯

કડવું ૫ મું.

રાગ ઢાળ—કૈલાશ પર્વત જઈ રાજાએ, ભલી ભરાવી બાથ; જળમાંહીજેમ નાવડોલે, એમ ડોલેગીરીનાથ. ૧ ટોપ કવચને ગદા ફરશી, કડકડાટ બહુ થાય; તેણે સમે ઉમીયાજી મનમાં, લાગ્યાંરે બ્હીવાય. ૨ જઈને શંકરને ચરણે નમીયાં, અહો અહો શીવરાય; શાને કાજે બીહો પાર્વતી, આવ્યો બાણાસુર રાય. ૩ શોણીત-

પુરનું રાજ્ય આપ્યું, ઉપર કર હજાર; વળી માગવા શું આવ્યો છે, અંધ તણો કુમાર. ૪ સહસ્ત્ર હાથ તો મુજને આપ્યા, તે તો સ્વામી સત્ય; એક યોધ્યો મુજને આપો, યુદ્ધ કરવા સમર્થ. ૫ આવો શીવ આપણુ બે વઢીયે, આપ આવ્યા મારી નજરે; ફટ ભુંડા તું એ શું બોલ્યો, ખોટી હઠ આ તજરે. ૬

કડવું ૬ ઠું.

રાગ ઢાળ—તે તો તારે વણ કહે મેં, ઉપજાવ્યો છે એક; જે કર છેદન કરી તારાને, કરશે કડકા અનેક. ૧ તેતો સ્વામી કેમ હું જાણું, ચિંતા મુજને થાય; લે બાણાસુર લેજા તુને, આપુ એક ધ્વજાય. ૨ જ્યારે ધ્વજા આ ભાગી પડશે,ત્યારે કર તારા છેદાશે; રૂધીર તણો વરસાદ વરસશે, તારા નગર ને વિષે. ૩ ત્યારે તું એમ જાણજે, રીપુ ઉત્પન થયો સાર; વરદાન પામી વળિયો બાણાસુર, શોણીતપુરમાં જાય. ૪ એક સમે મહાદેવ કહે, મારે તપ કરવાનું મન; તેણે સમે ઉમીયાએ માડયું, અતિ ઘણું રૂદન. ૫ અહો શીવજી અહો શીવજી, જનમારો કેમ જાય; મારે નથી એક બાળક તે, કહો વલે શી થાય. ૬ મહારૂદ્ર વાણી બોલીયા, લે આ મારૂં વરદાન; એક પુત્રને એકજ પુત્રી, ઉપજાવજે સંતાન. ૭ વરદાન આપી મહાદેવજી, વન તપ કરવાને જાય; ઉમીયાજી નહાવાને બેઠાં, વિચાર્યું મનમાંય. ૮ શિવનાં ઘર મોટાં જાણીને, રખે આવતું કોય; બે બાળક મેહેલું બારણે તે, બેઠાં બેઠાં જોય. ૯ દક્ષિણ અંગથી મેલ લઈને, અઘડ ઘડિયું રૂપ; હાથ ચરણ ને ઘુંટણ પાની, ટુંકુ અંગ સ્વરૂપ. ૧૦ ચતુ-

ભૂંજ ને ફાંદ મોટી, દીસે પર્મ વિશાળ; શોભા તેની શી કહું, કંઠે ઘુઘરમાળ. ૧૧ પેહેલા કરમાં જળ કમંડળ, બીજે મોદીક આહાર; ત્રીજા કરમાં ફરસી સોહીયે, ચોથેરે જપમાળ. ૧૨ ગણેશને ઊપજાવીને, બોલ્યાં પાર્વતી માત; એની પાસે જોડ હોય તો, કરે તે બેઠાં વાત. ૧૩ વામ અંગથી મેલ લઈને, ઘડીયું કન્યારૂપ; શોભા તેની શી કહું, શુકદેવ કહે સુણ ભુપ. ૧૪ સેંથો ટીલડી રાખડી, અંબોડા વાંકી મોડ; કંઠ કપોળને કામની, તેડે મોડા મોડ. ૧૫ કોથળી કુલડી વેલણ ડાબલ્લા, રમત નાની ભાત; કુંકુપડો નાડાછડી તે, આપ્યો લઈને હાથ. ૧૬ વલણ—પરીક્ષતને શુકદેવ કહે, કુંવરી કન્યા જેહરે; ઘર સાચવવાને બાળકો, બે પ્રકટાવ્યાં તેહરે.

કડવું ૭ મું.

રાગ ઢાળ—દેવી ન્હાવણ કરવા બેઠાં, નારદ આવ્યા ત્યાંય; બાળક બે જોઈને નાઠા, ગયા શીવ છે જયાંય. ૧ નારદ ચાલી આવીયા, મધુવન તતખેવ; ઓરે શીવજી ઓરે શીવજી, નફટ ભુંડી ટેવ. ૨ વન વગડામાં ભમતા હીંડો, માથે ઘાલો ધુળ; આક ધંતુરો વિજીયા ચાવો, કરમાં લ્યો ત્રિશુળ. ૩ તમેરે વનમાં તપ કરોને, ઘેર ચાલ્યું ઘરસુત્ર; તમો વિના તો ઉમીયાજીએ, ઊપજાવ્યા છે પુત્ર. ૪ મહાદેવ ત્યાંથી પરવર્યા, કૈલાશ જોવા જાય; ગણપતી વાણી બોલિયા, આડી ધરી જેષ્ટીકાય. ૫ અલ્યા જટિલ જોગી ભસ્મ અંગે, દિસંતો અદભુત; આજ્ઞા વિના અધીકાર નહીં, હોય પૃથ્વીનો જો ભુપ. ૬ વચન એવું

સાંભળીને, કોપીયા શીવરાય; લાતો ગડદા પાટુ મુકી, આવ્યા ઘરની માંય. ૭ ગણુપતીનો ગડદો પડે, બ્રહ્માંડ ભાગી જાય; ત્રિલોક તો ખળભળવા લાગ્યું, આતે શું કહેવાય. ૮ ત્યારે શીવજી કોપીયાને, ચડી મનમાં રીસ; કોપ કરીને ત્રિશુળ મેલ્યું, છેદયું ગણુપતીનું શીશ. ૯ માગશર વદી ચોથ્યને દહાડે, પુત્ર માર્યો તર્ત; તે દહાડેથી ચાલ્યું આવ્યું, ગણેશ ચોથનું વ્રત. ૧૦ તે મસ્તક તો જઈને પડીયું, ચંદ્રના રથમાંય; તેથી ચતુર્થીને દીવશે, ચંદ્ર પુજન થાય. ૧૧ એવે શીવજી ઘરમાં આવ્યા, જયાં ઉમીયાજી નાહાય; ઓખા બેઠીતી બારણે તે, નાશી ગઈ ઘરમાંય. ૧૨ લવણ કોટડીમાં જઈને પેઠી, મનમાં વાત વિચારી; ભાઈના કટકા કીધા માટે, મુજને નાંખશે મારી. ૧૩ મહાદેવજી ઘરમાં ગયાને, ઝબકયાં ઉમયા મન; નેત્ર ઉઘાડી નિરખીયું, ત્યારે દીઠા પંચવદન. ૧૪ વસ્ત્ર પેહેરી ઉમિયા કહે છે, કેમ આવ્યા મહાદેવ; આક ભાંગ ધંતુરો ચાવો, નફટ ભુંડી ટેવ. ૧૫ નાહાતાં ઉપર શું દોડયા આવો, સમજો નહીં મનમાંહે; બે બાળક મેલ્યાં બારણે, કેમ આવ્યા મંદીર માંહે. ૧૬ છાની રહે તું પાપણી, મેં જોયું પારખું બધું; આટલા દહાડા સતિ જાણતો, પણ સરવ લુંટી ખાધું. ૧૭ મુજ વિના તેં તો પ્રજા કીધી, એવું તારૂં કામ; પારવતીજી તમે રાખ્યું, હિમાચળનું નામ. ૧૮ વચન એવું સાંભળીને, ઉમીયાને ઉઠી જવાળ; કાલે તમો કહી ગયા હતા, જે પ્રગટ કરજો બાળ. ૧૯ ત્યારે શંકરે નીચું જોયું, મનમાં વાત વિચારી; તારી પુત્રી તો

નાશી ગઈ, તારા પુત્રને આવ્યો મારી. ૨૦

કડવું ૮ મું.

સાખી—વારી વિના ઝુરે વેલડી, વાછરૂ વિના ઝુરે ગાય; બાંધવ વિના ઝુરે બેનડી, પુત્ર વિના ઝુરે માય. ૧ પુત્ર ધાન્ય ને પુત્ર ધન, પુત્રજ આગેવાન; જે ઘેર પુત્ર ન નિપજયો, તેનાં સુનાં બળે મશાણ ૨ પુત્ર વિના શિવ મારે પાંજરૂ, વન ઉભે અગ્નિ બળીશ; શિવ શાથી માર્યો ગણપતિ, મ્હારો પુત્ર કયાંથી મળીશ. ૩ રાગ વિલાપનો વલણ—બોલો હો બાળારે હો ગણપત, બોલો હો બાળા. ટેક. ઉમિયાજી કરે છે રૂદન, હો ગણપત; શિવ શાને માર્યો મારો તન, હો ગણપત. ૧ શિવ પુત્ર વિના જે છે માય, હો ગણપત; તેની સંપતિ પરઘેર જાય, હો ગણપત ૨ શિવ પુત્ર વિનાની માય, હો ગણપત; તે તરણાથી હળવી થાય, હો ગણપત. ૩ ત્યારે શિવને આવ્યું છે જ્ઞાન, હો ગણપત; મેંતો આપ્યું હતું વરદાન, હો ગણપત. ૪ પેલા નારદીઆનું કામ, હો ગણપત; જુઠાબોલો છે એનું નામ, હો ગણપત. ૫ એણે વાત કરી સરવ જુઠી, હો ગણપત; હુંતો તપથી આવ્યો ઉઠી, હો ગણપત. ૬ મેંતો માર્યો તમારો તન, હો ગણપત; આજ ઉગ્યો શો ભુંડો દન, હો ગણપત. ૭

રાગ આશાવરી—નંદી ભૃંગી મોકલ્યા તે, પેહેલી પોળે જાય; હસ્તી એક મળ્યો મારગમાં, તે શિર કીધો ઘાય. ૧ તે ગજનું મુસ્તક લાવીને, ધડ ઉપર મેલ્યું નેટ; ગડગડીને હેઠે બેઠું, આગળ નિકળ્યું પેટ. ૨ કાળા એના કુંભસ્થળ, વરવા એના

દાંત; આગળ એને સુંઢ મોટી, લાંબા પહોળા કાન. ૩ દેવમાં જાશે શું પોસાશે, અપાર મુજને દુ:ખ; દેવતા સર્વે મેણાં દેશે, ધન પાર્વતીની કુખ.

કડવું ૯ મું.

સાખી—રૂપ ગુણને વાદ પડયા, ચાલ્યા રાજદ્વાર; ગુણને આપ્યાં બેસણાં, રૂપને કર્યો જુહાર. ૧ રૂપ તો આપ્યાં શીવે નાગરાં, કોઈ જોગી અબધુત; ચતુરાઈ દીધી જે ચારણાં, વળી કોઈ કોઈ રજપૂત. ૨ પુન્ય વિના ધન કયા કામકા, કયા કામકા ઉદક વિણ કુંભ; એ દો વસ્તુ કછુ ન કામકી, જેમ ગુણ વિના રૂપ. ૩ સ્વરૂપ દિયો શિવ ચાતુરી, નિકર રૂપ તારૂ પાછુ લે; રૂપ ગુણ ચતુરાઈ નહીં, એતો દુ:ખ માં દે. ૪ માયા દીની તેં સોમકુ, મુરખ ઘર દીની નાર; લોચન દીયે કુકડકું, જાય બેસે ઉંડી ઝાડ. ૫

કડવું ૧૦ મું.

(રાગ મારૂ)—પંથી જ્યારે ચાલે ગામ, પેહેલું લે ગણપતિનું નામ; કથા ગ્રંથ આરંભે જેહ, પ્રથમ ગણપતિ સમરે તેહ. ૧ શોભાગ્યવંતી શણગાર ધરે, ગણપતી કેરૂ સ્મરણ કરે; સોની સમરે ઘડતાં ઘાટ, પંથી સમરે જાતાં વાટ. ૨ પંચવદન ના દેહરા માંય, પહેલી પુજા ગણપતની થાય; એ વિના મુજને પુજે તો, સર્વે મિથ્યા થાય. ૩ ઉથલો—શાને કાજે રૂવે પાર્વતી, શાને લોચન ચોળે; જેને ઘેર વીવાહ વાજન હશે, ત્યાં બેસાશે બીને ગોળેરે. ૪

કડવું ૧૧ મું.

રાગ ઢાળ—ઓખા ઓખા કહી ઉમીયાએ, સાદ કર્યા બે ચાર; ત્યારે ઓખા આવી ઉભી, નિસરીને ઓરડી બહાર. ૧ ભાઈ મરાવી ભામની, તું તો નાસી ગઈ; મહાદેવે ગણપતીને માર્યો, તે શુદ્ધ મને નવ કહી. ૨ તે માટે તારૂં અંગ ગળજો, લુણે ખેજો કાય; જા દૈત્યના કુળમાં અવતરજે, એણી પેર બોલ્યાં માય. ૩ ઓખાબાઈ તો થરથર ધ્રુજયાં, એતો વાત અટંટ; અપરાધ પાખે માતા મારી, આવડો શો દંડ. ૪ ઉમીયા કહે મેં શ્રાપ દીધો, તે કેમ મિથ્યા થાય; દૈત્ય કુળમાં અવતરજે, દેવ વરી કોઈ જાય. ૫ ચૈત્રના એનારકમાં, બાઈ તાહરોરે મહીમાય; ઓખાહરણ જે સાંભળે, મહા રોગથકી મુકાય. ૬ ચૈત્રમાસના ત્રિસ દહાડા, અન્ન અલુણું ખાય; ત્રીસ નહીં તો વળી પાંચ દહાડા, પાછલ્યા કેહેવાય. ૭ પાંચ દિવસ જો નવ પળે તો, ત્રણ દિવસ વિશેક, ત્રણ દિવસ નવ થાય તો, કરવો દિવસ એક. ૮ એ પ્રકારે વ્રત કરવું, સમગ્ર સ્રીજન; અલવણ ખાએ ને અવની સુવે, વળી એક ઊજવળ અન્ન. ૯ દેહ રક્ષણદાન કરવું,લવણ કેરૂં જેહ: પાર્વતી કહે પુત્રીને, શોભાગ્ય ભોગવે તેહ. ૧૦ વૈશાખ સુદી તૃતિયાને દીન, તું આવજે મુજ પાસ; મોર્ચ કરીને પુત્રી તાહારી, પુરીશ મનની આશ. ૧૧ શુકદેવ કહે રાજા સુણો, અહીં થયો એહ પ્રકાર; હવે બાણાસુરની શી ગત થઈ, તેનો કહું વિસ્તાર. ૧૨ વલણ—કહું સકળ વિસ્તાર એનો, સુણો રાજા નીરધારરે; હવે બાણાસુર ત્યાં રાજ

કરતો, શ્રોણિતપુર મોઝારરે. ૧૩

કડવું ૧૨ મું.

રાગ રામગ્રીની ચાલ—રાય બાણાસુરને બારણે, વાળવા આવીરે ચંડાળ; નીત્ય પ્રત્યે રજ વાળતી, કર્યું ઝાક ઝમાળ. બાણાસુરને બારણે. ૧ રાય મેહેડિયેથી હેઠો ઉતર્યો, થયો પ્રાતઃકાળ; મુખ આગળ આડી ધરી, સાવરણી તે સાર. બાણાસુર. ૨ રાય બાણાસુર વળતી વદે, મનમાં પામી દુઃખ, મુજને દેખી કેમ ફેરવ્યું, અલી તારૂંરે મુખ. બાણાસુર. ૩ ત્યારે ચંડાળણી વળતી વદે, સાંભળીયે રાય; તમો ઉંચ અમો નીચછું, મુખ કેમ દેખાડાય. બાણાસુર. ૪ ત્યારે બ.ણાસુર વળતો વદે, સાંભળરે રંડાય; સાચુરે બોલને કામની, કરૂં બે કડકાય. બાણાસુર. ૫ ત્યારે ચંડાળણી વળતી વદે, સાંભળો રાજન; સાચુ બોલુ જેવો ઘટે, તેવો દેજો ડંડ. બાણાસુર. ૬ પ્રાતઃકાળે જોઈએ નહીં, વાંઝીયાનું વદન; તમારે કાંઈ છોરૂં નથી, સાંભળો હો રાજન. બાણાસુરને. ૭

કડવું ૧૩ મું.

રાગ આશાવરી——ચંડાળ તો કાંઈ એક નથી, રાય દશ વિધના કહેવાય; પહેલો ચંડાળ જેને કહીયે, નદી ઉતરી નવ નાહાય. ૧ બીજો ચંડાળ જેને કહીયે, પુત્રીનું ધન ખાય; ત્રીજો ચંડાળ જેને કહીયે; દુભે માત પિતાય. ૨ ચોથો ચંડાળ જેને કહીએ, હરે પારકી નાર; પાંચમો ચંડાળ જેને કહીયે, પરદારાશું ખાય. ૩ છઠો ચંડાળ કોને કહીયે, હરે પારકું ધન; સા-

તમો ચંડાળ કોને કહીએ, જેનું મેલું મન. ૪ આઠમો ચંડાળ કોને કહીએ, કરમાયુ વદન; નવમો ચંડાળ કોને કહીયે, નહીં તનયા કે તન. ૫

કડવું ૧૪ મું.

રાગ આશાવરી.——બળિયોરે બાણાસુર રાય, પુત્ર માગવાને જાય; મહાદેવજીની પાસે આવી, બેઠો તપ કરવાય. ૧ હજાર હાથે તાળી પાડી, તવ રીઝયા શ્રીમહાદેવ; આપોને આપો શિવજી, પુત્ર એક તત્ખેવ. ૨ ચીત્રકોપ લહિયા તેડાવ્યા, કર્મતણા જોનાર; પુર્વે રાજા તુંતો કહાવે, વૈશ્ય તણો અવતાર. ૩ તારે પેટે એકજ હતો, લાડકવાયો બાળ; ભોજન કરવા તું બેઠો તે, સાંભળને ભુપાળ. ૪ તુજમાં તે જમવાને આવ્યો, વેગે તારો બાળ; માટીવાળા હાથ ખરડેલા, બાળકના હતા તે વાર. ૫ ત્યારે તુજને સંખ્યા આવી, હાંકી કાઢયો બાળ; બાળક ત્યારે થરથર ધ્રુજયો, સાંભળને ભુપાળ. ૬ બાળકને તો રીસ ચઢીને, નવ ગણ્યો કાંઈ તાત; તુજને પુત્ર વ્હાલો નથી, તું વાઝીયો જન્મ સાતરે. ૭

કડવું ૧૫ મું.

રાગ ઢાળ——ઉમયા વાણી બોલીયાં, તું સુણ બાણાસુર રાય; તારા મનમાં જો ગમે, તને આપું એક કન્યાય. ૧ ત્યારે બાણાસુર કહે પુત્રી મારે, કે'ટીક પુત્ર સમાન; મુજને ટાળે વાંઝીયો, આપો એ વરદાન. ૨ કોઈક દેશનો રાજા જોઈશ, રાખશે મારૂ નામ; પોષ માસથી પુરણ માસે, પુરણ થશે મન-

કામ. ૩ વર પામી વળીયો બાણાસુર, શ્રોણીત પુરમાં જાય; બાણુમતીને ગર્ભ રહ્યો છે, તેનો કહુ મહીમાય. ૪ પોષ માસથી પુરણુ માસે, પ્રગટ થઈ કન્યાય;વધામણીઆ પરવરયા તે, રાજસભામાં જાય. ૫ શાણા જોશી તેડીઆ, તેની જન્મ પત્રિકા થાય; વિદ્યા બળ કરી ગુરૂજી બોલ્યા, પોતે તેણીવાર. ૬ પેહેલી ઉમયાજીના અંગથી, પ્રગટી છે કન્યાય; તેને નામે શશી જોઈને, નામ ધરો ઓખાય. ૭ ગ્રહ વેળા શુભ લગનમાં, સંતાન પ્રગટી સાર; એથી તારા હાથનો, વેગે ઉતરસે ભાર. ૮ ત્યારે આકાશ વાણી એવી થઈ, તું સાંભળ નૃપ નીરધાર; એ પુત્રી ઈચ્છા વરને વરશે, કો કારણ રૂપ કુમાર. ૯ જયારે પુત્રી પરણશે, વરતશે હાહાકાર; ભાર ઉતારશે તુજ હાથનો, તુજ જમાત્ર તેણીવાર. ૧૦ તે માટે તેડી પરધાન, એણીપેરે પુછેછે રાજન; દેવ વચન મીથ્યા નવ થાય, તે માટે કરવો ઉપાય. ૧૧ રચો માળિયાં સુંદર સાર, તે માટે કરો ઉપાય; ઓખા અને ચિત્રલેહાને, મેલો મંદીર માળિયાં માંયરે. ૧૨

કડવું ૧૬ મું.

રાગ ધનાશ્રી—પરીક્ષતે પ્રશ્ન કરયું વિચારીજી, કહો કેમ પ્રગટ થઈ બેઉ નારીજી; ઓખા ને ચિત્રલેહા કેમ ધરયાં નાંમજી, કેઈ વિધીયે આવ્યાં અસુરને ધામજી. ૧ (ઢાળ.) ધામ આવ્યાં અસુરને, તેણે કામ સો દેવનાં કર્યાં; મુને વિસ્તારીને વરણવો, કેવી રીતીએ અવતર્યાં. ૧ શુકદેવ કહે સુણ પરિક્ષત, અભિમન્યુ કુમાર; પ્રશ્ન તેં પુછયું મને, તેનો સાંદેહ ભાંગુ ની-

રધાર. ૨ એકવાર દેવ પાતાળ નાઠા, બાણાસુરના તાપથી; ત્યારે વરૂણ કેરા જગનમાં, કન્યા પ્રગટી આપથી. ૩ કન્યા કહે કેમ પ્રગટ કીધી, કહો અમ સરખું કામ; ત્યારે દેવ કહે દૈત્યદુઃખ દેછે, બાણાસુર જેનું નામ. ૪ કન્યા કહે દુઃખ કાં ધરો, બાણાસુર આવશે પાતાળ; એના પીતાના ચરણ પુજવા, નીત્ય જાય છે પાતાળ. ૫ ત્યારે મને પુત્રી કરીને સોંપજો, હું જઈશ એને ઘેર; સાંકડી સગાઈએ સુતા થઈને, કરાવું ભુજની પેર. ૬ તેણે સમે પાતાળ આવ્યો, બાણાસુર રાજન; તેને દેવે દીકરી આપી, પ્રસન થઈને મન. ૭ પ્રધાન કહે સ્વામી સાંભળીયે, આપો મુજને બાળ; કન્યાદાન કુંવરીને દેઉતો, ઉતરે શીરની ગાળ. ૮ ત્યારે રાજા કહે પ્રધાનને, આ પુત્રી મુકુ વન; કાલે તેડીને તું તો આવજે, જાણે નહીં કો જન. ૯ પ્રભાતે તે પ્રધાન આવ્યો, પુત્રી બેઠી જયાંય; પુત્રી તો સમાધી લઈ, હરી ધ્યાન ધરેછે ત્યાંય. ૧૦ વાયુ દ્વાર જેણે રૂંધીયાંને, રૂંધ્યા શ્વાસો શ્વાસ; જમણા પગના અંગુઠાપર, રહીછે ખટ માસ. ૧૧ તે જોઈને પાછો વળ્યો, પછી પુર ભણી પ્રધાન; ખટમાસ પુરણ તપ થયું, ત્યારે પધારયા ભગવાન. ૧૨ માગ્ય કહેતાં કન્યા કહે, મને કરો આજ્ઞા પ્રકાશ; ભુત ભવિષ્ય વર્તમાન જાણુને, ઉડી ચહડું આકાશ. ૧૩ એટલે પ્રભુએ તેને પાંખ આપી, વર આપીને વળીયાં હરી; પ્રધાન આવ્યો પુર વિષે, તે કોભાંડ પુત્રી કરી. ૧૪ વલણ—કુંવરી થઈ પ્રધાનની, તેનું પ્રાક્રમ કો પ્રીછે નહીં; શુકદેવ કહે રાય સાંભળી, એ ચીત્રલેહાની ઉત્પત્તી કહી.

કડવું ૧૭ મું.

સાખી——ભાદરવે જે કરે હળોતરા, શત્રુ પાસે માગે શીખ; જે ઘેર પુત્રી લાડકવાઈ, તેનાં માબાપ માગે ભીખ. ૧ બાળો અગ્નિ બધુ વન દહે, છળ વડે પર્વત કોરાય; અબળા રૂઠી જે કરે, મણીધર નવ કળાય. ૨ એટલાં અંત ન લીજીએ, જોઈછીએ કુશળાં. રાગ ઢાળ.——નગર થકી એક જોજન, રાયે મેહેલ રચાવ્યો સાર; ગોખ બારીને અટારી તેને, કહેતાં ન આવે પાર. ૧ મરકટ મણિ મોતીએ જડયાં, માંહે પીરોજાના પાટ; હયશાળા ગજશાળા છે, હીંચવા હીંડોળા ખાટ. ૨ દિવસમાસને વરસ જયાં, કન્યા મોટી થાય; ચિત્રલેહાને સંગે રમતાં, ઉલટ અંગ ન માય. ૩ સવા લાખ જોદ્ધા રખવાળે, મેહેલ્યા છે રાજન; એમ કરતાં ઓખાબાઈને, આવ્યું છે જોબન. ૪ તમે રાત્રે જાગો દિવસે જાગો, નવ મીંચો લોચન; ઓખા કેરા માળિયામાં, રખે સંચરે પવનરે. ૫

કડવું ૧૮ મું.

રાગ ઢાળ——શોણીતપુર પાટણ ભલું, રાય બાણાસુરનું ગામ; ઓખા તેની પુત્રી કહીએ, કરતી ઉત્તમ કામ. ૧ ઘડી એકમાં લાવે શોગટાં, ઘડી એકમાં પાટ; નાના વિધની રમત રમે, ઘડી એકે હીંડોળા ખાટ. ૨ ઘડી એકમાં ઢીંગલાં પોતીયાં, રમતી હોડાહોડ; હીંડોળે હિંચવાને કાજે, રેશમ કેરી દોર. ૩ ઘમઘમ ઘમઘમ ઘુઘરા ગાજે, ઘુઘરડીનો ઘોર; નાના વિધનું ગાણું ગાતાં, મધુરે નિકળે શોર. ૪ રમે જમે આનંદ કરે; પ-

હેલાં મંગળ ગાય; જોબનવંતી થઈ છે ઓખા, મંદીર મા-ળીયા માંયરે. ૫

કડવું ૧૯ મું.

રાગ સામેરી—જોબનીયું વાધ્યુંરે ઓખા નાનડીરે લોલ, મા-રે જોબનીયાની જાય બેની મારે ઘડી ઘડીરે લોલ; તુંતો સાં-ભળ સૈયર બેનડીરે લોલ, મારો મુરખ પીતા કાંઈ જોતો ન-થીરે લોલ. ૧ બોલી ઓખા વળતી વાણ સાંભળ બેનડીરે લોલ, મારો જાય કન્યા કાળ વર જોતો નથીરે લોલ; મારા જો-બનીયાના દિવશ દહાડા ચાર જો, નાણુંરે મળશે પણ ટાણું નહીં મળેરે લોલ. ૨

કડવું ૨૦ મું.

રાગ આશાવરી—પાંચ વર્ષની પુત્રી તેતો, ગૌરીરે કહેવાય; તેને કન્યાદાન દેતો, કોટી યજ્ઞ ફળ થાય. ૧ પણ પુત્રી કેરા પી-તાને કોઈ, સમજાવી કહો વાત; દેવ વિવાહનું ફળ જેને, વરસ થાયજો સાત. ૨ પુત્રી કેરા પિતાને કોઈ કહાવોરે ધવ ધવ; ગાંધર્વ વિવાહનું ફળ જેને; વર્ષ થાય જો નવ. ૩ એમ કરતાં વળી વચમાં, આવી પડે કાંઈ વાંક; મનુષ્ય વિવાહનું ફળ જે-ને, અગીયારે આડો આંક. ૪ એમ કરતાં વરસ જાયને, બાર પુરાં થાય; પુત્રીનું મુખ પિતા જુવે, બેસે બ્રહ્મહત્યાયરે. ૫

કડવું ૨૧ મું.

રાગ આશાવરી—ચિત્રલેહા એણી પેર બોલી, સાંભળ સૈયર વાત; તારે કાજે નહીં પરણાવે, બાણ તારો તાત. ૧ તારે કા-

જે જો પરણાવે, છેદાય રાયના હાથ; તારે કાજે નહીં પરણાવે, પ્રધાન મારો તાત. ૨ તાત કેરી આજ્ઞા લેઈ, આવોને ઓખાય; વચન સાંભળી ઓખા વળતી, ત્યાંથી ચાલી જાય. ૩ તાત આપો આજ્ઞા તો, શંભુ પુજવા જાઉં; બણાસુર પ્રત્યે પુત્રીયે, વચન પ્રકાશી કહ્યું. ૪ ઘેલી પુત્રી એમ ન કહીયે, બેશી રહો મંદીર માંય; ઘેર આવે મહાદેવજી, પુજીને લાગો પાય. ૫ વચન સાંભળી ઓખા ચાલ્યાં, પોતે તેણીવાર; ચીત્રલેહા સૈયર મહારી, ઉપાય કરવો સાર. ૬

કડવું ૨૨ મું.

રાગ સામેરી—ઓખા તારે શ્રવણે ઝબુકે ઝાલરે, ઓખા તારા કુમ કુમ રાતા ગાલરે; ઓખા તુ તો ચાલે હંસની ચાલરે, ચોળીને રંગરે ઓખા તારી ચુંદડીરે. ૧ ઓખા તારે બાંયે બાજુબંધરે, ઓખા તારૂં મુખડું પુનમ ચંદરે; ઓખા તારે મન ઉપજયો આનંદરે, કસબીને કોરરે ઓખા તારા સાળુડેરે. ૨ ઓખા તારા શોભીતા શણગારરે, ઓખા તારા તેજતણો નહીં પારરે; ઓખા તને વર્ષ થયાં દસ બારરે, પાવલે નેપુરરે ઓખા તારે વાજતાંરે. ૩

કડવું ૨૩ મું.

સાખી—નેહેરે બેની તારે વિછુવા, કર કંકણ મુદ્રિકાને હાર; એ પુરૂષ વિના પેહેરે પ્રેમદા. તેનો ધીક પડયો અવતાર. ૧ સેંથો ટીલડી રાખડી, નેણે કાજળ કુમ કુમ આડ; પુરૂષ વિના પેહેરે જે પ્રેમદા, તેનો ધીક પડયો અવતાર. ૨ (ચોપાઈ ચાલફેર)

બાઈચે તોડી નાંખ્યા હાર રે, આ તું લે તારો શણુગારરે; હુંતો નહીં પામુ ભરથારરે, નહીં ઓઢું ઘાટડીરે. ૧ બાણાસુર મારો બાપરે, મારાં કોણ જનમનાં પાપરે; મુને નહીં પરણાવે આપ, નહી જોઉં વાટડીરે. ૨

કડવું ૨૪ મું.

રાગ ગોડી—વર વરવાને યોગ્ય થઈને, પ્રગટયાં સ્ત્રીનાં ચેનજી; ઓખા કહે છે ચીત્રલેહાને, વાત સાંભળ મારી બેહેનજી. સૈયર શું કીજે, અનીહાંરે દાડલા કેમ લીજે; મારી બેનીરે દોષ કર્મને દીજે, અનીહાંરે કે વિષ ઘોળી ઘોળી પીજે. ટેક. આજ મારે ભુડું જોબનીયું, મદ પુરણ મારી કાયજી; પિતા તો પ્રીછે નહીં, મારો કુંવારો ભવ કેમ જાયરે. સૈયર. ૧ સાસરે નિત્ય જાય ને આવે, સૈયર મુજ સમાણીજી; હું અપરાધણ હરખે પીડાણી, આંખે ભરૂં નિત્ય પાણીરે. સૈયર. ૨ એરે દુ:ખે હું દુબળી, મને અન્ન ઉદક નવ ભાવેજી; આ અવાસ રૂપી શુળીયે સુતાંતો, નિંદ્રા કેઈપેર આવેરે. સૈયર. ૩ જળ વિનાની વેલડી ને, લુણ વિના જેવું અન્નજી; ભરથાર વિના ભામની એતો, દોહેલા કાઢે દનરે. સૈવર. ૪ ધન્ય હશે કામનીને, જેણે કંઠે કંથ ગ્રહી રાખ્યોજી; હું અભાગ્યણીયે પરણ્યા પીયુનો, અધર સુધારસ નવ ચાખ્યોરે. સૈયર. ૫ મરજાદા માટે માણુસ કરે, આંખનો અણુસારોજી; તે સુખ તો મેં સ્વપ્ને ન દીઠું, વ્યર્થ ગયો જનમારોજી. સૈયર. ૬ સ્વામી કેરો સંગ ઓછો સ્યામાને, એથી બીજું શું નરતુંજી; હવે નવ રહી આશા પર-

ણ્યા કેરી, મુજ જોબન જાયે ઝરતુંરે. સૈયર. ૭ બીજી વાતો રૂ-ચે નહીં મુજને, ભરથાર ભોગમાં મનજી; આંહિ પુરૂષ આવે તો પરણું, નવ પુછું જોશીને લગ્નરે. સૈયર. ૮ વચન રસિક ક-હેતાં તરૂણી ભારે, આવે લટકતી ચાલેજી; પ્રેમ કટાક્ષે પિયુને બોલાવે, તે રૂદીયા ભીતર સાલેરે. સૈયર. ૯ સુખ દુઃખ કર્મે કર્યું છે, હું લેવાઈ મારે પાપેજી; બંધોગરી મારા કર્મે કરી, શુ-ળીયે ચઢાવી માબાપેરે. સૈયર. ૧૦ મરકલડે મુખ મધુરે વ-ચને, મરજાદા નવ આણીજી; શાકપાક પિયુને નવ પિરસ્યાં, આઘો પાલવ તાણીરે. સૈયર. ૧૧ અકળ ગતિ છે ગોવિંદજીની, શું નિપજશે બેનીજી; ગોપાળજીનું ગમતુ થાશે, મનડું મારૂં રહે નહીરે. સૈયર. ૧૨

કડવું ૨૫ મું.

રાગ મેવાડની દેશી—ઓખાને કહે ચિત્રલેહા જો, તું તો સાં-ભળ બાળસ્નેહા જો; આપણ મોટા માબાપનાં છોરૂ જો, કેમ કહિયે કાળું કે ગોરૂ જો. ૧ બેની લાંછન લાગે કુળમાં જો, પ્ર-તિષ્ટા જાય એક પળમાં જો; અમે તો તમ પાસે ન રહિયે જો, જઈ બાણાસુરને કહિયે જો. ૨ વાત બાણાસુર રાય જાણે જો, આપણ બેનો અંતજ આણે જો; મને મેલી ગયો તારી પાસે જો, તારો બાપ રહ્યો વિસ્વાસે જો. ૩ મેંતો ન થાય તારૂં રક્ષ-ણ જો, તુજમાં દિસેછે અપલક્ષણ જો; બેની છોકરવાદ ન કી-જો જો, તારા બાપ થકી તો બીહીજે જો. ૪ તને દેખુછું મદમા-તી જો, નથી પેટભરી અંન ખાતીજો; તારૂં વચન મુને નથી

ગમતું જો, જોબનીયું હશે સઉને દમતું જો. ૫ કામ વ્યાપે સર્વ અંગે જો, બેની રહીયે પોતાના ઢંગે જો; તું તો બેઠી નિહાળે પંથ જો, કારા ગ્રહમાં કયાંથી હશે કંથ જો. ૬ તેં તો મુને આંખમાં ઘાલી જો, માથે છાણા થાપીને ચાલી જો; હું પ્રીછી કામનું કારણ જો, બેની રાખજે હૈયામાં ધારણ જો. ૭ તું તો જુવે લોકમાં ઓઠાં જો, વામણું કયાંથી પામસે કોઠાં જો; બેની ડગલાં ન ભરીયે લાંબાં જો, ઉતાવળે ન પાકે આંબા જો. ૮ મારી ઓખાબાઈ સલુણાં જો, આવ્યો ચૈતર માસ એમ કરતાં જો; પછી ઓખાજી વૃત આચરતાં જો, અલુણું અન્ન જમી દિન ખુવે જો. ૯ દિપક બાળેને અવનિયે સુવે જો, માત ઉમીયાને આરાધે જો; થયું પુરણ વ્રત એક માસે જો, કોણ જાણુ એકાંતે જો. ૧૦

અવાસ એક સ્થંભ વિષે. વ્રત કીધું ઓખાયરે;
સ્વપ્નામાં સંજોગ સ્વામીનો, ભટ પ્રેમાનંદ ગાયરે;

કડવું ૨૧ મું.

રાગ ઢાળ—બાઈ તુએ કુવારી, હુંએ કુવારી, સાંભળ સઈયર વાત; ગોર્યમાની પુજા કરીયે, જો પામીસું નાથ. ૧ કોણ મસવાડે કોણ મસવાડે કોણ દહાડે, ગોર્યની પુજા થાય; મને કરીને આપો પુતળાં, હું પુજુ મોરી માય. ૨ ફાગણ વદ બીજના દહાડે, કરવુંરે સ્થાપન; ચૈતર સુદી ૩ ના દહાડે, કરવું ઉથાપન ૩ સલ્લન સલ્લા પાથરી, સંદેસરાનાં ફુલ; પુજી અરચી ઓખા માગે, જે જે વસ્તુ અમુલ્ય. ૪

કડવું ૨૭ મું.

રાગ ધોળ—ગોરયમા માગુ રે ગોર્યમા માગું માગું મ્હારા બાપનાં રાજ; માતા સદાયે સોહાગણી. ૧ ગોરયમા માગુરે મા-હારા ભાઈનાં રાજ; ભાભીને હાલ્લ હુલાવતી. ૨ ગોરયમા મા-ગુરે મારા સસરાનાં રાજ; સાસુને પ્રજા ઘણી. ૩ ગોરયમા મા-ગુરે દિયર જેઠનાં રાજ, દેરાણી જેઠાણીનાં જોડલાં. ૪ ગોરયમા માગુરે તમારી પાસ; અખંડ હેવાતન ઘાટડી. ૫ ગોરયમા મા-ગુરે હુંતો વારંમવાર; ચાલ્લો ચુડો ને રાખડી. ૬ ગોરયમા મા-ગુરે સરખા સરખી જોડ; માથે મન ગમતો ધણી. ૭

કડવું ૨૮ મું.

રાગ ઢાળ—એક દહાડો ચિત્રલેહાને, ઊંઘ આવી સાર; વા-સી પુષ્પે કરતી પુજા, ઓખા તે નિરધાર. ૧ એટલે ચિત્રલેહા જાગી, જુવેતો વાત વિપ્રિત; વાસી પુષ્પ ચઢાવ્યાં દીઠાં, થઈ રહી ભયભીત. ૨ વાસી પુષ્પે પુજા કીધી, નહિ પામે ભરથાર; ભરથાર જો હું નહીં પામું, તું સાંભળ મોરી માય. ૩ આલે તા રાં પુતળાં, મારી પુજે છે બલાય; ઉપર પાણી રેડીયે તો, આ-પુરાં ધોવાય. ૪ ઉંચેથી પછાડીયે તો, ભાગી મુકો થાય; તું આ લે તારાં પુતળાં, મારી પુજેછે બલાય. ૫ પંદર દહાડા પુજા કી-ધી, બોલાવ્યાં નહીં બોલે; તું તો બેની કહેતી હતી જે, નહીં ગોરયમાને તોલે. ૬ પકવાન પેંડા મેલીયે તો, કડકો કોર ન ખાય; તું આ લે તારાં પુતળાં; મારી પુજેછે બલાયરે.

કડવું ૨૯ મું.

સાખી—શીવનાં લીજે વારણાં, જેણે નેત્રે બાળ્યોરે કામ; ત્રિપુરા દૈત્યને વિડારીયો, હુંતો કેમ મેલું નામ. ૧ શીવ અખંડાનંદ જોગી, ગંગા ધરી શિષ; ભાગીરથી તપથી ઉઠાડીયા, હું કેમ મેલુ તે ઈશ. ૨ શીવ ભોળો સુવે સમશાનમાં, ચોળે ત્યારે રાખ, માગે ત્યારે ભિક્ષાવૃત; આપે તેને લાખ. ૩

કડવું ૩૦ મું.

ઢાળ—હિમાચળની ભાણેજી બાઈ, ગણપતી મારો વીર; મહાદેવજીની પુજા કરિયે, મન રાખીને ધીર. ૧ ખેચરી ગતમાં ઓખા ચાલ્યાં, તેનો કહુ વિસ્તાર; સ્નાન કરીને કામનીયે તો, સજ્યા સોળ શણગારરે. ૨ નેપુર વાજે વિંછવા ગાજે, ઝાંઝરનો ઝમકાર; નાગદમણી ઝુમણુ ને વળી, ઉપર એકાવળ હાર. ૩ જડાવ ચુડલો ઝુલતી દામણી, દામનીયે ચકલીયો ચાર; પગે પાવલાંને નેપુર વાજે, ઘુઘરીનો ઘમકાર. ૪ વાળે વાળ મોતી પરોવ્યાં, મોતીની શેરો સોળ; દરપણ લીધુ હાથમાંને, મુખે ભરીયાં તબોળ. ૫ કનક થાળ મોતીયે ભરીયો, માંહે શ્રીફળ ફોફળ પાન; આક ધંતુરો સમગથીયો, શંખાવળી નિરવાણ. ૬ આકાશ માર્ગે પક્ષણી તે, વેગે ચાલી જાય; ઇંદ્ર કેરૂ વિમાન ચાલે, એવીછે શોભાય. ૭ મહાદેવ ને પાર્વતી બેઠાં, પાસા રમતાં સાર; મહાદેવ કહેછે પાર્વતીને, આ આવી કોઈ નાર. ૮ સ્વામી કાંઈ ઘેલા થયા, એ બાણ તણી કુમાર; હવે તું એમ જાણેછે જે, કરશે અંગીકાર. ૯ પાર્વતીએ મન વિચાર્યું, હ-

વે તે વંઠી વાત; મહાદેવજીને કામી જાણી, લોચને દીધા હાથ. ૧૧ ત્રીજું લોચન ઉઘાડયું, શંકરને લલાટ; પાસે આવી ઓખા દીઠી, લજ્યા પામ્યા તાત. ૧૨ તેણે સમે ઓખા આવી, ઉમીયાને લાગી પાય; આવડી ઉતાવળી થઇ આવી, નહીં પામે ભરથારરે. ૧૩

કડવું ૩૧ મું.

સાખી—ઓખા કહે છે અમે પેઠાં પાણીમાં, તરવા તુંબાં ગ્રહ્યાં; હું આવી સમુદ્ર વચમાં, તુંબાં ફુટી ગયાં. ૧ ઓખા કહે છે તરસ લાગી મારા તનમાં, સરોવર તિરે હું ગઈ; પીવા ઝબોળી પાય, મારાં ભરચાં સરોવર ગયાં સુકાઈ. ૨ આણીજ તિરેથી અમે અળગાં થયાં, પેલી તિરે નવ ગયાં; કરમ તણે સંજોગે, અમે મધ્ય જળ વચે રહ્યાં. ૩ હું તો આવી ઈશ્વર પુજવા, સામો દીધો શ્રાપ; પરણ્યા પેહેલું રંડાપણ થયું, મારાં કીધા જનમનાં પાપ. ૪ ઉમીયા તું તો મોરી માવડી, છોરૂ ના દીજે છેહ; માવીત્ર તમો કેમ છુટશો, હું તો પુત્રી તમારી તેહ. (ઢાળ.) પ્રેમે પ્રદક્ષિણા કરીને, કરજોડી ઉભી બાળ; પારવતિ કહે માગ્ય વર, હું આપું તે તતકાળ. ૧ ઓખા વળતું વચન બોલી, હરખશું તેણીવાર; માતા મુજને આપીયે, મારા મન ગમતો ભરથાર. ૨ ત્રણ વાર માગ્યું ફરી ફરીને, મુને વર આપો આદીશ; લાજ મુકીને ઓખા બોલી, તવ ચઢી પાર્વતિને રીશ. ૩ નિર્લજ થઈ તેં કામજ કીધું, માટે દેઉં છું તુજને શ્રાપ; જા પરણજે ત્રણવાર તું, એમ બોલ્યાં પારવતિ આપ. ૪

વળી ત્રીજે કહ્યું ને તેરસે આવી, તારે ત્રણ હજો ભરથાર; શ્રાપ એવો સાંભળીને, કંપી રાજકુમાર. ૫ પુરૂષને નારી ઘણેરી, તું સાંભળ મોરી માય; નારીને તો પુરૂષ બીજો, શ્રવણે સુણ્યો ન-વ જાય. ૬ સુંદર માધવ માસ આવશે, દ્વાદશીનો દન; ત્યારે સ્વપ્નામાં આવી પરણશે, પ્રાણતણો જીવન. ૭ તું જાગ્યા કે-ડે ઓળખજે, તને કહુંછું સત્ય વિવેક; ત્રણવાર તો પરણશે પણ વર તો એક ને એક. ૮ વર પામી ઓખાબાઈ ચાલ્યાં, મં-દીર માળીયે સાર; અરે બાઈ હું પરણી આવી, સુંદર વર ભ-રથાર. ૯ એમ કરતાં ઓખાબાઈના, દિન ઉપર જાય દિન; સું-દર માધવ માસ આવ્યો, દ્વાદશીનો દન. ૧૦ સુંદર સજયા પા-થરીને, સણગારયું ભોવન; આજ સ્વપ્નંતરમાં આવશે, મુજ પ્રાણતણો જીવન. ૧૧ સંધ્યા થઈ રવી આથમ્યો, આથમીયો કષ્યપ તન; હજુએ ન આવ્યો હજુએ ન આવ્યો, પ્રાણતણો જીવન. ૧૨ પોહોર રાત તો વહી ગઈ ને, હજુ ન આવ્યો કોય; ઉમીયાજીએ વચન કહ્યું તે, રખે મીથ્યા હોય. ૧૩ વા વાયને બારી હાલે, ખડખડાટ બહુ થાય; આ આવ્યો આ આવ્યો ક-હીને, તુરત બેઠી થાય. ૧૪ તમો આવ્યા તે હું જાણુંછું, મારી સગી નંણદના વીર; બોલ્યા વિના નહીં ઉઘાડું, હઈડે છે મને ધીર. ૧૫ વેણા લીધી હાથમાં ને, ગીત મધુરાં ગાય; ચેન કાં-ઈ પડે નહીં, ને ભણકારા બહુ થાય. ૧૬ તેવામાં એક બારણું, ખડખડવા લાગ્યું જ્યારે; ઓખા બાઈએ તો હોટ કરી, દ્વાર ઉ-ઘાડું ત્યારે. ૧૭ બાણાસુરે મેહેલ રચ્યો છે, તેનો સ્થંભજ એ-

ક; તે તણો પડછાયો તે, ઓખા નજરે દેખ. ૧૮ ઓ પેલા આવ્યા છો, તમ ઉપર જાઊ વારી; બોલ્યા વિના તો નહીં બોલાવું, છું ગુણવંતી નારી. ૧૯ બાણાસુર જો જાણશે તો, લેશે બેઉના પ્રાણ; શાને કાજે આંહી ઉભા છો, સાસુના સંતાન. ૧૯ ઓખાબાઈ તો માળીઆમાં, પાડે છે બકોર; ઈશ્વરને પાર્વતી એ, ગગને સાંભળ્યો છે શોર. ૨૦ ઈશ્વર કહે છે ઉમીયાજીને, કોણ રૂવે છે નાર; ઉમીયા કહે છે મહાદેવજીને, ઓખા રૂવે નિરધાર. ૨૧ વચન આપણું મીથ્યા કરવા, બેઠી બાણકુમાર; તામશી વિદ્યા મોકલી તે, નિંદ્રાનો ભંડાર. ૨૨ મધ્યરાત તો વહી ગઈ ને, મીચાણાં લોચન; સ્વપ્નાંતરમાં આવી પરણ્યો, પ્રદ્યુમનનો તન. ૨૩

કડવું ૩૨ મું.

રાગ ધોળ—સ્વપ્નાંતરમાં દીઠી સોરઠીયાની જાનરે; સ્વપ્નાંતરમાં વડસસરો ભગવાનરે. ૧ સ્વપ્નાંતરમાં ખળકે મીંઢળ ચુડીરે; સ્વપ્નાંતરમાં ઓખા દિસેછે અતી રૂડીરે. ૨ સ્વપ્નાંતરમાં વરત્યાંછે મંગળ ચારરે; સ્વપ્નાંતરમાં આરોગ્યા કંસારરે. ૩ સ્વપ્નાંતરમાં કરેછે પીઉજીશુ વાતરે; સ્વપ્નાંતરમાં હશી હશી તાળી લેછે હાથરે. ૪ ચિત્રલેહા ભરીરે નિદ્રામાંથી જાગીરે; ઓખાબાઈને કોણ કરમ ગતી લાગીરે. ૫ ઓખાબાઈને નાટક ચેટક લાગ્યું રે; તે તો કેમ કરીને થાશે અળગું રે. ૬ જાગ્યરે જાગ્ય ઓખા જાગ્યરે; તહારે જે જોઈયે તે માગ્યરે. ૭

રાગ મારૂ.—ઓખા ભરીરે નિદ્રામાંથી જાગી, અંગોઅંગ

અંગીઠી લાગી; ફટ પાપણી સીદને જગાડી, મને ભર્યા અ-
મૃતમાંથી કહાડી. ૧ ફટ પાપણી એ શું કીધું, અમૃત લેઈ ને
વીખ દીધું; બીડી પાનની અડધી કરડી, ખાધી મન વિના
મુખ મરડી. ૨ જુવો મહારા કરમની કરણી, વર શે મેલી ગ-
યા મુને પરણી; માહારા પિઉને મતી જે આવી, માહારા ના-
થ ગયારે રીસાવી. ૩ મહારા હઈયા કેરો હાર, આણીરે આ-
પો આણીવાર. ૪

કડવું ૩૩ મું.

રાગ સોરઠ.—સૈયર શત્રુ શે થઈને લાગી, મને સ્વપ્નામાં-
થી જગાડીરે હો; ઉમીયાનો વર આજ સફળ થયો ને, જપતાં
છે દાહાડી દાહાડીરે હો. ૧ અધવચ કુવામાં મુજને ઉતારીરે,
વચેથી વરત મેલ્યું વાઢીરે હો; બાગ બગીચામાં પુલ પુલ્યાં-
છેરે હો, પુલી માહારી તનડાની વાડીરે હો. ૨ પ્રેમાનંદ પ્રભુ
જાતાં ન ઓળખો હો, છેતરી જાયછે દહાડી દહાડીરે હો; સૈ-
યરરે ભુંડી સૈયર શત્રુ શે થઈને લાગી, મને સ્વપ્નામાંથી જ-
ગાડીરે હો. ૩

કડવું ૩૪ મું.

સાખી—ચંદા તું તો જીવો ક્રોડ વરસ, સ્વપ્નને થયો સંજોગ;
શ્રાપ દેઉંછું સુરજ દેવતા, મુજ જાગે પડીયો વિજોગ. ૧ સ્વ-
પ્નામાં મહારા પિઉજીશું, અમે કરતાં લીલા લેહેર; અમૃતરસ
હું પીતી હતી, તેમાં તે મેલ્યુ ઝેર. ૨ કંથ વિજોગે એ કામ-
ની, ગઈ પંડીતની પાસ; ભુલ જે પુછું પંડીતો, એક દીન કે-

હેતી માસ. ૩ ફરીફરી પંડીત એ કહે, સાંભળ ઓખા કરજોડ; શોધી લહો એ પિઉશું, એક વરસે ક્રોડ. ૪ ઓખા પુછે એ પક્ષીડો, તારી બે પાંખો માગીશ; હું માહારા સજ્જનને મળી, તારી પાંખો પાછી દઈશ. ૫ પાંખ પ્યારી પંથ તો વેગળો, તારો પિઉ કોણુજ દેશ; માગી તાગી પાંખડીયે, તારા સજ્જનને કયાંથી મળેશ. ૬ ચાંચ કઢાવું બપઈયા તાહરી, ઉપર ડારૂ લુંણ; ભીને રંગે પિઉ માહારો, તને પિઉ મળશે કુંણ. ૭ પિઉ વિજોગે પીલી ભઈ, મારૂ તનમન સુકાઈ જાય; વગરી તું વાહન ચ્રઢી તો, સઉ સફર ના જાય. ૮ લેખ લખ્યા છઠી તણા, તે મટી કયમ જાય; કર્મે લખ્યું તે ભોગવે, તેની પક્ષ કરે જદુરાય. ૯ રાગ ધરાડી—મધ્ય નીશાં સમેરે, માળીયામાં રોતીરે રાજકુમાર; કયાં ગયો કયાં ગયોરે, બાઈ માહરો સ્વપ્નાનો ભરથાર. ૧ મીંઢળ મારૂં કયાં ગયુરે, બાઈ મારો ચુડલો હતો જે હાથ; ધોતામાં ઢળી ગયુંરે, બાઈ મારે અમૃત આવ્યું જે હાથ. ૨ પીયુ પરદેશીયારે, ભુંડા મને લીધી શે નવ સાથ; આજ વેરણ થઈરે, બાઈ માહારા સ્વપ્નાકેરી રાત. ૩ લાવ સખી વિખ પીઉંરે, બાઈ માહરા કાઢું પાપી પ્રાણ; હવે હું કેમ કરૂંરે, બાઈ મને વાગ્યાં વીરહનાં બાણ. ૪ પાપી મારો જીવડોરે, ઓખાબાઈયે પડતું મેલ્યું ધરણ; રોતાં રોતાં જયાં ગયાં રે, ઓખાબાઈયે રોપ્યું વાડીવન. ૫ જઈને પુછુ દ્રુમનેરે,કયાંઇમાહારો દીઠો પ્રાણજીવન; તું ગુણ બેલડીરે, બાઈ જોને કરમ વિચાર. ૬ નાથ મેલી ગયારે, બાઈ માહારાં કોણ

જનમનાં પાપ; આજ વેરણ થઈરે, બાઈ માહારા સ્વપ્ના કેરી રાત. ૭ જોબન મેંતો જાળવ્યુંરે, જાણ્યું મારા પ્રભુને ભેટ કરીશ; જો પ્રભુ નહીં મળેરે, હુંતો માહારા પ્રાણ તજીશ. ૮

કડવું ૩૫ મું.

સાખી—ઓખા રૂવે ચીત્રલેહા વિનવે. ઘેલી સૈયર નવ રોય; સ્વપ્ને દીઠું જો નીપજે, તો દુખ ન પામે કોય. ૧ જળ વલોવે માંખણ નીપજે, તો લુખુ કોઈ નવ ખાય; મુને વાહાલા હતી અતિ, સખિ તું તો ચિત્રલેહાય. ૨ વેરણ થઈ વિધાત્રી, એણે આડા લખીયા આંક; એકવાર આવે મારા હાથમાં, તો ઘસીને વાઢુ નાક. ૩ કરમ લખાવે તો લખે, ભરીને મેલ્યો આંક; કરણી પ્રાપ્તી ભોગવો, તેમાં વિધાત્રીનો શો વાંક. ૪ વિધાત્રી આપે તેને લક્ષ દીયે, ન આપે તેને છેક; એકવાર પોકારે બારણે, તેને પુત્રી જન એક. ૫ લાંચ લેઈ લખતી હતી, તુંતો આપે સહુથી પેહેલું; મારા પિઉ વિજોગણ ન જાણતી, મારૂ મરણ લખાવતી વહેલું રે. ૫

કડવું ૩૬ મું.

રાગ આશાવરી—સ્વપ્નું સાચુ ન હોય, સૈયર મારી સ્વપ્નું સાચુ ન હોય; ટેક. એક રંક હતો તે રાજ્ય પામ્યો, સ્વપ્નાંતરમાં સાર; હસ્તી ઝુલે તેને બારણે, રથ ઘોડા પરમ વિશાળ; જાગીને જોવા જાય ત્યારે, ગાંધર્વ ન મળે એક. સ્વપ્નું. ૧ એક નિરધ્ધનિયો તે ધન પામ્યો, સ્વપ્નાંતરમાંસાર; તેને દેશ વિદેશે વહાણ ચાલે, વણોતર છે સાર; જાગીને જોવા લાગ્યો

ત્યારે, કોને લાવે પાસ; સ્વપ્નું. ૨ એક મુરખ હતો તે સ્વપ્નાંતરમાં, ભણીયો વેદ પુરાણ; જાગીને ભણવા જાય ત્યારે, મુખે ન આવડે પાષાણ. સ્વપ્નું. ૩ એક વાંઝીયો તે સ્વપ્નાંતરમાં, વેગે પામ્યો બાળ; તેનું ઘોડીયું ઘોડારે બાંધ્યું, પારણુ પરશાળં; જાગીને જ્યારે જોવા જાય તો, ત્યારે કોનું લાવે બાળ; સ્વપ્નું સાચુ ન હોય, સૈયર મારી સ્વપ્નું સાચુ ન હોય. ૪

કડવું ૩૭ મું.

રાગ કલ્યાણ—ચિત્ર ચાળીને વાનો વાળીને; રંગ ભેળીને પટ મેલીને; લેખણ લાવીને કરમાં સાહીને, રંગ ભરતીરે ચીત્ર કરતીરે. ૧ હવે સ્વર્ગના લોક લખાયરે, લખ્યા સ્વર્ગલોકના રાયરે; ઉપર લોક લખ્યું ને ભુર લોક લખ્યું, જમલોકને તપલોક લખ્યા. ૨ સત્યલોક લખ્યો ને વૈકુંઠ લખ્યું, ગુણલોક લખ્યોને ગાંધર્વ દેશ લખ્યો; હવે ઓખાબાઈ તમે ઓરાં આવોને, આમાં હોય તેને આવીને બોલાવોને. ૩ ઓખા આવીને કાગળમાં જોયરે, એતો રાતે રાતે લોચને રોયરે; બાઉય બાઉય આતો નથી ગમતુરે, એને રણવગડામાં મેલો જઈને રમતુરે. ૪ ચિત્રચાળીને વાનો વાળીને, લેખણ લાવીને કરમાં સાહીને; રંગ ભેળીને પટ મેલીને, હવે પાતાળ લોક લખાયરે. ૫ અતળ લખ્યું ને વિતળ લખ્યું, શેતુતળ લખ્યું ને પાતાળ લખ્યું; તળાતળ લખ્યું રસાતળ લખ્યું, મહાતળ લખ્યુ તેણી વારરે. ૬ લખ્યા પાતાળ લોકના રાયરે, નાગલોક લખ્યા તેણીવારરે;વાસુકીનાગ લખ્યાને ત્રિશ્વક નાગ લખ્યા, પુંડરીક નાગ

લખ્યા ને મણિધર નાગ લખ્યા, શેષ નાગ લખ્યા, તેણીવાર-રે. ૭ મારી ઓખાબાઈ સલુણી ઓરાં આવોને, આમાં હોય તેને હશીને બોલાવોને; બાળ્ય બાળ્ય એના દર્પરે, હું શું સ્વપ્નાંતરમાં પરણી આવા સર્પરે. ૮ આતો કાળા લીલા પીળા સાપરે, લખનારી ચિત્રલેહા તારા બાપરે. ૯ ચિત્રચાળીને વાનો વાળીને, દીવો બાળીને કાજળ પાડીને; હવે મૃત્યુલોક લખાયરે, લખ્યા મ્રત્યુ લોકના રાયરે. ૧૦ અજમેર લખ્યું ને અલીચાર લખ્યું, મુલતાન લખ્યું ને મારવાડ લખ્યું; ખોરાસન લખ્યો ને બંગાળ લખ્યો ને, એકમુખા લખ્યા ને અષ્ટમુખા લખ્યા. ૧૧ સ્વાનમુખા લખ્યા મંજારમુખા લખ્યા, હસ્તિ મુખા લખ્યા ને ગાંધર્વમુખા લખ્યા; એકરંગા લખ્યા ને અગ્નિવાળા લખ્યા, લખી વનસ્પતી ભાર અઢારરે. ૧૨ ઓખા આવી જુવો ભરથારરે, બાઈ કાગળ લખ્યો તે તારો પાડરે; હું શું સ્વપ્નાંતરમાં પરણી આવાં ઝાડરે. ૧૩ બાઈ લખતાં તે લેખણ તુટીરે, ખડીઆમાંથી રૂશનાઈ ખુટીરે; થયા કાગળના અંબારરે; તને સ્વપ્નુ નથી લાધ્યું સારરે. ૧૪

કડવું ૩૮ મું.

સાખી—સોરઠ દેશ સોહામણો, મુજને જોયાના કોડ; શ્રી રત્નાગર ને ગોમતી, ત્યાંતો રાજ કરે રણછોડ. ૧ સોરઠ દેશ શોહામણો, ન ચડયો ગઢ ગીરનાર; ન ન્હાયો ગંગા ગોમતી, તેનો એળે ગયો અવતાર. ૨ સોરઠ દેશ સોહામણો, વેલ વેલ કેલ કરંત; ગંગોદક ભરી કંચુકી, રાય હરી ચરણે ધરંત. ૩

સોરઠ સુઘડ માનવી, રાજ નિત નિત કરે વહેવાર; એક નગર નહીં માનવી, તેને ઉભા ઉભા જુહાર. ૪ રાગ હુલારી—આજરે સ્વપ્નામાં દીઠી સોરઠીયાની જાનરે, જાણ્યું રે જાદવરાય આવ્યા પરણવા જો; આજરે સ્વપ્નામાં દીઠી ગોમતીની તીરરે, આજ સ્વપ્નામાં દીઠા હળધરજીના વીરરે; આજરે સ્વપ્નામાં દીઠા સુંદર વર ભરથારરે, તેમાં અડધાં ઉંઘ્યાંને અડધાં જાગતાંરે.

કડવું ૩૯ મું.

રાગ કલ્યાણ.—ચીત્ર ચાળીને વાનો વાળીને, રંગ ભેળીને પટ મેલીને; રંગ ભરતીરે ચીત્ર કરતીરે, લેખણ લાવીને કરમાં સાહીને. ૧ હવે સોરઠ દેશ લખાયરે, ત્યાં નગર લખ્યું દ્વારકાયરે; લખી જાદવપતી રાજધાનીરે, તેની સોભા તો સુરજ સમાણીરે. ૨ લખ્યા જાદવનો પરિવારરે, ઉગ્રસેન લખ્યા તેણીવારરે; કૃતવરમા લખ્યા સાત્વીક લખ્યા, ઓધવ લખ્યા ને અક્રૂર લખ્યા. ૩ વાસુદેવ લખ્યા તેણીવારરે, ઓખા આવી જુવોને ભરથારરે; બાઈ તેતો એધાણ મળીયાંરે, આ ઘરડાને માંથે પળીયાંરે. ૪ તેને માથે મુગટ કુંડળ કાનરે, એવા જો લખ્યા ભગવાનરે; ઓખા આવી જુઓને ભરથારરે, બાઈ તેના સરખું રૂપ તેના ચાળારે. ૫ મારા નાથજી ગોરા ને આતો કાળારે, તેને વડસસરો વડસસરો સહુ કેહેતારે; હું પરણી તારે ચોરી સાહીને રહેતારે. ૬ લખ્યા કૃષ્ણ તણા કુમારરે, એક લાખ ફરતા હજારરે; એંશી આગળ લખ્યા તેણી વારરે, ઓ-

ખા આવી જુવોને ભરથારરે. ૭ એતો રીંછડાના બાળરે, એને માંથે મોટા વાળ; એના કુળમાં સારો કંથ, એને ધાવણના છે દંત. ૮ એતો રૂપાળો ને ઊંચોરે, એને મોઢે નથી મુછો; ત્યારે લખીયા પ્રદ્યુમનરે, ઓખાનું કંઈક માન્યું મનરે. ૯ જાણુ હોય કે ન્હોય, મુજને પરણ્યો તેનું મોહોય, એને સગો સસરો સો કહેતારે, હું પરણી તારે મારી પાસે રહેતારે. ૧૦ વલણ.—એમ કહીને અનિરૂધ લખિયા, ક્ષણું ન લાગી વારરે; કરી મરકલડાં ઉભી રહી, બાઈ એ મારો ભરથારરે. ૧૧

કડવું ૪૦ મું.

રાગ ઢાળ.——ચિત્રલેહાના હાથમાંથી, પેલું લખિયું પુતળું જેહ; પ્રેમ આણી ઓખા બાઈયે, ઝુટી લીધું તેહ. ૧ કરમાં લેઈને કામની, કાંઈ દેછે આલીંગન; માળીયામાં મેલી ચાલ્યા, પ્રાણતણા જીવન. ૨ આણી વાર હું નહી જાવા દેઉં, મેં ઝાલ્યો છે છેડો; મારા પિઉજી પરવરો તો, મુજને સાથે તેડો. ૩ ચિત્રલેહા એણી પેર બોલી, સજોડે છે જોડ; તેતો પોહોડયો છે દ્વારકામાં, આતો ચીત્રામણના વોડારે. ૪

કડવું ૪૧ મું.

રાબ પરજ.—આપો આણી, એ વર મુને આપો હો આણી; નીકર કાઢુ મારો પ્રાણી, એ વર મુને આપો હો આણી. ટેક. મેંતો સ્વપ્ને દીઠો જે છોગાળોરે, તેની પાપણનો છે ચાળોરે; મારૂં મનડું હરયું લટકાળે, તે વર મુને આપો હો આણી. ૧ જેના દીર્ઘબાહુ અજાણરે, મકરાકૃત કુંડળ કાનરે; અંગે શોભે

એ ભીનેવાન, તે વર મુને૦ ૨ જેનાં લક્ષણ વીસને બારરે, મુને પરણી ગયો છે કાલરે; તેને વરસ થયાં દશ બાર, તે વર મુને૦ ૩ વરની લટકંતી છે ચાલરે, મુને પરણી ગયો છે કાલરે; તેને ટપકું કીધું ગોરે ગાલ, તે વર મુને૦ ૪ રાજે પીતાંબર પરીધામરે, મુને કહેતો ગયો નહીં નામરે; ત્યારે ક્યાંથી સરે મારૂ કામ; તે વર મુને૦ ૫ ચીત્રલેહા બોલી વાણરે, સઈયર કેમ થઈ અજાણરે; બાઈ મારી ત્યાંતે જાએ કોણ, તે વર મુને૦ ૬ કોટ કાંગરે ચામુંડાયરે, છપન ક્રોડ છે ચોકી માંયરે; ચક્ર જળહળતું છે ત્યાંયરે, મુને મારે હેલા માંય. તે વર મુને૦ ૭

કડવું ૪૨ મું.

રાગ મારૂ.—ઓખા કહે છે સુણ સાહેલી, લાવ્ય કંથને વેહેલી વેહેલી; બાઈ તું છે સુખની દાતા, લાવ્ય સ્વામીને થાય સુખસાતા. ૧ ચતુરાને કહે ચીત્રલેહા, બાઈ આણ્યાના ઉપાય કેવા; દુર પંથ છે દ્વારામતી, કેમ જવાય મારી વતી. ૨ ત્યાં જઈ ન શકે રાય શક્ર, રક્ષણ કરે સુદરશન ચક્ર; જાવું જોજન સહસ્ત્ર અગીયાર, તારો કેમ આવે ભરથાર. ૩ નયણે નીરની ધારા વહે છે, કરજોડીને કન્યા કહે છે; બાઈ તારી ગતી છે મોટી, તને કોઈ ન ફરી શકે ખોટી. ૪ સૈયરને સૈયર વ્હાલી, છે મેં જમણે હાથે ઝાલી; આપણ બેઉ જણ સંઘાતી, તું પ્રાણદાતા છે વિધાત્રી. ૫ માબાપ વેહેરી છે મારાં, મેંતો ચરણ સેવ્યા છે તમારા; વિધાત્રી તું દીન દયાળ, એમ કહીને પગે લાગી બાળ. ૬ ચિત્રલેહાયે ધારણા કીધી. પછી તેહ પક્ષણીની કીધી. ૭

કડવું ૪૩ મું.

રાગ ઢાળ.—ચિત્રલેહા કહે ઓખાબાઈ, મારે દ્વારકામાં જાવું; પ્રભુના ઘરમાં ચોરી કરવી, નથી લાડવો ખાવું. ૧ અગીયાર સહસ્ર જોજન જાવું, હરવા શ્રી જુગદીશ; સુદરશન જો ચક્ર મળે તો, છેદે મારૂં શીશ. ૨ બાઈ તુજને તાણતો નવ પડેને, જેમ તેમ વહેલી થાને; લાવ્ય મહારા કંથને તું, ખોટી થાય છે શાને. ૩ જાતી વેળા ઓખા કહે છે, મારો વર છે રૂડો; કરમે મળ્યાં છો કુંવારાં, માટે રખે પેહેરતાં ચુડો. ૪ ચિત્રલેહાએ કહેવા માંડ્યું, મનમાં રાખો ધીર; તુજ સ્વપ્નામાં પરણી ગયો, મારી માડી જાયો વીર. ૫ ત્યારે ઓખા કહેવા લાગી, જોઈ રહી વાટડી; મારો વર રૂડો જાણી, રખે ઓઢતી ઘાટડી. ૬ હું નહીં ઓઢું ઘાટડી, તું એ શી બોલી વાત; તુજ સ્વપ્નામાં પરણી ગયો, મારી માડી જાયો ભ્રાત. ૭ એવું કહીને ઉપડી તે, પવન વેગે જાય; આકાશ મારગે સંચરી, પોહોંચી ગોમતી માંય. ૮ ગોમતીમાં મરદન કરયું, ને બિચારિયું તે ઠામ; પ્રભુના ઘરમાં ચોરી કરવી, નહી એકલાનું કામ. ૯ પછી તેણે નારદ મુની સંભારયા, તતક્ષણ આવ્યા ધાઈ; કહેરે મુજને કેમ સંભારયો, ચિત્રલેહા બાઈ. ૧૦ બાણાસુરની દીકરીને, લાગ્યું છે સ્વપંન; અનિરૂદ્ધ સેજે વરી ગયો, વિહ્વળ થયું છે મન. ૧૧ ચોરી કરવા હું આવી, સુદર્શન આડું થાય; તે માટે તમને સંભારયા, કરવા માહારી સહાય. ૧૨ નારદ કહે છે ઓરે બાઈ, એમાં તે શું કામ; એક તામસી વિદ્યા એવી ભણાવું, ઊંઘે

બધું ગામ. ૧૩ ચીત્રલેહા કહે સાચું કહ્યું, પણ છેતરવા જુગદીશ; પેહેલું સુદર્શન ચક્ર મળે તો, છેદે મારૂ શીશ. ૧૪ ચક્રની ચિંતા નવ કરશો, જે માર્ગે જાશે ચોકી ફરવા; તેરે મારગે હું જઈશ, બેસાડીશ વાતો કરવા. ૧૫ પછી તામશી વિદ્યા ભણાવી, જીભે જપતી જાય; ચોસઠ કળામાં ચામુંડા તે, ડબક ડોળું ખાય. ૧૬ ગામ તો ઘારણ પડયુને, ઉંઘ્યા સઘળા લોક; ચિત્રલેહા નગરમાં પેઠી, મુકી મનનો શોક. ૧૭ નારદે વિચાર્યું ચિત્રલેહા, અનિરૂદ્ધને લેઈ જાશે; શીવને શામળીયો વઢશે, જુદ્ધ જોવા જેવું થાશે. ૧૮ ચક્ર ચોકી ફરતું આવ્યું, મારગમાં નિરધાર; તે મારગે સામા મળિયા, નારદ બ્રહ્મકુમાર. ૧૯ નારદ કહેછે ચક્રને, તુ દાહાડી જાયછે ફરવા; એક ઘડી વાર બેશને, મુજ સાથે વાતો કરવા. ૨૦ તુને હુંતો કયાં મળીશ, તું સાચી કેહેને વાત; કોઈ દાહાડો મુજને સંભારે, દ્વારકાંનો નાથ. ૨૧ ચક્ર મુખથી બોલીયું, વળી મારૂં તે ધન ભાગ્ય; તમારાં દરશનનો તો, કયાંથી પામુ લાગ. ૨૨ ભોળુ ચક્ર સમજ્યું નહીં, બેઠુ નિરાંતવું થઈ; પેલી નારી પેઠી નગ્રમાં, ચોરી કરવા ગઈ. ૨૩ જોતી જોતી જ્યાં ગઈ, ક્રશ્ન તણુ રે ભોવન; ત્યાંથી આઘેરી પરવરી, જ્યાં પહોડયો પ્રદયુમન. ૨૪ ત્યાંથી આઘેરી પરવરી, મહા વિષ્ટ કેરો વીર; સોડ ઘાલીને પહોડીયો, મહા ધનુષધારી ધીર. ૨૫ હમણાં જો હું એને જગાડું, માહારા મારી કરે કડકાસ; માંથે હીંડોળો લેઈ લીધોને, ઉલટ અંગ ન માય. ૨૬ જુગત અંબે જે જુગત અંબે, કરંતી તે જાય; હીં-

ડોળો લેઈ જાતાં દીઠો, નારદે તો ત્યાંય. ૨૭ હીંડોળો લેઈ પરવરીને, સમર્યા વૈકુંઠરાય; પવન વેગે સંચરી, આકાશ મારગે જાય. ૨૮ બે ઘડીમાં આવી પહોંચી, શોણીતપુર મોઝાર; તે ઠેકાણે નારદજીએ, મન કર્યો વિચાર. ૨૯ એ જ્યારે ગઈ ત્યારે. હું એ મારે જાઉં; તેણે તેનું કામ કરયું, હું ખોટી શીદને થાઉં. ૩૦ નારદ કહેછે ચક્રને, તું નિકળ્યું ચોકી ફરવા; આવડી વાર મુરખ કેમ બેઠું, મુજ સાથે વાતો કરવા. ૩૧ નારદ કહે છે ચક્રને, ઉઠ રાજ્ય તારૂં ગામ; કાલે પછી ચોરી થશે, તું ન લેઈશ મારૂ નામ. ૩૨ આકાશ મારગે પક્ષીણી, તે વેગે ચાલી જાય; ઓખાબાઈ તો વાટ જુવે છે, મંદીર માળીયા માંય. ૩૩ વા વાયને બારી હાલે, ખડખડાટ બહુ થાય; ચિત્રલેહા પાપણી તે, હજુએ ન આવી આંય. ૩૪ ચિત્રલેહા ચાલી આવી, મંદીર માળીયા માંય; ભલે લાવી ભલે લાવી, હું જગાડુ ભરથારરે. ૩૫

કડવું ૪૪ મું.

રાગ આશાવરી.—ઉંઘ્યા પેઉને જગાડીયે, ભર નિદ્રામાંથી ઉઠાડિયે; મન સંગાથે એવાં બીજીએ, બ્રહ્મહત્યા તો શીદ લીજીયે. ૧ ભરથાર પેહેલી ભામની, જે અન્ન રાંધીને ખાય; વાગોળ થઈને અવતરે, ઉંધે મસ્તકે ટંગાય. ૨ ભરથાર પેહેલી ભામની જે, સુવે સજ્યા માંય; આંધળી ચાકરણ અવતરે, પડે મારગ માંય. ૩ ભરથારનુ જે કહ્યુ ન માને, આપ મતી જે નારી; તેતો નારી અવતરે, કાંઈ બીલાડી મંઝારી. ૪ ભરથારનું

જે કહ્યુ ન માને, કરે તરફોડા કંથ; હડકાઈ કુતરી અવતરે, એને માંથે પડશે જંત. ૫ ઓખા કહે છે ચિત્રલેહાને, તુંતો બોલે આપ; પેઉ પોહોડયો હોય પારણે, કરડવા આવ્યો હોય સાપરે.

કડવું ૪૫ મું.

રાગ સાખી—સ્ત્રી ચરિત્ર અનેરડાં, કોઈ તેનો ન લહે મરમ; સ્ત્રી શામને ભોળવે, પણ ખોયો પોતાનો ધરમ. ૧ રાગ ઢાળ. ઓખા કહે છે ચિત્રલેહાને, હવે ન બોલીશ આડું; તું કહે તો મારા પેઉને, પગ ચાંપી જગાડુ. ૧ ચિત્રલેહા કહે ઓખાબાઈ, આવડી ઉતાવળી શું થાય; એ મોટાનો કુંવર કહાવે, કાંઈક હશે હથિયાર. ૨ ઓશીકે જઈ જોવા લાગી, તો મોટી એક ગદાય; ઉપાડીને અળગી કીધી ઓખા ચાંપે પાયરે. ૩

કડવું ૪૬ મું.

રાગ મારૂ—મહા બળીયો તે જાગીયો, તેના બળનો નાવે પારરે; હરૂડ હાક મારી, કીધો છે હોકારરે. ૧ રમક ધમક ડગલાં, વાગે ઠારો ઠારરે; આતો ન હોયરે ન હોય, મારા બાપનું ગામરે. ૨ દ્વારીકામાં વસે, સઘળા વૈષ્ણવ જનરે; અહો રાત્રી બેઠા કરે છે, ત્યાં સહુ કીરતનરે. ૩ ભજનનાદ કેરા ચરડકા, તે હોય અપારરે; ભુત ભૈરવ જોગણી, અસુર કોઈની નારરે. ૪ ડાકણી છો સાકયણી, છો કોણ છો બલાયરે; ચિત્રલેહા કહે છે વીરા, ખમા ખમા ખમાયરે. ૫

કડવું ૪૭ મું.

રાગ દેવગ્રી.—અનિરૂદ્ધ તે જાગીને પેખે, ભુવનથી આરડા

દેખે; કોણુ કારણુ અમને લાવીયાં હો. ૧ ચિત્રલેહા બાલી શીર નામી, તમને લાવીછું જાણી; ઓખાને કરો પટરાણી, વર વરવાને અરથે હો, તમને લાવીયાં હો. ૨ તમે બે નારી છો ધન્ય, દિસોછો કુંવારી કન્યા, પરણુ તો થાય છે અન્યા; કેમ પરણુ હો અશુરનંદની હો. ૩

કડવું ૪૮ મું.

રાગ ધવળ—બાણુાસુરની નગરીમાં, ગડગડીયાં નિશાનરે; એણુને શબ્દે અનિરૂદ્ધ જાગીયારે. ૧ જાગ્યા જાદવ રાય, જુગતી ન દેખેરે; પેખેરે પેખે અસુરનાં માળીયાંરે. ૨ આતો ન હોય અમારી નગરી, ન હોય અમારૂ ગામરે; નહોય નહોય કનકની દ્વારિકારે. ૩ ન હોય અમારી વાડીરે, અમે રમતા દહાડી દહાડીરે; ન હોય ન હોય પુષ્પ કનકને ઢાલીયોરે. ૪ અહિયાં નાદ ઘણા વાગે, રણતુર ઘણેરાં ગાજેરે; ન હોય ન હોય શંખ શબ્દ સોહામણોરે. ૫ મને કેઈ રંડા લાવીરે, મારી દ્વારીકાં છંડાવીરે; કેઈરે ભામનીયે મુજને ભોળવ્યોરે. ૬ આતો ઉંચા ઉંચા માળ, લોઢે જડયાં કમાડરે; રત્નાગર સાગર શે નથી ગાજતોરે. ૭ ચિત્રલેહા બાલી આળરે, તમે જોઈને દેજો ગાળરે; આવ્યા છો આ કન્યા સુખે વરોરે. ૮ ત્યારે અનિરૂદ્ધ બાલ્યો વાત, મુછ ઘાલી હાથરે; જાણી જોઈને જાત ગળીમાં કેમ બોળયેરે. ૯ મારો વડવો જુગજીવન, અમે પ્રદ્યુમનરાયના તનરે; તે માટે નહીં પરણું દૈતની દીકરીરે. ૧૦ ચિત્રલેહા બાલી વાતરે, ઢાંકી રાખો તમારી જાતરે; હવડાં વાતો કાઢીશ

વડઉવા તણી. ૧૧ સનકાસુરને મારીરે, સોળ હજાર લાવ્યા નારીરે; તારા સમજો તારા બાપે એકે નથી પરણીરે. ૧૨ એક કુગ્ને વરીયા, નવ પુછયાં કુળને પરીયાં રે; જાત ભાત કોઈની પુછી નહીરે. ૧૩ તારા બાપની જે ફુઈ, અરજુન સન્યાશીને ગઈરે; મોં કાઢીને બોલે એવું છે નહીરે. ૧૪ જેણે વાયો વંદ્રાવનમાં વંશ, જેણે મારયો મામો કંસ; ધાવતાં મારી માસી પુતનારે. ૧૫ ધાવતાં મારી માસીરે, કરી રાખી કંસની દાસીરે; કુબજાના કુળની વાતો કહેતાં નથીરે. ૧૬ તારો વડવો દધી માંખણનો ચોર, ચારયાં વંદ્રાવનમાં ઢોરરે; છાશ પીનેતો ઉછરીયોરે. ૧૭ સત્રાજીતને કાજેરે, મણી લેવા ગયા માહારાજરે; ત્યાંથી પરણી લાવ્યા જાંબુવંતી રીંછડીરે. ૧૮ લાંબા નખને ટુંકા કેશ, વરવો દીસે એનો વેશરે, ભુંડા મુખના છુંછા ઉપર શું મોહી રહયોરે. ૧૯ કઈતો વાત વધારી કહીએ, નીકર અહિયાં છાંનાં રહીએરે; પુછો છો તો કન્યાનું કુળ સાંભળોરે. ૨૦ એનો વડવો જુગજીવન, એનો વડવો કઈલાશનો રાજનરે; ઓખાની માડી તો ઉમીયા સતીરે. ૨૧ હિમાચળની ભાણેજીરે, ગણપતીતો તેનો વીરરે; ઉમીયાના અરધાંગે ઓખા ઉપનીરે. ૨૨ તારો વડવો જુગજીવન, તેમ એનો વડવો બળીરાજન; એક સમે બળીરાયે જજ્ઞ માંડીયોરે. ૨૩ બળીરાય જગ્નનો અધીકારી, તારો વડઉવો ભીખારીરે; સાડાત્રણ ડગલાં માટે કર જોડીયારે. ૨૪ આટલી વડાઈ શાને કરોછો, એના બાપની ભુમીમાં રહોછોરે; કરમ હીણના કપાળમાં કોઈ ચોઢે ન-

હીરે. ૨૫ કહેતો વાત વધારી કહીયે, નીકર આંહીથી છાંનાં રહીયે; આવ્યાછો તો આ કન્યા સુખે વરોરે. ૨૬

કડવું ૪૯ મું.

રાગ ઢાળ—અનિરૂદ્ધ વળતો કોપીયોને, કયાં ગઈ મારી ગદાય; તમારા બે જણના હવે, મારી કરૂં કટકાય. ૧ તમે જાણ્યું આહીંયાં લાવી, કર્યું ભલેરૂ કામ; તમને બે જણને મારી, ઉડીજાઉ દ્વારીકાં ગામ. ૨ ઓખા ત્યારે થર થર ધ્રુજી, વેગે આવી આડ; મારા પેઉજીને હું મનાવું, તું લાવી તે તારો પાહાડરે. ૩

કડવું ૫૦ મું.

રાગ સીધવો—માહારા સોરઠીયા સુજાણ, મળ્યા મને મેલસો માં; મારા જીવના જીવન પ્રાણ, મળ્યા મને મેલસો માં. ૧ મારા શરીરના સણગાર, મળ્યા મને મેલસો માં; મારા હૈડાકેરા હાર, મળ્યા મને મેલસો માં. ૨ મારી સાસુડીના જાયા, મળ્યા મને મેલસો માં; સ્વપ્ને શીદ ઝાલ્યો તો હાથ, મળ્યા મને મેલસો માં. ૩ તમને દાદાજીની આણ, મળ્યા મને મેલસો માં; તમે ચાલો તો કાઢુ પ્રાણ, મળ્યા મને મેલસો માં. ૪ ત્યારે અનિરૂદ્ધ બોલ્યો વાણ, સાંભળ સુંદરી; એ અબળાયે નાંખ્યા બોલ, અમશું ઉથલડી. ૫ મારા વડાઉવાની વાત, કાઢીને વઢી; ત્યારે ઓખા બોલી વાણ, એછે દાસલડી. ૬ કૌભાંડની તનીઆય, પગની ખાસલડી; ત્યારે અનિરૂદ્ધ બોલ્યો વાણ, હવે હું તને વરૂ. ૭ તમે ગાળો દીધી સાર, મારૂ વેર વાળ્યું; ચિત્રલેહા બોલી વાણ, ગાળો દીધી સહી; તમે બે થ-

ચાં છો એક, પરણાવું નહી. ૮ પરણવાની પેર, સઘળી મેં લ- હી; મને મળીયા નારદ મુન્ય, વિદ્યા શીખવી; ત્યારે ઓખા બોલી વાણુ, હવે વાર શાની; પરણાવ માળીયા માંય, રાજ- કુંવર નાહાની. ૯

કડવું ૫૧ મું.

રાગ ધોળ——માળીયામાં મીથ્યા અગ્નિ પ્રગટ કીધારે, મા- ળીયામાં દેવતા સાક્ષી લીધારે; માળીયામાં નારદ તુંબર વાય- રે, માળીયામાં કળસ ચોરી બંધાયરે. માળીયામાં પેહેલું મં- ગળ વરતાયરે, પેહેલે મંગળ શાં શાં દાન અપાયરે; ચિત્રલેહા આપેછે કરની મુદ્રીકાયરે, દાન લેછે ક્રશ્નતણો સંતાનરે. મા- ળીયામાં બીજુ મંગળ વરતાયરે, બીજે મંગળ શાં શાં દાન અપાયરે; ચિત્રલેહા આપેછે સોળ શણગારરે, દાન લેછે ક્રશ્ન- તણો સંતાનરે. માળિયામાં ત્રિજુ મંગળ વરતાયરે, ત્રીજે મં- ગળ શાં શાં દાન અપાયરે; ચિત્રલેહા આપે છે નવસર હારરે, દાન લેછે ક્રશ્નતણો કુમારરે. માળિયામાં ચોથુ મંગળ વરતા- યરે, ચોથે મંગળ શાં શાં દાન અપાયરે; ચિત્રલેહા આપે છે ગાયોનાં દાનરે, દાન લેછે ક્રશ્નતણો સંતાનરે. માળીયામાં સ- મે વરતે સાવધાનરે, માળીયામાં આરોગ્યા કંસારરે; માળિ- યામાં ચાર સોભાગ્યવતિ તેડાવોરે, ઓખા બાઈને સોભાગ્યવ- તિ કહી બોલાવોરે. માળિયામાં ઓખા અનિરૂદ્ધ પરણી ઉ- ઠયાંરે, માળિયામાં સોનઈયે મેરૂ તૂઠયારે.

કડવું પર મું.

રાગ ચોપાઈ ત્રિતાળ.—બોલ્યા શુકજી પ્રેમ વચન, સાંભળ પરિક્ષત રાજન; મળિને બેઠી બેઉ સૈયર નારી; બોલી વચન કોભાંડ કુમારી. ૧ સુખ ભોગવે શ્યામને સ્વામી, ચિત્રલેહા કહે શિરનામી; બાઈ તું કરજે પિઉનાં જતન, રાંક હાથે આવ્યું રતન. ૨ વરકન્યા સુખે રેહેજો, બાઈ મુજને જાવા દેજો; અન્ન બેનું આપેછે રાય, ત્રીજું માણસ કેમ સમાય. ૩ તમો નરનારી ક્રિડા કીજે, હવે મુજને આજ્ઞા દીજે; બોલી ઓખા વળતી વાણી, મારી સઈયર થઈ અજાણી. ૪ હવે સતી ઓખા વળતી ભાખે, બાઈ કેમ જીવું તુજ પાખે; આપણુ બે જણુ દિન નિરગમશું, અન્ન વેંચીને જમીશું. ૫ દુઃખ થાશે તો દઈશું થાવા, પણ નહીં દેઉ તુજને જાવા; બેની હુંતો રહીશ ભુખી, તુજને નહીં થવા દેઉ દુખી. ૬ હુંતો આપીશ મારો ભાગ, હમણાં નથી જવાનો લાગ; માબાપ વેરી છે માહારાં, મેંતો ચરણ શેવ્યા છે તમારા. ૭ તુજ તાત ઘેર ન જવાય, જાણ્ય બાણાસુરને થાય; ચિત્રલેહા કહે સુણ વાણી, મારી સૈયર થઈ અજાણી. ૮ પ્રધાન પુત્રી કહેવાઉછું માત્ર, હું છું બ્રહ્માણીનું ગાત્ર; તુજ અર્થે લીધો અવતાર, મેળવ્યાં નારી ભરથાર. ૯ એમ કહી કરી પ્રસન્ન, ચિત્રલેહા ગઈ બ્રહ્મ સદન; ઓખાએ આંખડી ભરી, કંથે આસના વાસના કરી. ૧૦ સ્વામી આશા બાંધી નારી, પછી ચિત્રલેહાને વિસારી; જે દાહાડે તુજને સ્વપ્ન, તે દહાડે મુજને સ્વપ્ન. ૧૧ જાણે પરણ્યો છું ઓખા નારી, ઉઘાડી મેલીતી બારી; બેને સરખી વિજોગની પીડા, નરનસ-

રી કરે કામ ક્રિડા. ૧૨ બેની ચડતી જોબન કાયા, પ્રિત બંધને બાંધી માયા; નેહ જણાવે છે ઓખા નારી, રમે અનિરૂદ્ધ કુંજબિહારી. ૧૩ જે જોઈયે તે ઉપર આવે, ભક્ષ ભોજન કરે મન ભાવે; પહોત્યો ઓખાનો અભિલાખ, પછી આવ્યો અસાંડ તે માસ. ૧૪ આવ્યા વર્ષાકાળના દન, મેહ ગાજે વરસે બહુ પરજન્ય; બોલે આકાશે વિજળી કરી, બોલે કોકીલા વાણી મધુરી. ૧૫ મહા તપસીનાં મન ડોલે, ત્યાંતો મોર બપૈયા બોલે; તેલ મરદન કરેછે અંગે, કેસર ચંદન ચરચે રંગે. ૧૬ આંખે અંજન આભ્રણ સાર, કરે તંબોળ કેશ આહાર; તપે નીલવટ ચાંદલો તેવો, ચંદ્ર સરદ પુનમના જેવો. ૧૭ શીશ ફુલ સેંથો સીંદુર, તેને મોહ્યો અનિરૂદ્ધ સુર; કાને ઝાલ ઝમકતી જોઇ, કામ કુંવર રહ્યો છે મોહી. ૧૮ નાકે સોહિયે મોતીની વાળી, તેને રહ્યો અનિરૂદ્ધ નિહાળી; મોહ્યો મોહયો ભ્રકુટીને જોડે, મોહયો મોહયો મુખને મોડે. ૧૯ મોહયો મોહયોહું ટીલાવટે, મોહયો મોહયો કેસ કલંકે; મોહયો મોહયો ઘુઘરાને ઘમકે, મોહયો મોહયો ઝાંઝરને ઝમકે. ૨૦ દીઠું મેડીયે સુંદર કામ, તેણે વિસાર્યું દ્વારીકાં ગામ; ઘણું ભક્ષ ભોજન કરે આપ, તેણે વિસાર્યાં માને બાપ. ૨૧ પામ્યો અધરામૃત પકવાન, તેણે વિસાર્યું હરીનું ધ્યાન; ઓખા સુખતણે સાગર, તેણે વિસાર્યો રત્નાગર. ૨૨ અનિરૂદ્ધની ચાલે છે ગમતી, નારી હીંડે નરને નમતી; નારી નારી મુખે ઓચરતા, હીંડે ઓખાની પુંઠળ ફરતા. ૨૩ ઘેલો કીધો મરજાદા મેલી, નવ સુજે દીવસ

કે રેણી; રાતદિન નિરગમે છે રમી, ચારે આંખે ઝરેછે અમી. ૨૪ સુધબુધ તો વિસરી તહી, એટલે ચોમાસું ગયું વહી.

વલણ—ચોમાસું તો વહી ગયું, આવ્યો આસો માસરે; કન્યા ટળી નારી થઈ, ઓખા પામી સુખ વિલાસરે.

કડવું ૫૩ મું.

રાગ મલાર—વર્ષાઋતુ વહિ ગઈરે, રમતાં રંગ વિલાસ; સુખ પામ્યાં ઘણુંરે, એટલે આવ્યો અશ્વીન માસ. ૧ એક સમે સઈયર આવી, સરદપુનમની રાત; માણેકઠારી પુરણીમારે, ઉત્તમ દિસે આસો માસ. ૨ ચંદ્રમાને કીરણેરે, બેઠાં હિંડોળે નરનાર; હાશ વિનોદમાંરે, કરતાં વિવીધ વિલાસ. ૩ રક્ષક રાયનારે, તેણે દીઠી રાજકુમાર; કન્યા રૂપ કયાં ગયુંરે, ઓખા દીસે હવે નાર. ૪ ચિત્રલેહા કયાં ગઈરે, એકલી દિસે છે ઓખાય, રાતી રાતી આંખડીરે, ફુલ ફુલી દીસે છે કાય. ૫ હીંડે ઉર ઢાંકતીરે, શકે થયો નખપાત; અધરપે શાંમતારે, કોઈક પુરૂષ દંતનો ઘાત. ૬ સેવક સંચર્યોરે, એવો દેખીને દિદાર; મંત્રી કોભાંડનેરે, જઈને કહ્યા સમાચાર. ૭ પ્રધાન પરવર્યોરે, જયાં છે અસુર કેરો નાથ; રાયજી સાંભળોરે, મંત્રી કહેછે જોડી હાથ. ૮ લોકીક વારતારે, કાંઈક આપણુને લંછન; જીભ્યા છેદીયેરે, કેમ કહીયે વર્જીર વચન. ૯ બાળકી તમતણીરે, તેતો થઈછે નારી રૂપ; વારતા સાંભળીરે, આસનથી ઢળીયો ભુપ. ૧૦ ધ્વજા ભાગી પડીરે, એતો અમથી અકસ્માત; બાણ કોપ્યો ઘણુંરે, મંત્રી સાંભળી સાચી વાત. ૧૧ શિવે કહ્યું તે થયુંરે, તારી ધ્વજા

થશે પતન; તે વારે જાણજેરે, રીપુ કોઈક થશે ઉત્પન્ન. ૧૨ જુઓ મંત્રી તમોરે, જઈ પુત્રી કેરી પેર; તેને કોઈ જાણે નહીંરે, તેમ તેડી લાવો ઘેર. પ્રધાન પરવર્યોરે, સાથે ડાહ્યા ડાહ્યા જન; ઓખાને આળીયેરે, હેઠે રહીને કહેછે વચન. ૧૪ કઉભાંડ ઓચર્યોરે, ઓખાજી દયોને દરશન; ચિત્રલેહા ક્યાં ગઈરે, ચાલો તેડે છે રાજન. ૧૫ થર થર ધ્રુજતીરે, પડી પેટડીઆમાં ફાળ; શું થાશે નાથજીરે, આવી લાગી મહા જંજાળ. ૧૬ તમે રખે બોલતારે, નાથજી દેશો માં દરશન; મુખ ઉડી ગયુંરે, ઓખા નિર ભરે લોચન. ૧૭ બાળા બહુ વ્યાકુળીરે, કાંઈ કદળીકેરે વરણ; કશણ કસ્યા વીનારે, કંચુકી પેહેરી અવળે વરણ. ૧૮ બારીએ બાળકીરે, ઉભી રહીને ત્યાં આવી; કૌભાંડે કુંવરીનેરે ભયંકર વચને બોલાવી. ૧૯ ચિત્રલેહા ક્યાં ગઈરે, તું એકલડી દીસે બાળ; કન્યારૂપ ક્યાં ગયુંરે, ખીજશે બાણાસુર ભુપાળ. ૨૦ શરીર સંકોચતીરે, કરતી મુખડા કેરી લાજ; ઘરમાં કોણ છેરે, મુજને સાચુ કહોને આજ. ૨૧ ગળસ્થળ કર ધરીરે, કોઈ પુરૂષ દંતનો ઘાત; શણગટ તાણતીરે, બોલી ઓખા ભાગી વાત. ૨૨ દીલ સારૂ નથીરે, ચિત્રલેહાયે કીધું સયન; તેણે હું આકળીરે, દુખણી નીર ભરયું લોચન. ૨૩ મંત્રી ઓચર્યોરે ઓખા બોલી આળપંપાળ; હેઠાં ઉતરોરે, નહીં તો ચહડીને જોઈશું માળ. ૨૪

વલણ—માળ જોઈશું તમતણો, ભાગસે તમારો ભારરે; એવું જાણીને ઉતરો, રાય કોપ્યા છે અપારરે.

કડવું ૫૪ મું.

રાગ સામગ્રી—કન્યાયે ક્રોધ જણાવીયો, હાકોટયો પ્રધાન; લંપટ બોલંતો લાજે નહી, ઘડપણે ગઈ સાન. કન્યાએ૦ ૧ પાપી પ્રાણ લેવા કયાંથી આવિયો, બોલતો ક્ષુદ્ર વચન; એ વાત સારૂ કીધી જોઈશે, જીભડલી છેદન. કન્યા૦ ૨ હુંતો ડાહ્યો દાનવ તુને જાણતી, ભારેખમરે કઉભાંડ; એવું આળ કોને ન ચડાવીયે, ભાગી પડેરે બ્રહ્માંડ. કન્યાએ૦ ૩ કહેવા દેને તું મારી માતને, પછી તારી વાત; હત્યા આપુ તુજને,, કરૂં જંપાપાત. કન્યા૦ ૪ કઉભાંડ લાગ્યો પછી કંપવા, પુત્રી પરમ પવીત્ર; પછી કાલાવાલા માંડીયા, ન જાણ્યું સ્ત્રી ચરિત્ર. કન્યાએ૦ ૫ બાઈ રાજાએ મુજને મોકલ્યો, લોકે પાડયો વિરોધ; ઓખાજી પુછયા માટે; આવડો શો ક્રોધ. કન્યાએ૦ ૬ એવું કહેતાં સેવક મોકલ્યો, બાણાસુરની પાસ; રાજાએ મંત્રીને કહાવીયું, જુઓ ચઢીને અવાસ. કન્યાએ૦ ૭ કઉભાંડ કોપ કરીને ગાજીયો, વજડાવ્યાં નિશાન; માળીએથી બંને ઉતરો, બાણાસુરની આણ. કન્યાએ૦ ૮ દાસને આપી આજ્ઞા, સ્થંભ કરોને છેદન; ઓખાએ આંસુડાં ઢાળીયાં, ચંપાશે સ્વામીન. કન્યા૦ ૯ હોકારો અસુરનો સાંભળી, ઉભો થયો અનિરૂદ્ધ; મેઘનીપેરે ગાજીયો, કંપી નગરી બુધ. કન્યા૦ ૧૦ મંત્રી કહે સુભટ સાંભળો, કોઈ જોદ્ધો બોલ્યો આંહી; આપણા નાદે ઉઠીયો, મેઘ શબ્દથી સહી. કન્યાએ૦ ૧૧ ઓખાએ નાથને બાથમાં ઘાલીઓ, શું જાબોછો વહી; મરડી જાઓ જુદ્ધને, હવડાં જાઊં કહી. કન્યા૦ ૧૨

આશો ઉદ્યમ વઢવા તણો, નથી બાપનું ધામ; દાનવને માનવ જીતે કહીં, ન હોય રૂતુ સંગ્રામ. કન્યા० ૧૩ નાથ કહે સુણ સુંદરી, વાત સઘળે થઈ; હવે ચોરી શાની આપણે, બેશીયે બારી જઈ. કન્યા० ૧૪

વલણ.—જઈ બેઠાં નરનારી બન્ને, વાત વિપ્રીત કીધીરે; છજે ભજે કામ કુંવરી, ઓખા ઉછંગે લીધીરે.

કડવું ૫૫ મું.

રાગ રામકળી—જોડી જોવાને જોદ્ધ મળ્યા ટોળેજી, ઓખા બેસારી અનિરૂદ્ધ ખોળેજી; કંઠમાં બાવલડી ઘાલી બાળાજી, દેખી કઉભાંડને લાગી જવાળાજી. ૧

ઢાળ.—જવળા પ્રગટી ઝાળ પ્રગટી, સુભટ સહુ જોવા મળ્યા; મંત્રી કહે ભાઈ સબળ શોભે, જેમ હરી ઉછંગે કમળા. ૧ લઘુ સ્વરૂપને લક્ષણવંતો, આવી સુતાસંગ બેઠો; જયાં પરશ નહી પંખીતણો તે, માળીયામાં કેમ પેઠો ૨. નીશંક થઈને છજે બેઠાં, નિર્લજ નરને નારી; હાસ્યવિનોદ કરે ઘણો ને, લજયા ન આણે મારી. ૩ ઓખાયે અપરાધ માંડયો, ધાઈ ધાઈ લેછે સોઈ; પ્રધાન કહે એ પુરૂષ મોટો, કારણ દીસે કોઈ. ૪ અંબુજ વરણી આંખડીને, ભ્રકુટી રહી અમ ખસી; રોમાવળી વાંકી વળી, વઢવા રહ્યો ટમટમી. ૫ માળ ઘેયો સુભટ સર્વે, બોલેછે આનંદ; અહો વિભિચારી ઉતર હેઠો, એમ કહે કઉભાંડ ૬ અલ્પ આયુશના ધણી, જમપુરીના મારગ સત્ય; અસુર સરીખા રીપુ માંથે, કેમ થઈ બેઠો સ્વસ્થ. ૭ બાણરાયની દી-

કરી, તેને ઇંદ્રે ન થાય આળ; તે રાજકુંવરીની સંગે, તું ચઢીને બેઠો માળ. ૮ સાચુ કહે જેમ શીશ રહે, કોણ નાત કુળને ગામ; યથારથ તું ભાખજે, કેમ સેવ્યું ઓખાનું ધામ. ૯ અનિરૂદ્ધ વળતી બોલીયો, સાંભળો સુભટ માત્ર; ક્ષત્રીનંદન હું ઈચ્છાયે, આવ્યો બાણુનો જમાત્ર. ૧૦ મંત્રી કહે અલ્યા બોલ્ય વિચારી, ઉતરશે અભીમાન; જમાત્ર કોનો બાળકો, કોને દીધું કન્યાદાન. ૧૧ અપરાધ પુરણ ઉતર હેઠો, તને બાણુરાયની આણ; આ દાનવ તારા પ્રાણ લેશે, મરણ આવ્યું જાણ. ૧૨ વિચાર જાણે જીવ્યાનો, જો પડયો વરાંસે ચુક; સીંહ હોયતો હાંકે ઉઠે, પણ દીસેછે જાંબુક. ૧૩ બેઉ જણાને જોઈને, પાછો ચાલ્યો કૌભાંડ; કૌભાંડનું વાયક સાંભળી, બોલ્યો બળીરાજાનો તન. ૧૪ સાંભળતામાં ચાર લાખ યોદ્ધા, મોકલ્યા તતકાળ; તે ઓખાયે દીઠા આવતા, પડી પેટમાં ફાળ.

કડવું ૫૬ મું.

રાગ પરજ—કામનીયે જ્યારે કટક દીઠું, ઓખા થઈ નિરાશ; અરે દઈવ આ શું કીધું, મારા મનમાં હતી મોટી આશ. ૧ વાલા કેમ વઢશોરે વઢશો, મારા પાતળિયા ભરથાર; વાલા કેમ૦. ૨ ટેક. અરે પીયુ તમે એકલા, કરમાં નથી ધનુષ્ય ને બાણ; એ પાપી પીતા કોપીયો, તે લેશે તમારા પ્રાણ. વાલા૦ ૧ આછી પોળી ઘીયે ઝબોળી, માંહે આંબારસ ઘોળી; તમે જમતા હું પીરસતી, ભરી કનક કચોરી. વાલા૦ ૨ આલોટે પાલોટે અવનીપર, રૂદન કરે અપાર; બોલાવી બોલે ન-

હીં, નઈણે વરસે આંસુની ધાર. વાલા૦ ૩ વળી બેઠો ઉઠે ને વલી, થાય વદન વીકાશણુ વીર; તીવ્ર બાણુ જ્યારે છુટશે, સેહેશો કેમ કોમળ શરીર. વાલા૦ ૪ મારા માતપિતાને જાણ થયું ને, કટક મોકલ્યું પ્રૌઢ; પાપી બાપે કાંઈ નવ જાણ્યું, બાણાસુર મહા મુઢ. વાલા૦ ૫

કડવું ૫૭ મું.

રાગ ઢાળ—ઘેલી નારી કાલાવાલા, જે કરો તે ફોક; અમો એવું જુદ્ધ કરીયે, તે જાણે નગરના લોક. ૧ તું જાણે પિઉ એકલાને, હાથ નહીં હથિયાર; તારા બાપે ચાર લાખ મોકલ્યા તે, મારે મન છે ચાર. ૨ તું જાણે પિઉ એકલાને, કર નથી ધનુષ્ય ને બાણુ; એક ગદા જ્યારે ફરશે ત્યારે, લેઈશ સર્વના પ્રાણુ. ૩ ચિત્રલેહા ચતુર નારી, વિધાત્રીનો અવતાર; ઓખાયે તે ધ્યાન ધરીયું, આવી માળિયા મોઝાર. ૪ એવું કહીને જોયું સેજ્યામાં, ગદા તો નવ દીઠી; ચમકીને પુછ્યું ચિત્રલેહાને, અંગ લાગી અંગીઠી. ૫ ચિત્રલેહા કહે મહારાજ હું તો, ચતુર થઈ નવ ચુકી; મેં જાણ્યું મુજને મારશે, ગદા દ્વારીકામાં મુકી. ૬ અનિરૂદ્ધ કહે શાને વઢું, મારે હાથ નથી હથીયાર; ચિત્રલેહાયે નારદ સંભારયા, માળીયા મોઝાર. ૭ નારદ કહે મુજને કેમ સંભારયો, કોભાંડ કેરી તન; મહારાજ જુધ્ધે ચઢે અનિરૂદ્ધ, દીજે આશીરવાદ વચન. ૮ નારદે આશીર્વાદ દીધો, શોભાગ્યવંતી ઓખા બાઈ; ભલો ભલો પુત્ર પ્રદ્યુમનનો, ચીરંજીવી અનિરૂદ્ધભાઈ. ૯ ભલો તું પુત્ર પ્રદ્યુમનનો, વીર ધ-

ણો વીકાળ; અંતરીક્ષ ઉભો હું જોઉછું, આણુ સરવનો કાળ. ૧૦ અલ્યા ઘણી વાર તો બેશી રહયો ને, વાત તણું નહીં કામ; બૈરામાં બકરીયો બાંધી, તેં બોળ્યું બાપનું નામ. ૧૧ અનિરૂદ્ધ કહે શાને વઢું, હથીયાર નથી કાંય એક; જોદ્ધા ઝાઝા શોર કરે છે. ત્યાં શો કરવો વિવેક. ૧૨ નારદ કહે છે ઓખા બાઈને, તું આદ્ય જગતની માત; તારૂ સમર્થ હોય જેટલું, તે આપ સ્વામીને હાથ. ૧૩ ઓખાયે એક ભોંગળ લઈને, કાહાડી આપી ઘરમાંથી બાહાર; સ્વામીના કરમાં આપી, તેમાં હજાર મણનો ભાર. ૧૪ વીર વિકાશી ભોંગળ લીધી, માળીઆમાંથી ધાય; ચાર લાખ જોધ્ધા તરવરીયા તે, સામો જુધ્ધે જાય. ૧૫ ગેડી ગુપ્તી ફરશી તુંબર, છુટે ઝાઝાં બાણ; માળિયાને ઢાંકી લીધું, જેમ આભલીયામાં ભાણ. ૧૬ આવતાં બાણ એકઠાં કરીને, પાછાં નાખે બાળ; ઉંચેથી આવી પડે તે, આણે સરવનો કાળ. ૧૭ ભડક લઈને ભોંગળ મારી, અનીરૂધ્ધે જોગી વાર; તે ઝણકારા કરતી આવી, તેણે કર્યો ઘણો સંહાર. ૧૮ અનીરૂધ્ધ કેરો માર ઘણો તે, જોધ્ધા એ ન ખમાય; મારી કટક સરવે કટકા કીધું, આપે નાઠા જાય. ૧૯ રહો રહો શા માટે નાશો, કાં થાઓછો રાંક; હું તમારા કાજ આવ્યોછુ, મારો ન કાઢો વાંક. ૨૦ અંગ ધ્રુજે કાંઈ નવ સુજે, આવ્યા રાયની પાસ; બાણાસુર બેશી રહયોને, કટક થયું સૌ નાશ. ૨૧ જોધ્ધા સહુ નાશ થયાને, ચોરી નાઠા સાર; તમને આવ્યો સંભળાવવા, ઘણું કરી પોકાર. ૨૨ નાશ રાજા ભુંગળ આવી,

પ્રાણ તાહારો જાય; બાણાસુર પડયો ગાભરો, દૈવ આતે શું કહેવાય. ૨૩ બીજા રાયે છ લાખ મોકલ્યા, જઈ કર્યો સંગ્રામ; મારી બાંધી લાવો કહુછું, એને તો આ ઠામ. ૨૪ જોધ્ધા આવ્યા જોરમાં તે, કરતા મારો માર; છ લાખ આવી ઉભા રહ્યા, તેના બળ તણો નહીં પાર. ૨૫ કોઈ એક ને બે જોજન, ઉંચા જે કહેવાય; કોને માથે શીંગડાંને, લોચન ઉદર માંય. ૨૬ ખડગ ખાંડાં તુબર ફરશી, ગોળી હાથે નાળ; તોપ કવચ રણભાલા બરછી, મુદગરને લીડી માળ. ૨૭ સાંગ ગેડી ગુપ્તી ગદાને, ઝળકતી તરવાર; બાણાસુરના યોધ્ધાતે, કરતા મારો માર. ૨૮ કાંઈક કચરઘાણ થયાને, કંઈકના કડકાય; કુંભસ્થળ ફાટી ગયાને, પડયા પૃથ્વી માંય. ૨૯ અનિરૂધ્ધે પછી વિચારી, ગદા પડી છે ધરણ; જોધ્ધા આવ્યા જોરમાં તે, કેમ પામશે મરણ. ૩૦ પછી પડતું મુકયું પૃથ્વી ઉપર, ગદા લીધી હાથ; કાળચક્રની પેરે સેન્જે, સો સંહારયા સાથ. ૩૧ કોઈ જોધ્ધાને ઝીકી નાંખ્યા, ઝાલ્યા વળતી કેશ; કોઈને અડબોથ મુકીને, કોઈને પગની ઠેસ. ૩૨ કોઈનાં મોઢાં ભાગી નાંખ્યાં, હાથની લપડાકે; કોઈને મારી ભુકો કીધો, ભુંગળને ભડાકે. ૩૩ એમ હુલડ કરયુ ને ત્રાસ પડીયો, ભુંબરાણ બહુ થાય; છ લાખ ચકચુર કરીને, ગયો માળિયામાંય. ૩૪ નાઠા જોધ્ધા વેગે ગયા, જયાં છે બાણાસુર રાય; નાશ રાજા ભુંગળ આવી, પ્રાણ તારો જાય. ૩૫ નોહે નોહે કાંઈ નાહાનો કુંવર, દીસે છે કોઈ બળિયો; ઘણીવારનો જુધ્ધ કરે છે, કોઈનો ન જાય કળિયો.

૩૬ કૈભાંડને તેડાવી પુછયું, હવે શું કરવું કાજ; આટલે છો-
કરે નીચું જોવરાવ્યું, ધીક ધીક મારૂ રાજ. ૩૭

કડવું ૫૮ મું.

રાગ બિભાસ—મતબાલો મહાલે માળમાં, જઈ જોધ્ધાએ
સભામાં સંભળાવ્યું; કૈભાંડને ચહડીયો કાળ, મતબાલો મ-
હાલે માળમાં. ૧ જુગ જીત્યુ પણ કાંઈ નવ દીઠું, સ્વર્ગ મૃત્યુ
પાતાળમાં; કહો કઉભાંડ હવે શું કરવું, મારો ભાગ્યો ભાર ભુ-
પાળમાં. મતબાલો. ૨ સહુ સેન્યાનું સામ્રથ ભાગ્યું, બહુ બળ
દીઠું છે બાળમાંરે; દસ લાખનો દાટજ વાળ્યો, હજી છે વઢ-
વાની ચાલમાંરે. મતબાલો. ૩ કહો પ્રધાન હવે શી વલે થા-
શે, બાણ પડયો જંજાળમાંરે; રાતમાં જઈને રોકી રાખો, ના-
સે પ્રાતઃ કાળમાં રે. મતબાલો. ૪ વિખિયારે વળગ્યો તે નહીં
થાય અળગો. જેમ માખી મધ જાળમાંરે; બાળક બકરીને શા-
ને ઓસરો, તેમ જાવા સીંહની ફાળમાં. મતબાલો. ૫ એ બા-
ળકને જે બાંધી લાવે, તેને વધાવું રતન ભરી થાળમાંરે; સીં-
હપણું વેરાઈ ગયુને, થયું સંગ્રામ શીયાળમાંરે. મતબાલો. ૬

કડવું ૫૯ મું.

રાગ સોરઠ—કૈભાંડ કહે તું સાંભળ રાજા, કહું એક સા-
ચો મર્મ; એ ભુંગળે દસ લાખ મારયા, તેણે ન રહયો તારો
ધર્મ. ૧ અચરજ એક લાગે છે મુજને, પડી અસંગે વાત; એકુ
ભોંગળે દસ લાખ મારયા, કીધો મહા ઉતપાત. ૨ પુરવે મેં
તને પ્રિછવ્યો, અહંકારે થયો તુ અંધ; અહંકારે લંકા ગઈ,

રણુરોળાયો દશસ્કંધ. ૩ અહંકાર ચંદ્રમાયે કરયો, તેને રોહીણીશું સંજોગ; છવીશ નારી પરહરી, માટે ભોગવે ખઈ રોગ. ૪ એવા અહંકાર હું અનેક કહું, સાંભળ ને ભુપાળ; વાંક કોઈનો કહાડીયે નહીં, પણ ફુટયું તારૂં કપાળ. ૫ અહંકાર તુજબાપે કર્યો, જેણે જીત્યા દશ દીગપાળ; વામનરૂપ વીઠલે ધરીને, બળી ચાંપ્યો પાતાળ. ૬ અહંકાર કોઈનો છાજયો નહીં, ગર્વ ન કીજે રાય; ગર્વ કોઈનો રહ્યો નહીં, તમે વિચારો મન માંય. ૭ પેહેલી ધ્વજા ભાગી પડી, વરસ્યો રૂધીરનો વરસાદ; નક્ષત્ર તુટીને પડયું ને, થવા માંડયો ઉતપાત. ૮ હવે તતબર થઈને સેન્યા સંભાળો, બેઠાનું નહીં કામ; દશ દીશા તું જીતીને આવ્યો, છોકરે બોળ્યુ તારૂં નામ. ૯ રાય પેહેલો મેં તુને પ્રિછવ્યો, પ્રતાપ તારો પ્રતક્ષ; આ સમે એ વીલોકતામાં, ઉદય પામ્યો અસ્ત. ૧૦ સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, કહેવાયો તું એક; તરણાવત તુજને કરયો, એ છોકરે વાળ્યો છેક. ૧૧ વચન એવું સાંભળીને, રાયની ગઈ છે સુધને સાન; સ્થુળ અંગ દેખી રાજાનું, પછી બોલિયો પ્રધાન. ૧૨ કૌભાંડ કહે તું સાંભળ રાજા, પ્રાક્રમ તહારૂં પ્રચંડ; શશા ઉપર સીંહ અખંડ છે, તેમ પૃથ્વી. કરૂં શત ખંડ. ૧૩ કહો તો એને બાંધી લાવું, એમાં તે કેટલું કામ; શોણીતપુરના સુભટ કેરા, અનઠ ટાળુ શામ. ૧૪ રળીયાત થયો વચન સાંભળી, આપ્યા સહુ શણગાર; તું મારો વડો બાંધવ, આ તારો સરવ ભંડાર. ૧૫ જાઓ વીર તમો વેગે જઈને, કરી આવો શુભ કામ; વધામણી

વેહેલી મોકલજો, પેલા શત્રુનો કેદી ઠામ. ૧૬ વચન શીષ ચઢાવીને ઉઠયો, તેણે કીધો સૌ શણગાર; સેન્યા સઘળી સજ કરી. તેની શોભાનો નહીં પાર. ૧૭ માહા મોટો ગજ ગીરીવર સરખો, મદગળીત કહેવાય; હીરા માણેક રત્ન જડીત અંબાડી, તેની જયોતે રવી ઢંકાય. ૧૮ સુર્યવંશી ને સોમવંશી, પાખરીયા કેકાણ; મોરડે મોતી જડીત તેને, હીરા જડીત પલાણ. ૧૯ અનેક અશ્વ દોરીયા આગળ, ગણતાં ન આવે પાર; અનેક પાલખી રથ ઉંટાસને, તેને સુભટ થાય અસ્વાર. ૨૦ સીંહલદ્વીપના હસ્તી મોટા, તેને જડયાં માણેક અપાર; મેઘાડંમર છત્ર ધરીને, તેણે મંત્રી થયો અસ્વાર. ૨૧ નગારાંની તો ધોંશ વાજે, શરણીયોના તુર; સેન્યા સઘળી પરવરી, જાણે સાગર આવ્યું પુર. ૨૨ નાળ ગોળા કવચ ભાથા, કરતા મારો માર; માળીયા આગળ ઉભા એટલે, ઓખા કરે વિચાર. ૨૩ સ્વામી તમારા મનમાં આવે તો, કહું વિનતી આજ; ચિત્રલેહા દ્વારીકાં લેઈ જાય તો, સીજે સઘળું કાજ. ૨૪ વચન સુણીને જવાળા લાગી, ચઢી અનિરૂદ્ધને રીસ; ચરણ કેરી આંગળીથી, જવાળા લાગી શીષ. ૨૫ યુદ્ધ વિષે સનમુખ રહુ તો, ન લાજે મારો વંશ; બાણાસુરને એણીપેરે મારૂ, જેમ કૃષ્ણે માર્યો કંશ. ૨૬ એવા માંહે જોદ્ધા આવ્યા, દેવા લાગ્યા ગાળ; ક્રોધ ચહડયો બહુ કામ કુંવરને, કીધી ઈચ્છા દેવા ફાળ. ૨૭

વલણ—ફાળ દેઉ અંત લેઉ, હોકારો તવ કીધોરે; ઓખાએ અનિરૂધ્ધ માળીયામાં, ઉચકી દંડવત કીધોરે. ૨૮

કડવું ૧૦ મું.

રાગ ભુપાળ—ઓખા કહે કંથને એમ ન કીજે, બળીઆશું વઢતાં બીજે; એ ઘણાને તમો એક જાતે, સૈન્ય મોકલ્યું મારા તાતે. દૈત્યને વાહન તમો પાળા, એ કઠણ તમો સુવાળા; એને તોપ કવચને બકતર, તમારે અંગે પીતાંબર. દૈત્યને સાંગ્ય ને બહુ ભાલા, પ્રભુ તમો છો ઠાલામાલા: આતો મસ્તાન બહુ બળીયા, તમો સકોમળ પાતળીયા. પેહેલું મસ્તક માહારૂં છેદો, સ્વામી પછી અસુરને ભેદો; તમારી દેહ દેખીને હું તો મોહું, નેત્રે જુદ્ધ કરતાં કેમ જોઉં. મુવા દઈત્ય કરે હોકારા, પ્રભુ પ્રાણ કંપે છે મારા; ઈચ્છા અંતરમાં પેઠી, દઈત્યે માળિયું લીધું લુંટી. ઘણું ક્રોધી વિરોધી છે બાણ, હાંકે ઈંદ્ર તું જાયે આશાન; જન સ્થંભે તાતની હાકે, બાણ સેન્ય ચઢાવી છે ચાકે. જેને નામે તે મેરૂ હાલે, ચક્ર ધારી સરખે નવ ચાલે; ક્ષત્રી સાથ રહે છે બીતો, તમો કેઈપેર એને જીતો. મંત્રી રહ્યો છે દંતજ કરડી, શું ધાઓછો મરડી મરડી; કંથ કહે ન કરૂ સંગ્રામ, નાશી પેઠાનો કીધો ઠામ. હવે જીવતા છુટવું નહીં, સૈન્ય મારીયે સામા થઈ; નથી ઉગરવાનો ઉપાય, ત્યારે ભય પામે શું થાય. નાઠે લાંછન લાગે કુળમાં, છે શામને લાંછન મુળમાં; વહુ વરવા જે મણીધર ડોલે, ન ડોલે તો અળશીયાં તોલે. ઘન ગાજે કેસરી દે ફાળ, ના ઉછળે તો જાણવો શીયાળ; ક્ષત્રી શોંઢે દેખીને દળ, ન શોંઢે તો જાણવો વિંઢળ. હાકે વાઘ ન માંડે કાન તો જાણવો નિશ્ચે સ્વાન; ઘરમાં જોદ્ધા કો રહે પેશી, તો ચરણ વી·

નાનો રહે બેશી. એમ કહીને ઓખા અળગી કીધી, ભડ ગાજ્યો ને ભોંગળ લીધી; અંસુર સેન્યામાં જઈને અડીયો, છજેથી કપીની પેઠે પડીયો. જેમ ચંદ્ર પેસે વાદળમાં, તેમ અનિરૂદ્ધ પેઠો દળમાં; વાદળ ચંદ્રને લે જેમ વીંટી, તેમ અનિરૂદ્ધને લીધો વીંટી. અસુર કહે એ માનવી કશું, બહુ સીંહમાં બગલું તશું; જો મુગટ મંત્રીને ચરણે ધરે, તો તું મૃત્યુ થકી ઉગરે. તેનાં એવાં વાયક સાંભળી, અનિરૂદ્ધ ધાયો હોકારો કરી; નાંખે દઈત્ય ખાંડાં મુદગલ, તેમ વિષ્ણું નાંખે ભોંગળ. વીસ સહસ્ત્ર અસુર સૌ તુટયા, એકીવારે બહુ સર છુટયાં; આયુદ્ધ ધારા રહીછે વરશી, છુટે પરીઘ આયુધ્ધને ફરશી. થાય દાનવ ટોળેટોળાં,વરશે ભીડી માળને ગોળા;બોલે દુંદુભીના ગડગડાટ, થાય ખાંડાતણા ખડખડાટ. હાકે હસ્તીને પાડે ચુચવાટ, રથ ચક્ર વાજે ગડગડાટ; હોય હયના ઘણા હણહણાટ, દેખી દોહલા નાથનો ઘાટ. થાય ઓખાને ઉચાટ, દેખે દોહલો નાનો ઘાટ; પછી દાનવનો વાળ્યો દાટ, અનિરૂધ્ધે મુકાવી વાટ. કોઈ ઝીકયા ઝાલી કેશે, કોઈને ઉડાડયા પગની ઠેશે; કોઈ હણ્યા ભોંગળને ભડાકે, કોઈનાં મો ભાગ્યાં લપડાકે. કોને ભાલા વાગ્યા ભચ, કોનાં નાક વઢાયાં ટચ; કોઈ અધકચરા કોઈ પુરા, મારી સૈન્ય કર્યું ચકચુરા. તે રણમાં ભયાનક ભાસે, બળ દેખી ઓખા ઉલાશે; મેંતો આવડું નોહોતું જાણ્યું, ચિત્રલેહાયે રત્નજ આણ્યું. થાય પરસેવો અનિરૂધ્ધને દીલે, પોતાના વસ્ત્રમાં ઓખા ઝીલે; ભડ ગાજ્યું ને પડયું ભંગાણ, નાઠો કોભાંડ લેઈને

પ્રાણ. થઈ બાણાસુરને જાણ, એક પુરૂષે વાળ્યો ઘાણ;અસુરને ચઢીયો બહુ કોપ, સજ્યાં કવચ આયુધને તોપ. વાગી હાકને ચઢીયો બાણ; તેતો થઈ ઓખાને જાણ.

વલણ—જાણ થયું જે તાત ચઢીયો, કોણ જીતશે સહુ હાથરે;ઓખા આંખ ભરતી રૂદન કરતી,પછી સાદ કરતી નાથરે.

કડવું ૬૧ મું.

રાગ રામગ્રી—મારા સ્વામી હો ચતુર સુજાણ, બાણદળ આવ્યુંરે જાદવજી; દીસે સૈન્યા ચારે પાસે, હવે શું થાશેરે જાદવજી. એતો બળિયા સાથે બાથ, નાથ કેમ ભીડોરે જાદવજી; સામો દઈત્ય છે કપાત્ર, માટે ડરીને હીંડોરે જાદવજી. આ દળ આવ્યું બળવંત, દીસે રીસે રાતારે જાદવજી. એકલડા અસુરને મુખે, રખે તમે જાતારે જાદવજી; આ ગજ આવે બળવંત, દંત કેમ શેહેશોરે જાદવજી. અસુર અરણવ ધાય, તણાણા જાશોરે જાદવજી; એવું જાણીને ઓસરીઓ, ન કરીયે ક્રોધરે જાદવજી. એકલડાનો આશરો શાનો, માનો પ્રતિબોધરે જાદવજી; ધીરા થાઓને ધાઓ, વઢો તે ફાંસુરે જાદવજી. માહારી ફરકે છે જમણી આંખ, વરસેછે આંસુરે જાદવજી; મુને દિવસ લાગે છે ઝાંખો, ભોંગળ હેઠી નાંખોરે જાદવજી. હું તમને સમજાવું આ વાર, વચન મારૂં રાખોરે જાદવજી; તમો મુજ દેહલડીના હંસ, મુકોને જુદ્ધરે જાદવજી. પાછા વળોજી લાગુ પાય, માનો મારી બુદ્ધરે જાદવજી; ઘેલી દીસેછે ઘરૂણી, તારૂણી આ શી ટેવરે રાણીજી. અમો બાણ થકી ઓસરશું, તો કરશું શેવરે રાણી-

જી; આવ્યો બાણાસુર ભુપાળ, તેને હું મારૂરે રાણીજી. એના છેદુ હાથ હજાર, દળ સંહારૂરે રાણીજી; અનિરૂદ્ધ રણથકી ઓ-સરે તો, લાજે શ્રીગોપાળરે રાણીજી; હવે અંત આપણો આ-વ્યો, હવે નાઠે આળ રે રાણીજી.

વલણ—નાઠે આવે આળ, નવ કીજીયે ઉપવાદરે; કહે પ્રે-માનંદ ઓખાબાઈએ, અનિરૂદ્ધને કર્યો સાદરે.

કડવું ૬૨ મું.

રાગ વેરાડી—ઓખા કરતી કંથને સારૂરે, હો હઠીલા રાણા; એ શા સારૂ ઉનમાદ, હો હઠીલા રાણા. ૧ હુંતો લાગું તમારે પાય, હો હઠીલા રાણા; આવી બેસો માળીયા માંય, હો હઠી-લા રાણા. ૨ હુંતો બાણને કરૂં પ્રણામ, હો હઠીલા રાણા; છે કાલાવાલાનું કામ, હો હઠીલા રાણા. ૩ એતો બળીયા સાથે બાંથ, હો હઠીલા રાણા; તે તો જોઈને ભરીયે નાથ, હો હઠીલા રાણા. ૪ એતો તરવું છે સાગર નીર, હો હઠીલા રાણા; બળે ન પામીએ પેલી તીર, હો હઠીલા રાણા. ૫ એતો ભેદે તમારૂં ગાત્ર, હો હઠીલા રાણા; સામા દઈત્ય છે કુપાત્ર, હો હઠીલા રાણા. ૬ મને થાય છે માન શુકન, હો હઠીલા રાણા; મારૂ ફરકે છે જમણું લોચન, હો હઠીલા રાણા. ૭ મારો મોતીનો તુટયો હાર, હો હઠીલા રાણા; ડાબે નેત્ર વહે જળધાર, હો હઠીલા રાણા. ૮ દીસે ગગને ઝાંખો ભાણ, હો હઠીલા રાણા; દીસે નગરી તે ઉજડ રાન, હો હઠીલા રાણા. ૯ રૂવે વાયસ ગાયને સ્વાન, હો હઠીલા રાણા; એવા માઠા થાય શુકન, હો હઠીલા

રાણા. ૧૦ હું તો ધુજતી દેખુ ધરણુ, હો હઠીલા રાણા; એતો સાગરે શ્રોણીત વરણુ, હો હઠીલા રાણા. ૧૧ આવ્યા અગણીત અસ્વાર, હો હઠીલા રાણા; માંહો માંહે થાય છે હોહોકાર, હો હઠીલા રાણા. ૧૨ ઓ દુંદભી વાજ્યો ઘાય, હો હઠીલા રાણા; એતો સેન્યા તમપર ધાય, હો હઠીલા રાણા. ૧૩ ઓ આવ્યું દળ વાદળ, હો હઠીલા રાણા; ઓ ઝળકે ભાલાનાં ફળ, હો હઠીલા રાણા. ૧૪ પાખર બકતર પેર્યાં ટોપ, હો હઠીલા રાણા; દઈત્ય ભરાયા આવે કોપ, હો હઠીલા રાણા. ૧૫ ઓ વાજે ઘુઘરમાળ, હો હઠીલા રાણા; અસ્વ દેતા આવે ફાળ, હો હઠીલા રાણા. ૧૬ એ તો સુરવીર મહાકાળ, હો હઠીલા રાણા; હવે થાશે કોણ હવાલ, હો હઠીલા રાણા. ૧૭ નાથ જુવો વિચારી ગગન, હો હઠીલા રાણા; જુધ્ધ રહેવા ઘો રાજન, હો હઠીલા રાણા. ૧૮ જો લોપો મારી વાણુ, હો હઠીલા રાણા; તમને માત પીતાની આણુ, હો હઠીલા રાણા. ૧૯ આવ્યો બાણુ તે પ્રલ્લેકાળ, હો હઠીલા રાણા; મેઘાડંમર છત્ર વિશાળ, હો હઠીલા હઠીલા રાણા.

વલણ—મેઘાડંમર છત્ર બિરાજે, ઉલટી નગરી બુધરે; અગણિત અસ્વાર આવીયા, તેણે વીંટી લીધો અનિરૂધ્ધરે.

કડવું ૬૩ મું.

રાગ સીંધુ—આવી સેન્યા અસુરની, અનિરૂધ્ધ લીધો ઘેરી; કામકુંવરને મધ્યે લાવી, વીંટી વળ્યા ચોફેરી. અમર કહે શું નીપજશે, ઈચ્છા પરમેશ્વરી; રીપુ ગજના જુધ્ધ માંહે, અનિ-

રૂધ્ધ લઘુ કેસરી. બાણુરાયને શું કરૂં, જો મોંગળ ધરી ફેકટ; વેરી વાયસ કોટી મળ્યા, હવે કેમ જીવશે પોપટ. બાણાસુરે સુભટ વાર્યા, નવ કરશો કો ઘાત; વીંટો ચોદશ સહુ મળીને, હું પુછું એને વાત. માળીયેથી ઓખા બાઈયે, રૂદન મુકર્યું છોડી; પીતા પાસે જોધ્ધ સરવે, હાથ રહ્યા તે જોડી. બળવંત દીસે અતી ઘણું, સેન્યા બીહામણી; પવન વેગા પાખરીયા તે, રહ્યારે હણહણી. આદળ વાદળ કેમ શેહેશો, એ સ્વામી સકોમળ; અરે દઈવ હવે શું થાશે, પ્રગટ કામનાં ફળ. દૈવના કીધા દઈત્ય મુવા, તેને દયા નહી લવલેશ; કાચી વયમાં નાથજીને, નથી આવ્યા મુછને કેશ. ચાર દિવસનું ચાંદરણું, કર ચઢી ગયું વહી; આ જોધ્ધા પીઉને મારશે, દૈવડા જીવું નહીં. અરભક તમારો એકલો, તેને વીંટી વળ્યા અસુર; એવું જાણીને સાહાય કરજો, એ સામળીયા સુર. કષ્ટ નિવારણ ક્રશ્નજી, હું થઈ તમારી વહુ; જો આંચ આવશે તમ પુત્રને, તો લાજશે જાદવ સહુ. પ્રજાના પ્રતિપાળ છો, તમે પનોતા મોરારી; સંભાળ સરવની લીજીયે, નવ મુકીયે વિસારી. અમને તો પણ આશ તમારી, અમે તમારાં છોરૂ; લાજ લાગશે વૃધ્ધને, કોઈ કહેશે કાળું ગોરૂ. પક્ષી પલાણ પ્રભુજી, પુત્રીની કરવા પક્ષ; ભગવાનને ભજતી ભામની, ભરથાર છે રીપુ મધ્ય. મુખ વક્ર નેત્ર બીહામણાં, મુખ મુછો મોટી મોટી; તેવા અસુર આવી મળ્યા, એક શંખને સપ્ત કોટી. દળ વાદળ સેન્યા ઉલટી, મધ્યે આણ્યો અનિરૂધ્ધ; વીર વાટયો વેરીએ, જેમ મક્ષીકાયે

મધ. ધનુષ્ય ચઢાવ્યાં પાંચસે બાણે, બહુ ચઢાવ્યાં બાણ; ગાયે ગુણીજન ગદગદે, બહુ ગડગડે નીશાન. અંતર અરભક એમ વીંટીયો, તેમ શોભે છે ઇંદુ; લઘુ જેમ ઉલટ ધણીને, લલાટે સ્વેત બીંદુ. લઘુ કુંજરની સુઢ સરખા, શોભે છે બે ભુજ; સશાસન સરખી ભ્રગુટી, નેત્ર બે અંબુજ. તૃણમાત્ર જે વઢતો નથી, બાણનો જે બાહુ; અનિરૂધ્ધ અસુર એવા શોભે, જેમ ચંદ્રમાને રાહુ. આવી જોયું વક્ર દ્રષ્ટે, મુછો મોટી ચક્ષ; વપુ શોભાવે ભુજ ભલાને, કેશ રૂપનુંછે વૃક્ષ. આ સમે કહોવાડાને અથવા ભોંગળને ધાર; અરે ટાળું રીપુ સંસારનો; ઉતારૂ એનો ભાર. શું વપુ બાણનું બાલવ છે,માંહે સર્પનો સાથ; કે પેટમાં પુરવજ વસે છે, પીંડ લેવા કાઢે છે હાથ. કાષ્ટનાકે નાખવા, એણે ઘડીને ચોઢયા કર; અથવા કોઈ પંખી દીસે છે, એણે વંખેરયાં છે પર. ત્યારે હસવું આવ્યું બાણને, એ શું બોલે છે બાળ; કોભાંડ કહે સાંભળો, એ તમને દેછે ગાળ.બળિ સુત અંતર બળ્યો ને, લોકમાં તે બળવાન; શું કરૂ જા લાંછન લાગે, નિકર વિધીયે દેઉં કન્યાદાન. સુભટ નિકટ રાય આવ્યો, બોલીયો બહુ ગરવે; નફ્ટ લંપટ નથી લાજતો, વિંટયો હણવા સરવે. કુળ લજામણો કોણ છે, તસ્કરની પેઠે નીરલજ;અપરાધ આગળથી કેમ ઉગરે, જેમ સીંહ આગળથી અજ. અંગથી આવી ચઢયો, કાંઈ કારણ સરખું ભાસે; સાચું કહે જેમ શીશ રહે તુજ,બાળક રહે વીશ્વાસે. કોણ કુળમાં અવતર્યો, કોણ માત તાતનું નામ; અનિરૂધ્ધ કહે વિવાહ હવો,

હવે પુછ્યાનું શું કામ. પીતૃ પીતામહ પ્રસિધ્ધ છે, જેનો દ્વારિકા સંસાર; છોડી છત્રપતીની વર્યો, હવે ચતુર મન વિચાર. વૈષ્ણવ કુળમાં અવતર્યો, મારૂ નામ તે અનિરૂદ્ધ; જો છોડશો તો નકકી બાંધી, નાંખીશ સાગર મધ્ય. બાણાસુર સામુ જોઈને, કૌભાંડ વળતું ભાખે; ચોરી કરી કન્યા વર્યો તે, કોણ વૈષ્નવ પાખે. પુત્ર જાણી કૃષ્ણનો, પછી બાણ ઘસે છે કર; નીચ વરે કન્યા વરી, દઈવ મારૂં બેઠું ઘર. રીસે ડોક ધુણાવીને, ધનુષ્ય કરમાં લીધું; બાણાસુરે યુદ્ધ કરવાને, દળમાં દુંદભી દીધું.

કડવું ૬૪ મું.

રાગ ગોડી—અસ્વકુંવર રથ ભાથા ભરી, આવ્યો બાણાસુર વેગે કરી; જોદ્ધાને નવ માયે સુર, ચઢી આવ્યું જેમ સાગરપુર. ૧ વાજે પંચશબ્દ રણતુર, મારી જોધ્ધા કર્યા ચકચુર; બાણાસુરનાં છુટે બાણ, છાઈ લીધો આભલીયામાં ભાણ. ૨ થયું કટક દળ ભેળાભેળ, જેમ કાપે કોવાડે કેળ; આવ્યા એટલા ધરણી ઢાળ્યા, તેમાં કોઈ પાછા નવ વળ્યા. ૩ આવી ગદા તે વાગી શીશ, નાઠો હસ્તી પાડીને ચીસ; બાણાસુર ઉપર ભોંગળ પડી, ભાગ્યો રથ પડયો કડકડી. ૪ રાયની ગઈછે સુધને સાન, ભાગ્યું કુંડળ છેદ્યા કાન; પાછો લેઈ ચાલ્યો પ્રધાન, ઘેર જાતામાં આવી સાન. ૫ પછી બોલે છે રાજન, સાંભળો મારા પ્રધાન; હાય હમણાં ભોંગળ આવશે, જાણું છું જે જીવડો જશે. ૬ પ્રધાન કહે કાં થયા અજાણ, કયાં ગયું મહાદેવનું બાણ; મેલો તો થાયે કલ્યાણ, આફણીએ બંધાશે માણ.

૭ તે લેઈ બાણાસુર પાછો ફર્યો, તે ઉપર માળીએ સંચર્યો; અનિરૂધ્ધે વીચારી વાત, હવે હું બે જોડું હાથ. ૮ શીવનું વ્રત તે સાચું કરૂ, વચન એનું મસ્તક ધરૂ; અનિરૂધ્ધે બે જોડયા પ્રાણ, બાણાસુરે મેલ્યું બાણ. ૯ આફણીએ બંધાઈ પડયો, ઉપરથી પરવત ગડગડયો; લાતો ગડદા પાટુ પડે, તે દેખીને ઓખા રડે. ૧૦ ત્યાંથી મનમાં વિચારજ કર્યો, અનિરૂદ્ધને લેઈ સંચર્યો; મારતા કુંવરને લેઈ જાય, ઓખા રૂવે માળિયા માંય.

કડવું ૬૫ મું.

રાગ રામકળી—મધુરે ને સાદેરે રેરેહો, ઓખા રૂવે માળિયેરે હો; બાઈ માહારા પેઉને લઈ જાય, સખી માહારી વતી તો નવ ખમાય; હમણાં કોઈ કહેશેરે રેરેહો, પિઉજીને મારીયારે. ૧ બાઈ મારાં પેલા તે ભવનાં પાપ, બાઈ મારે આવડો શો સંતાપ; શે નથી મરતો પાપી બાપ, માથેથી ઉતરતીરે રેરેહો, પડજો સગા બાપનેરે. ૨ હાંરે મારા કંથની કોમળ કાય, એવા એવા માર તે કેમ ખમાય; ઓ પેલા દુષ્ટને ના મળે દયાય, રંડાપણ આવ્યુંરે રેરેહો બાળપણા વેશમાંરે.

ચાલ—ચિત્રલેહા કહે બાઈ શાને રડેછે, તારા કંથની નહી થાય હાણ; જઈને હું સમજાવું છું જે, તારા પીતાના પ્રાણ. ૧ ચિત્રલેહા આવી ઉભી રહી, જયાં પોતાનો તાત; સાંભળો પિતા વિનતી; કહેશો સમજાવી નહીં વાત. ૨ એ છે મોટાને છોકરો તે, તમે જોઈને છેદજો શીશ; માથા ઉપર શત્રુ થાશે હળધરને જુગદીશ. ૩ એને વડઉવે બળી પાતાળે ચાંપ્યો, એ૦

છે એનાં કામ; વગર વિચારે મારશો તો, ખોશો ઘરને ગામ. ૪ પ્રધાને જઇને કહ્યું, જ્યાં છે બાણાસુર ભુપાળ; રાજા રખે એને મારતા, એ છે મોટાનો બાળ. ૫ પરણી કન્યા કોઈ પરણે નહીં, માથે રહેશે આળ; લોકમાં કહેશે જમાઈ માર્યો, એવી દેશે ગાળ. ૬ માટે ઘાલો કારાગ્રહમાં, હાથે ન કીજીએ ઘાત; એકલે દશ લાખ માર્યા તે, મોટી કીધી વાત. ૭ પછી વજર કેરી કોટડીમાં, બેસાર્યો એ તન; સરપે એને વીંટીયોને, કર્યો ફરતો અગન. ૮ તે પુંઠે જળની ખાઇયો ખોદી, મેલ્યા બહુ રખવાળ; સરપ કેરા ઝેરથી, પરજળવા લાગ્યો બાળ. ૯ અનિરૂદ્ધને બંધન કરીને, વિંટીયા બહુ સરપ; કામ કુંવરને બાંધીયો, પછી ગાજીયો તે નૃપ. ૧૦ વલણ—નૃપ ગાજ્યો મેઘની પેર, ઉતરાવી ઓખાયરે; અનિરૂધ્ધને બંધન કરી, બાણાસુર મંદીરમાં લઈ જાયરે. ૧૧

કડવું ૬૬ મું.

રાગ રામગ્રી—બાણે બન્યોને બાંધીયાં, નૌતમ નરને નાર; અનિરૂધ્ધ રાખ્યો મુખ આગળે, ગુપ્ત રાખી કુમાર. બાણે બન્યોને બાંધીયાં. ૧ ચૌટામાં ચોર જણાવીયો, ઢાંકયો વ્યભીચાર; ઓખા છાની મંદીર મોકલી, રાખ્યો કુળનો તે ભાર. બાણે. ૨ લક્ષણવંતો હીંડે લેહેકતો, બેહેકતો તે અવાસ; દઈત્યનું દળ તે પુંઠે પળે, ઘેરી હીંડેછે દાસ. બાણે. ૩ એક પેચ છુટયો પાઘડી તણો, તે આવ્યો પાઘ પ્રમાણ; ચોરે તે મોરજ મારીયો, તેનાં કરે લોક વખાણ. બાણે. ૪ ઓખા ફરીને વર

જો પરણુશે, તો ભુલશે ભવ ભરથાર; તે સ્વામી તે શું સુખ પામશે, લીધું એણે અમૃત સાર. બાણે. ૫ કો કહે એમાં દૈવત દીસે ખરૂ, રૂપવંતો રસાળ; કટાક્ષમાં કામની મોહી પડે, એવી માયા મોહજાળ. બાણે. ૬ તેની ભુલવણી ભ્રકુટી તણી, ભુલી પડે તે નાર; કુંવારી કન્યાને કામણ કરે, સંતાડો સર્વ કુમાર. બાણે. ૭ સખી પ્રત્યે સખી ઓચરી, દેખી અંગ ઉવેદ; બાંધ્યો જુવે છે આપણા ભણી, એને છે એવી ટેવ. બાણે. ૮ ચાર માસ આશા પ્હોતી ઘણી, લાગ્યો સ્નેહ વિવાદ; માળીયે સુખ પામ્યો ઘણું, પછી લાગ્યો લોક અપવાદ. બાણે. ૯ વલણ—લાગ્યો લોક ઉપવાદ પણ, પામ્યો દેવ કન્યાયરે; પછી બાણાસુરે અનિરૂદ્ધને, રાખ્યો ઓખાના ઘરમાંયરે.

કડવું ૬૭ મું.

રાગ ધવળ ધનાશ્રી—શુકદેવ કહે છે પરિક્ષતને, તમે સાંભળો કહું એક રાયજી; કૃષ્ણ કુંવરને બાંધી રાખ્યો, ઓખાના ઘર માંયજી. ૧ નાના વિધનાં બંધન કીધાં, કાહાડી ન શકે સ્વાસજી; એક એકનાં મુખ દેખી દામણાં, દેખી થાય ઉદાશજી. ૨ બાણમતી બાણાસુરની રાણી, જળે ભરેછે ચક્ષજી; પુત્રીજમાઈને ભુખ્યાં જાણી, છાનું મોકલે ભક્ષજી. ૩ કષ્ટ દેખી નાથનુ, ઓખા નેણે ભરે છે નીરજી; અનિરૂદ્ધ આપબળે કરીને, ઓખાને દેછે ધીરજી. ૪ આદર તો અસુર કુળને, ત્રેવડ તૃણમાત્રજી; શોભા રાખવા સ્વસુરની ને, હું બંધાયોછું ગાત્રજી. ૫ આગમાં ઉઠુ તો શીઘ્ર છુટું, દળુ દાનવ જુથજી; શું કરૂં જો

સ્વસુર પક્ષમાં, રાખવું છે સુખજી. ૬ આકાશ અવની એક થાશે, એવો નિપજશે ધંધજી; અગ્ની કેરી જ્વાળ ધુમ્રમાં, અસુર થાશે અંધજી. ૭ સહાય થાશે શામરામ અબળા, સઘ છુટશે બંધજી; કૃષ્ણ આવી બાણાસુરનાં, છેદશે સઘળાં સ્કંધજી. ૮ મારા સમ જો સુંદરી તમો, ઝાંખુ કરો મુખ ચંદ્રજી; બંધનપે દુઃખ દેછે ઘણુ, તારાં અસુરનાં બુંદજી. ૯ એમ આશનાવાશના કરીને, રાખ્યું ઓખાનું મનજી; ત્યાર પછી ત્યાં શું થયું, તમે સાંભળો રાજનજી. ૧૦ પછી ભવાનીનું સ્મરણ કરીને, બાળક લાગ્યો પાયજી; ભગવતી ભવતારણી મારી, આવી કરજે સહાયજી. ચાલ—મા તું બ્રહ્માણી તું ઈંદ્રાણી કૃષ્ણા; સ્થાવર જંગમતું સચરાચર, મૃગ ઉપર તૃષ્ણા. ૧ દૈત્યને પાતાળ ચાંપ્યા, રકત બીજ રણ રોળ્યા; શુભ નીશુભ મહીશાસુર મારયા, ચંડ મુંડ ઢંઢોળ્યા. ૨ ધુમ્રલોચનને હાથે હણીઓ, મધુકૈટભ તેં માર્યા; અનેક રૂપ ધરયાં તેં અંબા, સુરીનર પાર ઉતારયા. ૩ એ હીંગળાજ હીંગોળી માત, કોઈલાપુર તે કાળી; આદ્ય ઈશ્વરી તું છે અંબા, સંખલપુર બહુચર બાળી. ૪ નગર કોટની તું સીંધવાઈ, બગલા મુખી લાગુ પાય; રાણી રૂડી ઉંટવાળી માત, બીરાજતી દક્ષીણ માય. ૫ અન્નપુરણા ભૈરવી ત્રિપુરા, રેણુંકા છત્ર સંગી; રાજેસ્વરી ચામુંડા માત, દુખહરણી માતંગી. ૬ એણી રીતે સ્મરણ કીધું, તત્લક્ષણ ભવાની આવી; અનિરૂદ્ધને માએ કહયું તેં, બાળક કેમ બોલાવી. ૭ અનિરૂદ્ધ કહે સાંભળો માતા, મારૂ દુઃખ

કહ્યું નવ જાય; સરપ કેરા ઝેરથી, મારી ઘણી બળે છે કાય. ૮ ભવાની પ્રસન્ન થઈને, ઝેર કર્યું સરવે નાશ; પછી અંતર ધ્યાન થયાં માતા, બાળકની પોહોંચી આશ. ૯ એવામાં ત્યાં નારદ આવ્યા, બ્રહ્માના કુમાર; જુવે તો કારાગ્રહમાં અનિરૂધ્ધ, વરશે છે જળધાર. ૧૦ નારદ કહે અનિરૂદ્ધને, મારૂં સંકટ કાપો; રૂડી વહુ તમો પરણ્યા માટે, મુજને દક્ષણા આપો. ૧૧ તમને દક્ષણાની પડીને, જાયછે માહારા પ્રાણ; શરીર ધ્રુજે અતી ઘણુંને, બોલી ન શકે વાણ. ૧૨ શીદ બીહે છે પ્રાક્રમી તું, બોલ્ય મુજ સંગાથ; બાણાસુરની વરચો પુત્રી તે, થઈ પૃથ્વીમાં ખ્યાત. ૧૩ દિપાવ્યો વંસ વાસુદેવનો, બંધાયો લંછન શુંય; કાલે માધવને મોકલું, દ્વારકામાં જાઉછું હુંય. ૧૪ ઊંડળમાં તેં આભ ઘાલ્યો, અંતરમાં શે ન ફુલે; ઘોડે ચડે તે પડે પૃથ્વી, ભણે તે નર ભુલે. ૧૫ વલણ—અંતર શે ન ફુલ્યો જુધ્ધા, મુકાવશે ભગવાનરે; અનિરૂધ્ધની આજ્ઞા લઈ, રૂષિ હવા અંતર ધ્યાનરે.

કડવું ૬૮ મું.

રાગ બીહાગડો—દયા ન આવે પેલા દઈતપતીને, માહાબળિયા દુરમત્યજી; બાકરી બાંધી દ્રીજવર સાથે, વહેર વધાર્યું સત્યજી. દયા ન આવે. ૧ પાતળીયા પંકજ મુખ પીઉજીને, નાગ પાસના બંધજી; બાંધી લીધો બળે કરીને, કોમળ રૂપે મદનજી. દયા ૨ જોરે ધરણીધર શ્રીવર, આપદા પામે નાથજી; પુત્ર તમારા ઉપર પ્રહારજ, કરે છે દઈત્યનો સાથજી. દયા. ૩

ભારોળ કૌભાંડે મેલ્યું, વક્રરાય બળિયો વીરજી; તો એ રણથી નવ ઓસરીએ; સાગરનુ જેમ નિરજી. દયા. ૪ ભેદ કરીને બાંધી લીધો, નાગપાસના બંધજી; સ્વાસ ન માયે બહુ અકળાયે, અંગ આકાસમાં સંધજી. દયા. ૫ તાપ સમાય નહીં સ્વામીનો, હું કરૂં દેહનો પાતજી; વાર લાગે લક્ષ્મીવર તમને, તો થશે મહા ઉતપાતજી. દયા. ૬ કોમળ મુખ શ્રમથી સુકાયું, કન્યા કરે આક્રંદજી; અનિરૂદ્ધ સમરે સામળીયાને, કમળાવર ગોવીંદજી. દયા. ૭ ત્રાહે ત્રાહેરે ત્રીકમજી, સુતની કરજયો સાહાયજી; વિપત વેળા વારે ચડીને, કરો ભક્તની રક્ષાયજી. દયા. ૮ ગજ ગ્રહાથી મુકત પમાડયો, કીધી હરિશ્ચંદ્ર રક્ષાયજી; દાનવ કુળ નિકંદન કીધાં, કીધી પ્રલ્હાદની સહાયજી. દયા. ૯ આજ આંખેથી આંસુડાં ચાલે, જોશો મહારા પ્રાણજી; સુખ શરીર શાતા નહીં અંગે, લાગ્યો દવ નિરવાણજી. દયા. ૧૦ મનસા વાચાયે વર વરયો, અવર તે મિથ્યા જાણજી; રૂપ અને ગુણવંતો સ્વામી, સત્ય કહું છું વાણજી. દયા. ૧૧ તાત કઠોર દયા નહી રૂદીયે. કોમળ મહારો કંથજી; પ્રહાર કરીને બાંધી લીધો, શ્રી હરી વેગળે પંથજી. દયા. ૧૨ કોણ સહોદર આવત અવસર; શોધ કરવાને જાયજી; તાત ભ્રાતને જાણ નહીં તે, કોણ ઉઠીને ધાયજી. દયા. ૧૩ પિતા પિઉજીને વેરીરે દેખે, પરભવે બહુ પેરજી; નાગતણા ફુંકારા હળાહળ, ફેરવી નાંખે લ્હેરજી. દયા. ૧૪ હળવળે અંગ અગ્નીરે ઉઠયો, કંઠે પડીયો શોષજી; પુર્વતણાં કર્મ આવી નડીયાં, કોને દિજે

દોષજી. દયા. ૧૫ તાત મારી કાયારે પાડું, વિખ ખાઉં આ વારજી; સ્નેહ ન જાણુરે કોઈ મનનો, કોઈ પીડે ભરથારજી. દયા. ૧૬ તાત તણુ મન કાંઈ નહીં મુને, સબળો લાગે સ્નેહજી; છોરૂ પોતાનાં જાણી કીજે, દયાળ ન દીજે છેહજી. દયા. ૧૭ બાણાસુર મહા પુરૂષ જ્ઞાતા, જેથી ચુક ન થાયજી; બાળક ઉપર હાર શો કરવો, જદપી હોય અન્યાયજી. દયા. ૧૮ વહાલા થઈને વેરજ વાળો, શું નથી આવતી લાજજી; નિચ પદારથ નથી કુળ નિચું, કૃષ્ન કુંવર મહારાજજી. દયા. ૧૯ નીચું નાક ન હોયે એથી, નિરર્થક શો સંગ્રામજી; મોટા સાથે વિરોધ ન કરીયે, નહિ નીરબળ હળધર શામજી. ૨૦ સકળ પૃથ્વી ચોકે ચઢાવી, અસુરનો ફેડયો ઠામજી; વૈર વધારી વીઠુલ સાથે, કયાં કરશો સંગ્રામજી. દયા. ૨૧ સ્વામી મહારાને શીર સમરથ, તેને ચઢશે કોપજી; ભદ્ર ઈચ્છેછે તાત પોતાનું, વિષ્નું બીજ માં રોપ્યજી. દયા. ૨૨ જુધ્ધ સમે આકાશે રહીને, જુવેછે નારદ દેવજી; ભયમાં આણીશ અમો જાશું દ્રારામતી, જુધ્ધ કરશું તતખેવજી. દયા. ૨૩ નિર્ભય જાણી વીણાધર ગયા, પરવરિયા આકાશજી; પોહોચી દ્રારકાં ઉતરીયા હેઠા, ભેટયા શ્રી અવીનાશજી. દયા ન આવે. ૨૪ વલણ—ભેટયા શ્રી અવિનાશને, કુશળ વારતા પુછી વળી, કહે નારદ અનિરૂધ્ધને, રાખ્યો કારાગ્રહમાં દઈતે મળીરે.

કડવું ૧૯ મું.

રાગ ધનાશ્રી—શુકદેવ કહે છે પરીક્ષતને, બાંધ્યો તે જાદવ

જોધજી; હવે દ્વારીકાંની કહુ કથા, જાદવ કરે શોધા શોધજી. ૧ હિંડોળા સહીત કુંવર હરીયો, છોડી ગયું કોઈ દોરીજી; હાહાકાર ભયો પુર મધ્યે, અનિરૂધની થઈ ચોરીજી. ૨ રતિ અતિ આક્રંદ કરે છે, મળ્યું તે વનિતાનું વૃંદજી; રૂકમણી રોહણાં દેવકી, સરવે કરે આક્રંદજી. ૩ જાદવ કહે છે માધવને, શું બેઠા છો સ્વામીજી; વિચાર કરી વિલંબ ન કીજે, કુળને લાગી ખામીજી. ૪ વાસુદેવ કહે શામ રામને, શું બેઠા છો ભુપજી; વિચારો શકે જળમાં બુડયો, કયાં ગયો કુંવર અનુપજી. ૫ ઉગ્રસેન કહે અચરજ મોટું, કોણે હર્યો હિંડોળોજી; દેવી દૈત્ય રાક્ષસનું કારણ, તે ખપ કરીને ખોળોજી. ૬ સાથને જદુનાથ કહે છે, ભાઈ શાને કરોછો શ્રમજી; ગોત્ર દેવાનું ગમતું થાશે, કુંવર હરાયાનું કર્મજી. ૭ અગિયાર વરસ ગોકુળ સેવ્યું, મામાજીને ત્રાસેજી; પ્રદયુમનને શંખ હરિ ગયો, આવ્યો સોળમે વરસેજી. ૮ તેમ અનિરૂદ્ધ આવશે, તેમ સાચવશે કુળ દેવજી; કૃષ્ણે કુટુંબને રોતું રાખ્યું, આશા દીધી એવીજી. ૯ પાંચ માસ વહી ગયાને, જાદવ છે મહા દુખીજી; શ્રોણીતપુરથી કૃષ્ણ સભામાં, આવ્યા નારદ રૂષીજી. ૧૦ હરી આદે જાદવ થયા ઉભા, માન મુનીને દીધુંજી; આણંદી આસન આપ્યું ને, ભાવે પુજન કીધુંજી. ૧૧ નારદજીની પુજા કરીને, હરીયે કર્યા પ્રણામજી; કહો મુનીવર કયાંથી પધાર્યા; અમ સરખું કાંઈ કામજી. ૧૨ કર જોડીને નારદ કહેછે, સાંભળો જુગજીવનજી; પુત્ર તમારા સર્વેનું મારે, કરવું છે દરસનજી. ૧૩ મારા જોતાં પુત્ર સરવેને,

સાથેથી તેડાવ્યાજી; એક લાખને એકસટ હઝાર, એંશી આગળ આવ્યાજી. ૧૪ સર્વે પુત્ર સામુ જોઈને, પુછે છે નારદમુન્યજી; આટલામાં નથી દીસતો, પ્રદ્યુમનનો તનજી. ૧૫ ભગવાન કહેછે નારદજીને, કાંઈ તમે જાણોછો ભાળજી; ઘરમાંથી જતો રહયો છે, પ્રદ્યુમનજીનો બાળજી. ૧૬ નારદ કહે છે હું શું જાણું, તમો રહોછો સાગર બેટજી; જેને ઝાઝા દીકરા, તેને તો દૈવની વેઠજી. ૧૭ ત્યારે ભગવાન કહે છે નારદને, પુત્ર વિના કેમ રહેવાશેજી; ત્યારે નારદ કહે છે પ્રશ્નમાં, આવશે એવું કહેવાશેજી. ૧૮ પછી આશન વાળી દીધી તાળી, નાક ઝાલ્યું મનજી; વેઠા ગણીને નારદ કહેછે, સાંભળો જુગજીવનજી. ૧૯ તમારા પુત્રનું એક નારીયે, કરયું છે હરણજી; ત્યારે હરી કહે દ્વારીકામાં આવે, તેતો પામે મરણજી. ૨૦ નારદ કહે છે તમે સુણો સામળા, સંભળાવું એક વાતજી; મારી એવી પ્રતિજ્ઞા છે, જુઠુ ન બોલું જાતજી. ૨૧ શ્રોણીતપુર એક નગ્ર છે, તેમાં બાણાસુરનું રાજજી; પ્રસંગે હું ત્યાં ગયોતો, મારે કાંઈ એક કાજજી. ૨૨ રાજા બાણની પુત્રી ઓખા, તેને હેવું સ્વપ્નજી; અનિરૂદ્ધ સેહેજે વરી ગયો, તેનું વિભળ થયું છે મનજી. ૨૩ ચિત્રલેહા ચંચળ નારી, વિધાત્રીનો અવતારજી; તે આવી દ્વારીકામાં પછી, મન કર્યો વીચારજી. ૨૪ કઠણ કામ કરવું છે મારે, એકલાનું નહીં કામજી; મારૂ તેણે ધ્યાન ધરીયું, હું આવ્યો તેણે ઠામજી. ૨૫ મેં તામસી વિદ્યા ભણાવી, તે ઊંઘ્યું બધું ગામજી; અનિરૂદ્ધને લેઈ તે ગઈને, ઓખાનુ થયું કામજી.

૨૬ કેઈપેરે તે લેઈ જાયે, એમ બોલ્યા શ્રી જુગદીશજી; ચક્ર મારૂ ઊંધે નહીંને, છેદી નાખે શીશજી. ૨૭ ચક્રનો વાંક નથીને, એ નીસરયું તું ફરવાજી; અમ સરખા સાધુ મળ્યા, તેણે બેસારયું વાતો કરવાજી. ૨૮ ભગવાન કહે છે શાબાશ નારદીયા, એવાં તારાં કામજી; માથા ઉપર ઉભો રહીને, ભલું મરાવ્યું ધામજી. ૨૯ નારદ કહે તે કૃષ્નને, મેં નથી કરયો અન્યાયજી; જોયા પછી તમે જાણજો, ઘણી ફુટડી છે કન્યાયજી. ૩૦ ભલીરે કન્યા ભલીરે વહુ, તમે ભલો કરયો વિચારજી; હવડાં મારા પુત્રના ત્યા, શા છે સમાચારજી. ૩૧ મહારાજ જેણે ભોગવી છે, બાણાસુરની બાળજી; દસલાખ દઈત્યનો એકીવારે, પુત્રે આણ્યો કાળજી. ૩૨ શીવનો વર સાચો કરીને, ગયો અસુરને હાથજી; હમણા તમારા પુત્રની, ઘણી દુખની છે વાતજી. ૩૩ ઊંધે મુસ્તક બાંધીયોને, તળે લગાડયો અગનીજી; લીલા વાંસનો માર પડે છે, ભાગ્ય હશે તો જીવશે તનજી. ૩૪ વાત સાંભળી વધામણીની, વગડાવ્યાં નીશાનજી; શામળા તતબર થાવો હવે, જીતવો છે બાણજી. ૩૬ તે માટે તમને કહુ, વિઠલજી વેહેલા થાઓજી; જો પુત્રનો ખપ કરો તો શોણીતપુરમાં જાઓજી. ૩૬

કડવું ૭૦ મું.

રાગ સારંગ—કમળા તો કલ્પાંત કરે છે, હૈડે તે ઉઠી જ્વાળાજો; મારો કુંવર કારાગ્રહમાં બાંધીયોરે. મારાને પાઘડી બાંધતાં ન આવડેરે; મારો અનીરૂદ્ધ નાનેરૂ બાળજો. મારો કુંવર.

ટેક. ૧ રૂક્ષ્મણીચે ક્રશ્ન તેડાવીયારે, તમે સાંભળો દીનાનાથજો; મારો બાળક અસુર ઘેર બાંધીયોરે, તેતો કહી નારદજીએ વાતજો. મારો. ૨ મારો અનિરૂદ્ધ બોલી નથી જાણતોરે, તેતો શું જાણે જુદ્ધ કેરી વાતજો; હીંડતાં ચાલતાં અખડાઈ પડેરે, અનિરૂદ્ધ નાનેરૂ બાળજો. મારો. ૩ મારાને નીશાળે ભણવા નથી મોકલ્યોરે, નથી સહ્યો અધ્યારૂનો મારજો; પ્રભુએ અમને પુરૂષ ન સરજાડયાં રે, તે સૌ પેહેલાં વઢવા જાતજો. મારો. ૪ ત્યારે શ્રી ક્રષ્ણે ગરૂડ તેડાવીયોરે, તેતો આવીયો તતકાળ જો: ભગવાન કહે છે ગરૂડનેરે, તમો કેટલો સેહેસો ભારજો. મારો ૫ તમો છપનકોટી જાદવ જેટલારે, તેતો સરવે થાઓ અસ્વારજો; તમે સાંભળો ક્રષ્ણ કોડામણારે, મારા અંગતણા રખવાળજો. મારો. ૬ મુજ ઉપર ચડે બધી દ્વારીકારે, તોએ મુજને ન આવે આંચજો; છાશી જોજનની મારી પંખનારે, ત્રણ જોજનની મારી ચાંચજો. મારો. ૭ પછી ગરૂડે ચડીને ગોવીંદ પરવરયારે, ત્યારે ગડગડીયાં નીશાનજો; પંખના વાગી જયારે ગરૂડનીરે, ત્યારે નાશી ગયા સર્વે સરપજો. મારો. ૮ મારો કુંવર કારાગ્રહથી છુટીયો, જયારે ત્યાં આવ્યા સારંગ પ્રાણજો; શ્રી ક્રશ્ન વાડીમાં ઉતરયા, તેનાં કોણ કરે છે વખાણ. મારો. ૯

વલણ.—ક્રશ્ન વાડીમાં ઉતરયા, માગ્યું રાયનું વનરે; ગરૂડને આપો આજ્ઞા, મુકાવી લાવે તનરે. ૧૦

કડવું ૭૧ મું.

રાગ ઢાળ—ગરૂડ ત્યાંથી પરવર્યાં, એક નદી આવી અષો-

શ; તેમાં તેણે ચાંચ બોળી; પાણી લીધું શોષ. ૧ ત્યાંથી આ-
ઘેરો પરવર્યો, જ્યાં ખોતરણા અંગાર; પાણી પેલું પીધુ હતુ
તે, વાવરયું તે ઠાર. ૨ ત્યાંથી આઘેરો પરવર્યો, જ્યાં ભુતને પ-
રેત; પાંખે મારી પાડીયાં, કીધાં સરવે અચેત. ૩ ત્યાંથી આ-
ઘેરો ચાલીઓ, કુંવરને કોટે નાગ; નાહાનાને આખા ગળ્યા,
મોટાના કરયા બે ભાગ. ૪ ભલુ થજો ભગવાન તમારૂ, પુરણ
પામ્યો અહાર; કુંવરને મુકાવી લાવ્યો, જ્યાં છે જુગત આ-
ધાર. ૫ ઓધવને અકરૂર બે હસીઆ, ભલા કૃષ્ણના તન;
તમેરે આવ્યા પરણવાને, અમને ન લાવ્યા જાને. ૬

કડવું ૭૨ મું.

રાગ ઢાળ—આણી વાતે કુંવર મારા, શરમાણા નવ થઈયે;
મારી વાતો તુજને કહું, તું રાખ્ય તાહારે હઈયે. ૧ કુબજા પે-
લી રાંટી ટુટી, કંસરાયની દાસ; મારા મનમાં તે ગમી, બે-
સારી રાખી અવાસ. ૨ નરકાસુરને મારીને, સોળ હઝાર લાવ્યો
ઘરૂણી; તારા સમજો એમાં મુજને, એકે નથી પરણી. ૩ તા-
રી માને જઈને લાવ્યો, બાંધવને બંધાવી; જાંબુવંતી રીંછડી,
તેને માનીતી કહી બોલાવી. ૪ તુંતો મારો દીકરો, ધન તારી
માનું પેટ; બીજા સરવે દીકરા તે, દૈવ કેરી વેઠ. ૫ આપણા
કુળમાં ચાલ્યુ આવ્યું, શરમાણા નવ થઈએ; રૂડી નારી દેખી-
એતો, હરણ કરી લેઈ જઈએ. ૬ ઓધવને અકરૂર બે હશીયા,
ખડખડ મેલ્યા દાંત; રૂડી શીખામણ છોકરાને. દયોછો સુંદર
સ્યામ. ૭ જો આવી શીખામણ અમારાં છોકરાંને દેશો તો,

મુકવું પડશે દ્વારીકાં ગામરે. ૮

કડવું ૭૩ મું.

રાગ જેજેવંતી—શ્રી કૃષ્ણે જાદવ મોકલ્યો, તે શ્રોણીતપુરમાં જાય; જઈને કેહેજો બાણાસુરને, પરણાવો કન્યાય. શ્રીકૃષ્ણે. ૧ હોંશ હોયતો જુદ્ધને આવો, તેમાં નથી અમારે નાય; જાદવ ત્યાંથી સંચરયો, આવ્યો અસુર સભાની માંય. શ્રી. ૨ સાંભળને રાજા વીનતી, આવ્યા છે વૈકુંઠનાથ; દીકરી પરણાવી ચરણે લાગો, નહીં તો જુદ્ધ કરો અમ સાથ. શ્રી. ૩ બાણાસુરને માહા દુઃખ લાગ્યું, નેત્રે વરસે અગન; નીચ જાદવને જોઈએ મારી, કુળવંતી એ તન. શ્રી. ૪ ચાલ—એ ભરવાડો એ પીંડારો. ગોકુળમાં ચારી ગાય; મારયા વિના મુકું નહીં, જે થનાર હોય તે થાય. ૫ સૈન્યા લેઈને રાજા ચાલ્યો, જોદ્ધાનો નહીં પાર; હસ્તી ઘોડાને સુખપાલો, બાંધ્યાં બહુ હથિયાર. ૬ ખડગ ખાંડાને તુંબરઝોર, ગોળી હાથને નાળ; ત્રિસુળ સાંગને મુદગર ફરસી, તોમરને ભીડી માળ. ૭ લાલ લોહમય ઝળકે ઝેરી, હાથ ધરી તરવાર; જોદ્ધા જોર કરતા આવ્યા, ને કરતા મારો માર. ૮ કો જોજન કો બે જોજન ઉંચા, કોને સમ ખાવા નહી શીષ; વિકરાળ દંત મોટા દેખાડીને, વળી પાડે ચીસ. ૯ ભુમરાણ કરતા આવી પડીયા, જાદવની સેન્યા માંહ્ય; ગીરધારીને ઘેરી લીધા, પડે બાણાસુરના ઘાય. ૧૦ પરીઘ ત્રીશુળ ને પડે કોવાડા, મુદગરને વળી ફરસી; સંગ્રામ સહુ સેન્યા કરે, આયુદ્ધ ધારા રહી વરસી. ૧૧ જુજા દીશે જાદવ હલકા-

રચા, કર ધનુષ્ય બાણુને તીર; તુટે કુંભસ્થળ ફુટે દંતુશળ, ચાલે નીર રૂધીર. ૧૨ બહુ ભડ ત્યાં પડવા લાગ્યા, ભુંગળને ભડાકે; વાંકડી તરવારચો મારે, ખડગને ઝડાકે. ૧૩ તુટે પાખરને પડે બખ્ખર, કીધો કચર ઘાણુ; સર્વે જોદ્ધાને મારી કરીને, પાછા વળ્યા ભગવાન. ૧૪ વલણ—પુરણ પુરૂષોત્તમ પાછા વળ્યા, કરી અસુરનો નાશરે; સેન્યામાં આવી કરીને, શંખનો કરચો નાદરે. ૧૫

કડવું ૭૪ મું.

રાગ મારૂ—શંખ શબ્દ તે વિકારણ. રીપુ દૈત્યનુ વિદારણ; કૃષ્ણ આવ્યા તે જાણુજ થયું, બાણ પ્રાક્રમ તે કયાં ગયું. ૧ અનિરૂદ્ધ કહે સુણ સુંદરી; શંખ જણાયો આવ્યા હરી; છુટયા બંધ તે આજ થકી, એ ગાજે હળધર સાત્વીક. ૨ બોલે પ્રદ્યુમન મોટે સ્વરે, બાણ પાણ છેદાશે ખરે; ગોવિંદની ગત્ય ન જાએ કળી, જાદવ સેન્યા આવી મળી. ૩ જાદવ સેન્યાયે ચાંપ્યો દેશ, મંત્રી કહે ઉઠો નરેશ: અનુચર આવ્યો તે લાવ્યો વાત, કહે દ્વાર દિસે ઉતપાત. ૪ મંત્રીને કરી નેત્રની સંજ્ઞા, જઈ સેન્યાને આપો આજ્ઞા; દુંદભી નાનાવીધ ગડગડે, આયુદ્ધ ધરીને યુધે ચઢે. ૫ ત્યાં રૂપૈયા કહાડયા લખી, સેન્યા સજી ટોપ જીવ રાખી; પાટ સ્વધર બખ્તર પાળ, ડચકારે ઘોડા દે ફાળ. ૬ મોરડે મણી ફુમતાં લટકે, પોતાના પડછાયા દેખી ભડકે; વાંદરે વાદે નાચંતા, ઘુંટે ઘોડાને પાણી પંથા. ૭ કાળા કાબર ને કલંકી, કુમેદ લીલા ને પચરંગી; હાંસાળો હયહણીઓ

જેહ, કાળા કછી કાબરા તેહ. ૯ પીળા પાખર પોપટ સ્વેત, વાયુ વેગી માંકડીઆ કેત; રથ પાળા અસવાર અનંત, દીર્ઘ દીસે મુખ કરડે દંત. ૧૦ પુરની પોળે સેન્યા ન માય, હણો જાદવ કહેતા જાય; ટોળાં ઉપર ટોળાં આવે, પગને પ્રહારે ધરતી ધ્રુજાવે. ૧૧ રીસે અંતરમાં ઘર હડે, રણે રાય બાણાસુર ચઢે; ઝટકાર કરે બાણાસુર મલ્લ, પૃથ્વી થઈ જ્યારે ઉથલ. ૧૨ ગર્જના કીધી મુખથી ભુપાળ, ખળભળ્યાં ત્યારે સાત પાતાળ; બ્રહ્મલોક સુધી પોહોત્યો નાદ, બાણે કૃષ્ણને દીધો સાદ. ૧૩ ગરૂડ આસન આવ્યો ખેપ કરી, નહીં જાવાદઉ કુશળો ફરી; ઉનમદ જાદવ ઉછાંછળા, તમો પામો સકળ સંસાર. ૧૪ કુંવારી કન્યા કપટે કરયો, બોલાવે શ્રાપ થાય પાધરો; કુડુ કરમ કીધુ કુંવરે, વળી તું વઢવા આવ્યો ઉપરે. ૧૫ ત્યારે હશીને બોલ્યા ભગવાન, અમો લેઈ આવ્યાછુ જાન; જો વિધાતાયે કીધો સબંધ, વર કન્યાના છોડો બંધ. ૧૬ ત્યારે બાણાસુર બોલ્યો તતકાળ, સબંધ શાનોરે ગોવાળ; એવી આપીશ પેહેરામણી, સૌને મોકલીશ જમપુરી ભણી. ૧૭ બાણાસુર જ્યારે બોલ્યો વ્યંગ, ત્યારે કૃષ્ણે કીધુ સારંગ; કડા ઝુડ બે કટક થયાં, ઉઘાડાં આયુધ્ધ કરમાં ગ્રહ્યાં. ૧૮ ખાંડાં ફરશી ને તરવાર, કો કહાડે માથેથી ભાર; ત્રિશુળ તોમર ગદા મુશળ, ગાજે રામે ધરી મુશળ. ૧૯ છપન્ન ક્રોડ જાદવ ગડગડે, દાનવ ઉપર તુટી પડે; દાનવ દળ બહુ પળાય, બાણાસુર દેખી અકળાય. ૨૦

કડવું ૭૫ મું.

રાગ ઝુલણા છંદનો—અલ્યા જા પરો જા પરો નાદાન છો-
કરા, વઢવાને તું મારી પાસ શું આવ્યો; અલ્યા નિચ ગોવા-
ળિયા જાત કહાવ્યો, મારી સાથે નહિ જાય ફાવ્યો. ૧ અલ્યા
ગોકુળમાંહિ તું ગાવડી ચારતો, પરનારી કેરાં તું ચીર હરતો;
હાથમાં લાકડી ખાંધે હતી કામળી, મધુવન વિષે તુંરે ફરતો.
અલ્યા. ૨ સાંગ્ય શ્રી સુર્યતણી તેજ ત્રિશુળ તણું, માહારા હા-
થમાં તેહ ચળકે; મારે ક્રોધે કરી ડોલે છે દેવતા, બધી ધરણી
ધુજે અને શેષ શળકે. અલ્યા. ૩

કડવું ૭૬ મું.

રાગ ઢાળ—એવી વાણી સાંભળતામાં, કોપ્યા દીનદયાળ;
બાણાસુરના હાથ છેદ્યા, સ્વામી શ્રી ગોપાળ. ૧ કોપ કરી કર-
પાસ્ત્ર મેહેલ્યું, વળતું તેણીવાર; બે હાથ રહ્યા છે બાણાસુરને,
તેનો કહુ વિસ્તાર. ૨ રૂધીર વહેછે બાણાસુરને, મન થયો નિ-
રાશ; માહાદેવજીએ હાથ આપ્યા, માટે ગયો કઈલાશ. ૨ ના-
રદ ચાલી આવીયા, જ્યાં બાણાસુરની માય; તારા કુંવરના
હાથ વાઢ્યા, કહો વલે શી થાય. ૩

કડવું ૭૭ મું.

રાગ ગુજરી—શુકદેવ કહે છે વાત, વેવાણ આવીયાંરે; જેની
જોવા સરખી જાત, વેવાણ આવીયાંરે. ૧ માંથે કેસ વાંસની
જાળ, વેવાણ; જેનું નેત્ર સરોવર પાળ, વેવાણ. ૨ જેના સુપડા
જેવા કાન, વેવાણ; જેનું મસ્તક ગીરી સમાન, વેવાણ. ૩

એની આંખ અંધારો કુપ, વેવાણ; જેનું મુખ દીસે છે કદરૂપ, વેવાણ. ૪ હળદાંડી જેવા દંત, વેવાણ; દીઠે જાએ એના અંત, વેવાણ. ૫ એનાં સ્તન ડુંગરશાં ડોઝાં, વેવાણ; કાને ઘાલ્યાં હાથીના હોઝાં; વેવાણ. ૬ કોટે ખજુરાનાં તનમનીયાં, વેવાણ; કાને ઉંટના ઓગનીયાં, વેવાણ. ૭ પાસે રીંછ કહ્યાં વિકાળ, વેવાણ; કેહેડે પાડાની ઘુઘરમાળ, વેવાણ. ૮ વાંકડા સરપ એના હાથે, વેવાણ; બળતી સઘડી મુકી માંથે, વેવાણ. ૯ કોટરા આવી જ્યાં મોરાર, વેવાણ; કુંવરે સાસુ ખોળી સાર, વેવાણ. ૧૦ જેની પીઠ ડુંગરશાં ડોજાં, વેવાણ; એના મુસ્તકમાં ફરે રોઝાં. વેવાણ. ૧૧ મુખ બોલે વચન વીકરાળ, વેવાણ; દેખી પડે જાદવને ફાળ. વેવાણ. ૧૨ કોટરા આવી જ્યાં મોરાર, વેવાણ; કુંવરે સાસુ ખોળી સાર. વેવાણ. ૧૩

ચાલ. કોટરા કહે છે કરગરી, એના બાપને ચાંપ્યો પાતાળ; જાણશે તો ઘણું થયું, એછે તમારો બાળ. ૧૪ કરૂણા સાગર કૃપાનીધી, ક્ષમા કરો આ વાંક; દીન જાણી દયા કરો, એ છે તમારો રાંક. ૧૫ ચક્ર ચતુરભુજે પાછુ તેડ્યુ, કરૂણા કરી જગનાથ; નવસે છન્નુ કર છેદી નાંખ્યા, રાખીયા ચાર હાથ. ૧૬ રૂધીર ભર્યો આંસુ ગળતે, આવીયો શીવની પાસ; એમ કહીને પાયે લાગ્યો, સાંભળો પતી કઈલાસ. ૧૭ એક મારી વિનતી, તમો સાંભળો જગદીશ; સાંભળી કોપે ભરાયા, પોતે ઉમીયા ઈશ. ૧૮ વલણ—મનમાં રીસ ચઢી ઘણી તમો સાંભળો રાજકુમારરે; સદાશીવ યુધ્ધે ચઢયા, તેણે ધ્રુજી ધરા અપારરે.

કડવું ૭૮ મું.

રાગ સારંગ—એ ભરવાડો એ પીંડારો, ગોકુળમાં ચારી ગાય; માહારા આપ્યા હાથને, તે છેદીને કયાં જાય. ખડખડતા ગણેશ ચાલ્યા, ઊંદરડે અસવાર; ઉંદર ઉપર સ્વામી કારતીક, ચાલ્યા શંકરના કુમાર. ૨ સીંહ ઉપર વીરભદ્ર ચાલ્યા, વ્રષભ ઉપર શીવરાય; સેન્યા બહુ ભેગી કરી, કહું તેહ તણો મહીમાય. ૩ ડાકણ સાકણ ભુત પ્રેત, પીશાચ વંતર ગાત્ર; દડુક દડુક ચાલે ભુતડાં, જેનાં હાંલ્લાં સરખાં માથાં. ૪ હરી જઈ કૃતવરમાને કહે છે, જાદવને સમજાવો; અસુરનું ઉપરાણું કરી, જોગીડો વઢવા આવ્યો. ૫ શંકર મુખથી બોલ્યા આવી, લાગી મનમાં જવાળ; સનમુખ આવી ઉભા રહી, માંહે ભાંડે ગાળ. ૬ હે કાળા અરજુનના સાળા, ભરયા ઉચાળા જેહ; મધ્યરાતે મથુરાંથી નાઠો, ગયો વીસરી તેહ. ૭ મારી મારશી પુતનાને, દહીનાં લીધાં દાણ; મુસાળનુ છેદન કરીને, થઈ બેઠો રાજન. ૮ તું આહીરડામાં અવતરયો, નથી વાત મારી અજાણી; ત્યારે શંકર પ્રત્યે કોપ કરીને, બોલ્યા સારંગ પ્રાણી. ૯ મડે મસાણે ફરતો હિંડે, રાખ ચોળે અંગ; આક ભાંગ્ય ધંતુરો ચાવે, નફટ તારા ઢંગ. ૧૦ ડાકણ સાકણ ભુત પ્રેત ને, નીચ સાંગરો જોડો; બળદ ઉપર ભાર મુકયો, તાહારા ઘરમાં ન મળે ઘોડો. ૧૧ રાત દાહાડો બાવો થઈ ફરતો, તાહારા ઘરમાં રોતી નારી; ત્યારે કૃષ્ણ પ્રત્યે કોપ કરીને બોલ્યા છે ત્રીપુરારી. ૧૨ અલ્યા છો કરીઓમાં છાશ પીતો,

મરદ મટી થતો મ્હેરી; જગતમાં એવું કહેવાયું જે, કાનુડે કાંચળિ પેરી. ૧૩ પરનારીશુ ક્રીડા કરતો, કેહેવાયો વ્યભિચારી; ત્યારે શંકર પ્રત્યે કોપ કરીને, બોલ્યા દેવ મોરારી. ૧૪ ભગવાન કહે હું વ્યભીચારી, મુને બધી વિસ્વે જોયો; તું એવો સાધુ હતો, ત્યારે ભીલડીશું મોહયો. ૧૫ વચન એવું સાંભળીને, કોપીયા શીવરાય; કડાક લઈને ત્રીસુળ મારયું, થનાર હોય તે થાય. ૧૬ ત્યારે શ્રીકૃષ્ણે મુકયું સુદરશન, આંવ્યા ચપટ ઘાય; માંહો માંહે યુધ્ધ કરે છે, બળ કહ્યું નવ જાય. ૧૭ ગણુપતીને કુંવર પ્રદ્યુમન, વઢતા બન્યો કુમાર; વસુમાન ને બટુક ભૈરવ. કરતા મારા માર. ૧૮ વિરભદ્ર બળરામ સામા, યુદ્ધ કરે માંહો માંહે; શીવને શામળિયો વઢે, ત્યાં જોવા સરખું થાયે. ૧૯ કાળ ભઈરવ કપાળ ભઈરવ, તૈક્ષણુ ભઈરવ સાર; સંહાર ભઈરવ ક્રોધ ભઈરવ; દંભ ભઈરવનો સાર. ૨૦ ઉગ્રસેનને વીરસેન, બે જોદ્ધા કેહેવાય; આપ આપના ભીરૂ લઈને, યુદ્ધ કરે રણુ માંય. ૨૧ ભુત પ્રેત પીસાચ વંતર, ડાકણુ વળગે ચુસે; અવળા પગ જેને ચુડેલ કહીએ, રૂધીર સહુનું ચુસે. ૨૨ કૃશ્ન કેરા મારના, ભાલા વાગે ભચ; તરવારયોની ધારાયે, કોનાં નાક વાઢયાં કચ. ૨૩ કોઇને અધસાતા કીધા, હાથ તણી લપડાકે; કોઈને માર્યા પાટુ પાની, ભોંગળને ભડાકે. ૨૪ જાદવ કેરા મારથી, બહુ ઝોળીયે ઘાલ્યા જાય; કોને રણુમાં રોળીયા, તેની થરથર ધ્રુજે કાય. ૨૫ પરીઘત્રીસુળ તુંબર ફરશી, હસ્તનાળ છુટે સરરાટ; ગડગડતા ગોળા

પડે, થાય બહુ ખડખડાટ. ૨૬ હસ્તી ચર્મને માંસની, બે પાંળ બંધન થઈ; સાગરસુ સગમ મળ્યો, એમ શ્રોણીતપુરની સરીતા વહી. ૨૭ પાંડુરોગને હૈયાહોડી, ભગંદર કેરી જાત; હરષ નાફને પાઠુ કહીએ, કરણતુલ્ય સનેપાત. ૨૮ રોગ તણો માર બહુ દેખી, જાદવ નાશી જાય; રોગના વરસાદથી કોને, ઉભુ નવ રેહેવાય. ૨૯ રોગના વરસાદથી, ચઢી હરીને રીસ; તાવની ટોળી બાંધીને, છેદવા માંડયાં શીશ. ૩૦ તાવ વાણી બોલીયા, રેહેવાનો આપો ઠામ; તમે મૃજને પેદા કરીને, કયાં મારો ભગવાન. ૩૧ પાપી તમે મૃત્યલોકના, માનવીના લ્યો પ્રાણ; તાવ કહે એ કથા સાંભળો, હરીહર કેરૂં જ્ઞાન. ૩૨ મહારાજ ત્યાં અમે નહી જઇયે, સાંભળો અશરણ શરણ; ચતુર માસમાં સાંભળે, જે કોઇ આ ઓખાહરણ. ૩૩ તેના સ્વપ્નાંતરમાં જોસો તો, છેદી નાંખીશ શીશ; તાવની વાણી સાંભળીને, બોલ્યા શ્રીજુગદીશ. ૩૪ ઓખાહરણ જે સાંભળે, મન ભાવ કરીને જેહ; તેને પીડે તો મારી નાંખુ, એમાં નહીં સંદેહ. ૩૫ તાવ કહે એકવાર સાંભળે, તે વરસમાં ન જાવું; બે વાર જે સાંભળે; તેને દીઠેથી નાશી જાઉં. ૩૬ ત્રણવાર જે સાંભળે, અમારૂ તમારૂ જ્ઞાન; તેને જનમ માંહે નવ પીડું, તમો સાંભળો ભગવાન. ૩૭ ઓખાહરણ જે સાંભળે, તેનુ લેઇએ નામ; કોલ લઈને સંચરયો, ગયો કઈલાશ ધામ. ૩૮ સુકદેવ કહે પરીક્ષતને, તમે સાંભળો કહું રાય; વળતી ભાથા લીડીયા, કઈલાશ કેરે રાય. ૩૯ શાસ્ત્ર એવાં કહાડીયાં, તેનો

કોઈ ન પામે પાર; ઈશને જુગદીશ વઢતાં, કોઈ ન પામે હાર. ૪૦ વજરાસ્ત્ર ત્યાં મેલીયું, પોતે શ્રી ત્રીપુરાર; ત્યારે મોહાસ્ત્ર મેલીયું, સામા રહી દેવ મોરાર. ૪૧ નાગાસ્ત્ર ત્યાં મેલીયું, સામા રહી ઉમીયા ઈશ; ગરૂડાસ્ત્ર ત્યાં મેલ્રીયું, પોતે શ્રી જગદીશ. ૪૨ પર્વતાસ્ત્ર ત્યાં મેલીયું, સામા રહી શીવરાય; ત્યારે વાવાસ્ત્ર ત્યાં મેલીયું, તેનું જોર કહ્યું નવ જાય. ૪૩ સુદરશન ત્યાં કહાડીયુ, કરોધ કરી જુગદીશ; ત્યારે ત્રીસુળને લઈ રહ્યા, પોતે ઉમીયા ઈશ. ૪૪ એકે પોઠીયોને, એકે લીધો ગરૂડ; ત્રીશુળને સુદરશન વળગ્યાં, તે આવ્યાં કડાઝુડ. ૪૫ તેમાંથી અગ્નિ વરસે તે, બ્રહ્માંડ પ્રલે થાય; શેસનાગ શળકવા લાગ્યો, ભાર ન ખમે ધરાય. ૪૬ બ્રહ્માણી કહે છે બ્રહ્માજીને, તમે સાંભળો માહારા નાથ; શીવને શામળીયો વઢે, નારદે કીધો ઉતપાત. ૪૭ રાડ જઈને ચુકવો, તેમાંથી થાય કલ્યાણ; હંસે ચઢીને બ્રહ્માજી; આવ્યા, વિચારીને જ્ઞાન. ૪૮

કડવું ૭૯ મું.

રાગ ધનાશ્રી—આ બેમાં કોને નંદુને, સાંભળો શીવ રણછોડજી: વિરોધને વેગળો મુકીને પુરો જગતના કોડજી. ૧ શંકર કહે છે કૃષ્ણને, તમો કયારે આવ્યા ભગવાનજી; હરીહર બે કોટે વળગ્યા, દીધું ઝાઝું માનજી. ૨ શીવે કૃષ્નને તાળી મારી, બોલ્યાનો વિવેકજી; વઢનારા તો કોઈક હશે પણ, આપણુ એકના એકજી. ૩ કૃષ્ણે ચક્રને પાછુ લીધું, શીવે લીધું ત્રીશુળજી; બ્રહ્માયે આવી સમાધાન કીધું, થયું પૃથ્વીમાં શુલજી. ૪

શીવે લઇને પાસે તેડર્યો, શોણીતપુરનો નાથજી; અલ્યા તુજને ભુજ આલ્યા માટે, વઢવા આવ્યો મુજ સાથજી. ૫ વળી હોંશ હોય તો યુદ્ધ કરો, શામળીયાનો સાથજી; મદ મત્સર અહંકારથી મેં, ખોયા હજાર હાથજી. ૬ બાણાસુર કહે હવે વઢુ તો, છેદે મારૂ શીશજી; બાણ વળતી ચરણે ચાલ્યો, સાંભળો ઉમીયા ઈશજી. ૭ વલણ—મેં ખોયા હાથ હજારને, હવે શીર છેદાવું રે; જેમ તેમ કરીને જાન તેડાવો, પછી કન્યાને પરણાવું રે. ૮

કડવું ૮૦ મું.

રાગ સોહીણી—હરીહર બ્રહ્મા ત્રણે મળ્યા; દુઃખ ભાગીયાંરે; ત્યારે દાનવનું શું જોર; મળ્યા મન માનીયાંરે. ૧ બ્રહ્મા વિષ્ણું ત્રણ એક છે, દુખ ભાગીયાંરે; તેમાં તે શી વઢવાડ, મળ્યા. ૨ શિવે બાણ કૃષ્ણને નમાવિયો, દુઃખ; શરીરે કૃષ્ણે ફેરવ્યો હાથ, મળ્યા. ૩ કાપ્યા કરની પીડા મટી, દુઃખ; જ્યારે પ્રસન્ન થયા જદુનાથ. મળ્યા. ૪ હવે ગરૂડને દ્વારીકાં મોકલ્યા, દુઃખ; તેડાવો સઘળો પરીવાર, મળ્યા. ૫ સોળ સહસ્ત્ર એકસો આઠ પટરાણીયો, દુઃખ; તેડાવો પરીવાર, મળ્યા. ૬ ગરૂડ પ્હોત્યો દ્વારીકાં, દુઃખ; તેડવા જાદવની નાર, મળ્યા, ૭ તેડી છપન્ન કોટીની, દુઃખ; તમો તેડો સઉ પરિવાર, મળ્યા. ૮ તે ગરૂડ ઉપર સઉએ ચઢયાં, દુઃખ; ત્યારે ગરૂડની પાંખ ભરાય, મ૦. ૯ તેડી શ્રોણીતપુરમાં આવીયાં, દુઃખ; આવી જાદવની સરવે નાર, મ૦. ૧૦ જાની વાસ આપ્યા મન માનીયા, દુઃખ;

તેમાં ઉતરયા છપન કરોડ; મ૦ મન માનીયાંરે.

કડવું ૮૧ મું.

રાગ ધોળ—પારવતીને પિયરનાં નોતરડાંરે, બેસવા તો રૂડાં લાવજો પાથરણાંરે; તેડાવોને ઉદીયાચળ અષ્ટાચળરે, તેડાવોને વિંધ્યાચળ પીનાચળરે. વર રાયને નાવણુ વેળા થાયરે, વર રાયને પીડી ત્યાં ચોળાયરે.

કડવું ૮૨ મું.

રાગ ગુજરી—ક્રશ્ન કેરી ઘરૂણી નીંદ્રા નવ પોઢશોરે, અનિરૂદ્ધને તે લઈ સંચરો; રૂક્ષમણી જાગવુંરે બળભદ્ર કેરી ઘરૂણી નીંદ્રા નવ પોઢશોરે, અનિરૂદ્ધને તે લઈ સંચરે; રેવંતી જાગવું રે. વાસુદેવ કેરી ઘરૂણી નીંદ્રા નવ પોઢશોરે, અનિરૂદ્ધને તે લઈ સંચરો; રૂતુમતી જાગવું રે. મહાદેવ કેરી ઘરૂણી નીંદ્રા નવ પોઢશોરે, ઓખાબાઈને તે લઈ સંચરો; પારવતી જાગવુંરે. ગણુપતી કેરી ઘરૂણી નીંદ્રા નવ પોઢશોરે, ઓખાબાઈને તે લઈ સંચરો; સુધ બુધ જાગવુંરે બાણુાસુર કેરી ઘરૂણી નીંદ્રા નવ પોઢશોરે, ઓખાબાઈને તે લઈ સંચરો; બાણુમતી જાગવુ રે. કુંભાંડ કેરી ઘરૂણી નીંદ્રા નવ પોઢશોરે, ઓખાબાઈને તે લઈ સંચરો; રૂપમસ્તુ જાગવું રે.

કડવું ૮૩ મું.

રાગ ધોળ—હલહલ હાથણી શણગારીરે, હરતી ફરતી સોનાની અંબાડીરે; તેના ઉપર બેસે વરજીની માડીરે, સોનેરી કોર કસુંબલ સાડીરે. માથે મોડ ભમરીયાળો ઝળકેરે, ઉછળુ

ઈક વરને કરાવ્યું સ્નાનરે; નાના વીધનાં વસ્ત્ર પેહેરાવ્યાં પરીધાનરે. કનક બેરખા પુર્ચીયા બાજુબંધરે, અનોપમ ઉપન્યો આનંદરે; મુગટ મણીમય ધરયો અનિરૂદ્ધ શીશરે, લળકે ઝળકે ઉદ્દયજ જેવો દીસેરે કસ્તુરીનું તીલક કરયું છે ભાલરે, વળતી તેને ટપકું કરયું છે ગોરે ગાલરે; હરી હળધરનો જશ બોલે બધા જનરે, જાદવ સહિત શોભે છે જુગજીવનરે. સાત પાંચ સોપારી શ્રીફળ અપાયરે, વરજીને તો ઘોડીની વેળા થાયરે.

કડવું ૮૪ મું.

રાગ દેશી ઘોડલીનો—અનીહાંરે અનિરૂધ્ધની ઘોડલી ટેક. અંત્રીક્ષથી ઘોડી ઉતરીરે, પુજીએ કુમકુમ ફુલ; ચંચળ ચરણે ચાલતીરે, એનું કોઈ ન કરી શકે મુલ. અનિરૂધ્ધજીની ઘોડલી. ૧ મોરડે મોતી જડયાંરે, હિરા જડીત્ર પલાણ; રત્ન જડીત જેનાં પેંગડાંરે, તેનાં વેદ કરે છે વખાણ. અનિરૂધ્ધ. ૨ અંગ જેનું અવનવું, ઝળકે તે ઝાક ઝમાળ; ઝબુકે જેમ વીજળીરે, તેને કંઠે છે ઘુઘુરમાળ. અનિરૂદ્ધ. ૩ દેવદાનવ માનવીરે, જોઈ હરખ્યા તે સુંદીર સ્યામ; થનક થનક ચાલતીરે, એનું પંચકલ્યાણી છે નામ. અનિરૂદ્ધ. ૪ રૂપવંતી ઘોડી ઉપર, અનિરૂધ્ધ થયા અસ્વાર; પાનનાં આપ્યાં બીડલાંરે, ઊપર શ્રીફળ ફોફળ સાર. અનિરૂધ્ધ. ૫ હિંડે હળવે હાથીઓરે, ઉલટ અંગ ન માય; સુરીનર મુનીજન જાએ વારણેરે, આગળ ઈંદ્ર રહ્યા છડીદાર. અનિરૂધ્ધ. ૬ સનકાદિક શિર છત્ર ધરેરે,

નારદ વેણાવાય; ચંદ્ર સુરજ બેઉ પેંગડેરે, આગળ વેદ ભણે બ્રહ્માય. અનિરૂધ્ધ. ૭ વાજાં છત્રીસ વાજતાંરે, નગર એને પરદેશ; લોક સર્વે જોવા મળીયું, શ્રોણીતપુર દેશ. અનિરૂધ્ધ. ૮ રાયે નગર શોવરાવીયુંરે, શોવરાવી છે વાટ; ધજાપતાકા જળહળેને, શોવરાવ્યાં શ્રોણીતપુરનાં હાટ. અનિરૂધ્ધ. ૯ દેવ સરવે ત્યાં આવીયારે, જશ બોલે બંદીજન; જાચક કરે બહુ જાચનારે, જેને હરી ટાળે નીરધન, અનિરૂધ્ધ. ૧૦ રામણદીવો કર રૂક્ષમાણીરે, લુણ ઉતારે બેની ધીર; ગ્યાન કરે છે અપસરારે, ત્યાંતો જોવા ઈચ્છે જદુવીર. અનિરૂધ્ધ. ૧૧ એવી શોભાયે વર આવીયારે, તોપણ ખોટી થાય વર રાય; સાળો છાંટે છાંટણારે, મળી માનુંની મંગળ ગાય, અનિરૂદ્ધ. ૧૨ ધુસળ મુસળ રવઈયોરે, સરીયો સંપુટ ત્રાક; ઈંડી પીડી ઉતારતાંરે, વરનું તીલક કરી તાણ્યું નાક. અનિરૂધ્ધ. ૧૩ નાચે અપ્સરા ઈંદ્રનીરે, નારદ તુમુર વાય; મધુરી વાણી વાજતીરે, એવો આનંદ ઓછવ થાય. અનિરૂધ્ધ. ૧૪ પુંખવા આવી પ્રેમદારે, માથે મેલી મોડ; રામણદીવો જળહળેરે, રૂક્ષમણી ઘાલ્યો મોડ. અનિરૂધ્ધ. ૧૫ ગળે ઘાટ ઘાલી તાણીયારે, આવ્યા માંહેરા માંહ્ય; આડા સંપુટ દેવરાવીયારે, ત્યાં વરત્યો છે જેજેકાર. અનિરૂધ્ધ. ૧૬ થોડી ગાયને સાંભળે, તેને ગંગા કેરૂ સ્નાન; વાંઝીયો પામે પુત્રનેરે, નીરધનીયો પામે ધન. અનિરૂધ્ધ. ૧૭

કડવું ૮૫ મું.

બાણાસુર પખાળે ચરણ—શોભા ઘણેરીરે, ત્યાં તો બાણ-

મતી નામ વરૂણ, શોભા ઘણેરીરે. ૧ ત્યાં તો પેહેલું મંગળ વરતાય, શોભા ઘણેરીરે; પેહેલે મંગળ સોનાનાં દાન અપાય, શોભા. ૨ દાન લેછે કૃષ્ણનો સંતાન, શોભા; ત્યાં તો બીજુ મંગળ વરતાય, શોભા. ૩ બીજે મંગળ ધેનુનાં દાન અપાય, શોભા; ત્યાં તો ત્રીજુ મંગળ વરતાય. શોભા. ૪ મંગળ હસ્તીનાં દાન અપાય, દાન લેછે કૃષ્ણ તણો સંતાન, શોભા. ૫ ત્યાં તો ચોથુ મંગળ વરતાય, શોભા; ચોથે મંગળ કન્યાનાં દાન અપાય, શોભા. ૬ ત્યાં તો વરત્યાં છે મંગળ ચાર, શોભા; આપે ગરથ સહીત ભંડાર, શોભા. ૭ લાવે બાણમતી કંસાર, શોભા; ત્યાં તો પીરસે છે ચાર વાર, શોભા. ૮ ત્યાં તો આરોગે નરનાર, શોભા; ત્યાં તો દુધડે સ્નાન કરાવે, શોભા. ૯ ચાર સોભાગ્યવંતી બોલાવે, શોભા; ઓખા સોભાગ્વંતી કહેવરાવે, શોભા. ૧૦ ઓખા અનિરૂધ્ધ પરણીને ઉઠયાં, શોભા; ત્યાં તો સોનૈયે મેહ વુઠયા, શોભા ઘણેરીરે. ૧૧

કડવું ૮૬ મું.

બાણાસુર ગોરવ નોતરે, સૌકો સાથસુરે: સાથે જમણની શી રીત, હળધર ભ્રાતશુરે; શ્રી કૃષ્ણ કરે પ્રણામ, હળધર ભ્રાત શુંરે. તમો ગોરવ વેળા પધારજો, સૌકો આવજોરે; સાથે માણસની શી રીત, ગમે તેને લાવજોરે. વેવાણો ઘરમાં ગઈ, જ્યાં વરની માવડીરે; તેના કુમકુમ રોળ્યા પાય, જઈ પાયે પડીરે. અનિરૂધની માવડી બોલીયાં, રીત અમારડીરે. તમારી પરઠણ જેહ, મનાવુ ગોરડીરે; બાણમતી બોલીયાં રીત અમારડીરે, ગોરવ

મનાવીને ચાલીયાં, મનશું માલતાંરે. હાલહાલ કરે રસોઈ રાંધણુ ચાલતાંરે, જાન બહુ પ્રકારની ગણતાં કાંઈ નવિ લહુરે; કાંઈ વસ્તુ અનેક, ગણતાં સઉ કહુરે, જાદવ કેરી જોડ, સઉકો સાથશુંરે; આવ્યા શ્રીકૃષ્ણ માહારાજ, છપન કોડશુંરે; વેવાઈની વાત કાંઈક સાંભળીરે; ભોજન કરવા ઠામ, જુગતીઓ ભલીરે, આજ્ઞા આપી રાય, સઉકો બેઠા થયારે; એતો સ્નાન કરી મંદીરમાં ગયાંરે. સ્મરણ કીધુ નાથનું, બેઠા બેસણેરે; નવજોબનવંતી નાર, નીકળી પિરસણેરે. ચકમકના તકીયા ઘણા, ઝારાને લોટડારે; માંહે બેસણ બહુ વિવેક, દીસે પુટડારે. બાવન પરની થાળી સોનાના વાડકારે; પિરસનારી પ્રમાણ, જમનારા લાડકારે. ખાંડ પકવાનના મેવા બહુ ઘણારે; પુરણને દુધપાક સાકરીયા ચણારે. ગોટા ગળિયા તડબુચા, આંબા સાખશુરે; પિસ્તાંને અખરોડ દાઢમ દ્રાખશુરે. તલસાંકળી મોળાં દહિથરાં સેવ છુટી કળીરે. બોબલડે પીરસે ખાંડ, મરકી બેવડીરે. ખાજાં જલેબી દસમી દળીયાં મશમસેરે, ઘેબરને મોતીચુર, જમતાં સહુ હસેરે. મગદળને મેસુર પેંડા લાવીઆરે, પકવાન બીજા અનેક, લાખણુશી ભાવીઆરે. બાટ બંધટો રાંધીયો માંહે ખાંડ ભેળીરે; ગવરીનાં તાવ્યાં ઘી, સેવો ગળગળીરે. સારો કરયો કંસાર, પોળી પાતલીરે, શાકરની મીઠાશ, આણી કચોળેભરીરે. જમવા બેઠી નાર, જાદવની બાપડીરે, જમતાં કહો ભલાંરે લવિંગ સોપારી એલચી, પાન સમારીઆંરે, બીંડલે બાસઠ પાન, સઉને આપિઆંરે; ભોજન હતુ શ્રી

કૃષ્ણનું, તે સરવે જમ્યુરે; પ્રેમાનંદના નાથ, ત્યાં વહાણુ થયુંરે.

કડવું ૮૭ મું.

રાગ પેહેરામણીનો—આપ્યું મુકયું સરવે પોકર્યું, કન્યાને વળાવો; મહારા નવલા વેવઈઓરે. રથ ઘોડાને પામરીયો, સૌ જાદવને બંધાવો; માહારા નવલા વેવાઈઓ. જરકશી જામા તમે કૃષ્ણને પેહેરાવો; માહારા નવલા વેવાઈઓ. પંચવસ્ત્રને શણગાર, તમે જમાત્રને આપો; માહારા. દક્ષીણનાં ચીર રાણી, રૂક્ષમણીને આપો; માહારા. જરી મુગટને શાલદોશાલા, જાદવને તમે આપો; માહારા. સાળુ ઘરચોળાંને, ઘાટ ઘણેરા સતી સતભામાને આપો; માહારા નવલા વેવાઈઓ. પાટણનાં પટોળાં, રાણી જાબુવંતીને આપો; માહારા નવલા વેવાઈઓ. વલણ—પેરામણી પુરણ થઈ, હઈડે હરખ ન માયરે; કન્યા તેડી કોડે કરી, હવે કૃષ્ણ દ્વારીકાં જાયરે.

કડવું ૮૮ મું.

રાગ વેરાડી—ઓખા ચાલી ચાહણ હાર, સઈયરો વળાવા સંચરી; ઓખા ઉભી રેહે મળતી જા, માને વહાલી દીકરી. કોઈ લાવે એકાવળ હાર, લાવે સોનાનાં સાંકળાં; કોઈ લાવે સોળ શણગાર, ઓખાબાઈને પેહેરવા. ઓખાને વળતાં બોલીઆં કહે બાઈરે, ચિત્રલેહા આવ ઓરી લાવ્ય વાહરે; આલે સોનાનાં સાંકળાં બોલ્યાં બાઈરે, શું કરે સોનાનાં બોલ્યાં બાઈરે, તારા ગુણ ઓશીંગણ થાઉ બોલ્યાં બાઈરે, નીત નોત ગોમતીને રણછોડ આવ્યા નાહીરે; ત્યાં મુજને સંભારજયો

બાઈરે, એટલે પોહોચ્યા મનના કોડ લાવ્યા લાહીરે.

કડવું ૮૯ મું.

રાગ ધોળની દેશી—ઓખાબાઈતો સાસરીયે હવે જાયરે, માનની તો મળીને મંગળ ગાયરે; રથ અગ્ર પઈડુ ત્યાં શ્રીફળે સીંચાયરે, ઓખાબાઈને લાડ કચોળુ અપાયરે, ઓખાબાઈને શીખામણ દેછે માયરે.

કડવું ૯૦ મું.

રાગ બીભાસ—સાસરીયાના સાથમાં, તું ડાહી થજે દીકરી; હું તુજને શીખામણ દેઉ, તે રખે જતી વીસરી. સાસરીયાના સાથમાં હળવે ચાલીયે; સાસરીયાના સાથમાં ખોળે ખાવું ન ઘાલીયે. સાસરીયાના સાથમાં કંથ સારૂ માલીયે, સાસરીયાના સાથમાં સઈડકો આઘો તાંણીયે; સાસરીયાના સાથમાં સસરો બેઠા હોયતો, પિતાના ઠેકાણે જાણીયે, સાથમાં કુવે વાત ન કીજીયે; સાસરીયાના સાથમાં પર પુરૂષ આવતો હોયતો વાત કરતાં બીજીયે, સાસરીયાના સાથમાં સાસુને ગાળ ન દીજીયે; સાસરીયાના સાથમાં ઢુકી પાણી નવ લીજીયે, સાસરીયાના સાથમાં પર પુરૂષની હલશી તાળી નવ લીજીયે; પેઉજીને પરમેશ્વર જાણી, પગ ધોઇ પીજીએ.

કડવું ૯૧ મું.

રાગ ફટાણાની ચાલ—આવ્યો દ્વારીકાંનો ચોર, લાખેણી લાડી લેઇ વળ્યોરે; જેણે વગડે ચાર્યાં ઢોર, લાખેણી. હાર્યો હાર્યો બાણાસુર રાય, કલ્યાણ રાય ઝીતીયારે; વેગે વહીને

આવ્યા છે દ્વારીકાંની માંય, કેશવરાય ઝીતીયારે; રાણી રૂક્ષમાણીએ વધાવી ને લીધા ત્રીકમરાય ઝીતીયારે, તેતો પુરાણે પ્રસીદ્ધ, ઢીગલમમ ઝીતીયારે. તેતો ગોત્રજ આગળ જાય, કલ્યાણ રાય ઝીતીયારે, બંનેનાં હાથ કાંકણ મીઢળ છોડાય, કલ્યાણ રાય ઝીતીયારે.

કડવું ૯૨ મું.

રાગ ધોળ મંગળ—તારા બાપનો બાપ તેડાવ, છોગાળા દોરડો નવ છુટે: તારો કૃષ્ણ વડઉઓ તેડાવ, છબીલા દોરડો નવ છુટે. તારી રૂક્ષમાણી માત તેડાવ, છબીલા; તારો પ્રદયુમન તાત તેડાવ, છબીલા. તારી રતુમતી માત તેડાવ, છબીલા; બ્રહ્માની વાળી ગાંઠ તે કેમ છુટી જાય. છબીલા. તારો બળભદ્ર કાકો તેડાવ, છબીલા; તારી રેવતી કાકી તેડાવ, છબીલા. અનિરૂધ્ધે બાંધી ગાંઠ, દોરડો ઓખા છોડવા જાય; છબીલા દોરડો નવ છુટે; બેઠી ગાંઠ, કરીને તે કેમ છુટી જાય. હો લાડી તારો બાણાસુર તાત તેડાવ, હો લાડી; તારી બાણમતી માત તેડાવ, હો લાડી, તારો શંકર તાત તેડાવ, હો લાડી, દોરડો નવ છુટે. તારાં પારવતી માત તેડાવ, હો લાડી; તારો ગણપતી ભ્રાત તેડાવ, હો લાડી દોરડો નવ છુટે. તારી સુધ બુધ ભોજાઈ તેડાવ હો લાડી દોરડો નવ છુટે; તારી ચીત્રલેહા ચોર તેડાવ, લાડી દોરડો નવ છુટે. ઓખા છોડે દોરડો, તે જાદવ જુવંતી ગાય; છબીલા દોરડો કેમ છુટે. બેઠી ગાંઠ તે ચડ કરીને તે કેમ છુટી જાય, છબીલા દોરડો કેમ છુટે.

કડવું ૯૩ મું.

રાગ ધનાશ્રી.—રીતભાત પરિપુરણ કરીને, ઉઠયા કૃષ્ણના તનજી, નવુરે મંદીર વસવાને ત્યાં, આપ્યુંરે ભોવનજી. એકવાર શ્રી કૃષ્ણે ઓખાને, ખોળામાંહે બેસારીજી; માગવું હોય તે માગી લેજે, તુંછે વહુવર અમારીજી. મારા બાપને એક દીકરો, તમો આપોરે ભગવાનજી; ભગવાને આપ્યો દીકરો, તેનું ગયાસુર નામજી. બાણાસુરનો ગયાસુર, વંશવધારણ હારજી; કહી કથાને સંદેહ ભાગ્યો, પરીક્ષત લાગ્યો પાયજી. શુકજી અમને પાવન કીધા, સંભળાવ્યો મહિમાયજી; આરાધુ ઈષ્ટ ગુરૂ દેવને, ગણપતીને લાગુ પાયજી. શ્રોતા વકતા સમજતા, કહે કવિ કરજોડજી; ભાવધરી સહુ બોલજયો, જેજે શ્રી રણછોડજી.

ઈતિ શ્રી ભાગવતે માહા પુરાણે દસમસ્કંધે શ્રી શુકદેવ પરિક્ષત સંવાદે પ્રેમાનંદ કૃત ઓખાહરણ સંપુર્ણ.

અચ્યુતં કેશવં રામનારાયણં ।। કૃષ્ણ દામોદરં વાસુદેવ હરે ।। શ્રીધરં માધવં ગોપિકા વલ્લભં ।। જાનકિ વિનાયક રામચંદ્ર ભજેત. ।। ૧ ।।

સમાપ્ત.